12 ₹ 15,000ના માલનું વેચાણ કર્યું.

15 ₹ 10,000નું યંત્ર ક્રિમાને ₹ 3000માં વેચી દીધું.

23 શીમોલીને ₹ 15,000નો માલ 10 % વેપારીવટાવે વેચ્યો અને શીમોલીએ 50 % નાણાં તરત જ ચૂકવી આપ્યા. બિલ નં. 90

28 રિદ્ધિને ₹ 20,000ના માલનું વેચાણ 10 % રોકડવટાવે રોકડેથી કર્યું.

29 મીત પાસેથી ₹ 15,000નો માલ મોકલવાનો ઑર્ડર મળ્યો.

30 વ્રજને ₹ 30,000નો માલ 10 % વેપારીવટાવે વેચ્યો. બિલ નંબર 95

**8. નીચેના વ્યવહારો પરથી નીતિન સ્ટોર્સ કે જે કાપડના વેપારી છે, તેમના ચોપડે ખાનાંવાળી વેચાણનોંધ તૈયાર કરો. નિતીન સ્ટોર્સ સુતરાઉ, ખાદી અને રેશમ એમ ત્રણ પ્રકારનાં કાપડની લે-વેચનો ધંધો કરે છે.**

2018

મે 1 જાનકી સ્ટોર્સને 100 મીટર સુતરાઉ કાપડ, મીટર દીઠ ₹ 40ના ભાવે, 200 મીટર ખાદી, મીટર દીઠ ₹ 20ના ભાવે 50 મીટર રેશમ મીટરદીઠ ₹ 200ના ભાવે 10 % વેપારીવટાવે વેચ્યું. શાખની મુદત 3 માસ. બિલ નં. 125

8 ગોપી ટ્રેડર્સને 200 મીટર સુતરાઉ કાપડ, મીટર દીઠ ₹ 60ના ભાવે અને 80 મીટર રેશમ મીટર દીઠ ₹ 190ના ભાવે 10 % વેપારીવટાવે બે માસની શાખ પર વેચ્યાં. તેમને બિલ નંબર 126 મોકલી આપ્યું. ગોપી ટ્રેડર્સે તરત જ અડધાં નાણાં રોકડેથી ચૂકવી આપ્યા.

15 નિસર્ગ ટ્રેડિંગ કંપનીને 100 મીટર ખાદી અને 50 મીટર રેશમ અનુક્રમે ₹ 40 અને ₹ 200ના ભાવે વેચ્યાં. નિસર્ગ ટ્રેડિંગ કંપનીએ 10 % વેપારીવટાવ અને 10 % રોકડવટાવે નાણાં ચેકથી તરત જ ચૂકવી દીધાં. બિલ નં. 127.

20 પ્રીતિ સ્ટોર્સે 40 મીટર ખાદી, 60 મીટર સુતરાઉ કાપડ અને 100 મીટર રેશમ કાપડ મોકલવાનો ઑર્ડર આપ્યો.

22 પ્રીતિ સ્ટોર્સને બિલ નં. 128 હેઠળ ઑર્ડર પ્રમાણેનો માલ અનુક્રમે ₹ 30 મીટર દીઠ, ₹ 50 મીટર દીઠ અને ₹ 220 મીટર દીઠ ભાવે 10 % વેપારીવટાવે મોકલી આપ્યો.

26 દેસાઈ ઍન્ડ કંપનીને ₹ 15,000નું સુતરાઉ કાપડ 10 % વેપારીવટાવે વેચ્યું. બિલ નં. 129

30 ડીસીએમ સ્ટોર્સને ₹ 20,000ની ખાદી 5 % વેપારીવટાવે, 18 % વસેક ચઢાવીને બિલ નં. 130 મોકલી આપ્યું.

**9. નીચેના વ્યવહારો પરથી નવસારીના સચીન સ્ટોર્સના ચોપડે ખર્ચ સહિતની વેચાણનોંધ તૈયાર કરો. સચીન સ્ટોર્સ વસેક, રેલવેનૂર અને મજૂરી જેવા ખર્ચાની નોંધ રાખે છે. કુલ 18 % વસેક દરના આધારે વેચાણનોંધ તૈયાર કરો. નીચેના વ્યવહારોની રકમમાં વસેકનો સમાવેશ થયેલ નથી. લાગુ પડતા વસેકની રકમ ઉમેરીને વેચાણનોંધ લખો.**

2018

ડિસે. 1 ધોની સ્ટોર્સને ₹ 60,000નો માલ 10 % વેપારીવટાવે વેચ્યો. રેલવેનૂર ₹ 2000. બિલ નં. 101

10 ગેંગટોક (સિક્કિમ)ના વિરાટ સ્ટોર્સને ₹ 40,000નો માલ 10 % વેપારીવટાવે રોકડેથી વેચ્યો. મજૂરીના ₹ 200 વસૂલી લીધા.

16 રૈનાને ₹ 30,000નો માલ 5 % વેપારીવટાવે 1 માસની શાખ પર વેચ્યો. ₹ 500 મજૂરી અને ₹ 1000 રેલવેનૂરની રકમ બિલ નં. 110માં ઉમેરીને બિલ મોકલી આપ્યું.

20 જાડેજા સ્ટોર્સને એક યંત્ર ₹ 35,000માં વેચી દીધું જેના માટે મજૂરીપેટે ₹ 700 ચૂકવ્યાં. જાડેજા સ્ટોર્સે 15 દિવસમાં નાણાં ચૂકવવાની બાંહેધરી આપી.

25 જોધપુર (રાજસ્થાન)નાં રોહિતને ₹ 25,000નો માલ 5 % વેપારીવટાવે, 1 માસની શાખ પર વેચ્યો. રેલવેનૂર ₹ 1000. રોહિતે કુલ રકમનાં અડધાં નાણાં તરત જ ચૂકવી આપ્યાં. બિલ નં. 115

30 કોલકતા (પશ્ચિમ બંગાળ)ના ઉમેશને ₹ 15,000નો માલ 10 % વેપારીવટાવે 1 માસની શાખ પર વેચ્યો. રેલવેનૂરના ₹ 1000 બિલ નં. 118માં ઉમેરીને મોકલી આપ્યું.

31 યુવરાજ પાસેથી ₹ 70,000નો માલ મોકલવાનો ઑર્ડર મળ્યો.

**10. નીચેના વ્યવહારો પરથી ગુજરાત સ્ટોર્સના ચોપડે ખરીદનોંધ અને ખરીદપરત નોંધ તૈયાર કરો :**

2018

જાન્યુ. 1 ₹ 1,00,000નો માલ પંજાબ સ્ટોર્સમાંથી 5 % વેપારીવટાવે ખરીદ્યો.

3 મહારાષ્ટ્ર સ્ટોર્સ પાસેથી ₹ 60,000નો માલ ખરીદ્યો. શાખનો સમય 1 માસ. વેપારીવટાવ 10 %, બિલ નં. 330

10 ₹ 50,000નો માલ કેરાલા સ્ટોર્સ પાસેથી શાખ પર ખરીદ્યો અને 50 % ભાગનાં નાણાં તરત જ ચૂકવી આપ્યા.

17 મહારાષ્ટ્ર સ્ટોર્સ પાસેથી ખરીદેલ માલમાંથી 1/3 ભાગનો માલ પરત કરી દીધો. માલની સાથે યોગ્ય રકમની ઉધારચિઠ્ઠી નં. 43 મોકલી આપી.

21 રાજસ્થાન સ્ટોર્સ પાસેથી ₹ 40,000નો માલ 10 % વેપારીવટાવે ખરીદ્યો. રાજસ્થાન સ્ટોર્સે 5 % વસેક અને મજૂરીના ₹ 400 ચઢાવીને બિલ નં. 160 મોકલી આપ્યું.

25 ઉત્તરપ્રદેશ સ્ટોર્સમાંથી ₹ 50,000નો માલ શાખ પર ખરીદ્યો. શાખની મુદત 2 માસ, વેપારીવટાવ 10 %, બિલ નં. 380.

29 ઉત્તરપ્રદેશ સ્ટોર્સ પાસેથી ખરીદેલ માલમાંથી 30 % માલ પરત કરી દીધો અને માલની સાથે ઉધારચિઠ્ઠી નંબર 44 મોકલી આપી.

30 મધ્યપ્રદેશ સ્ટોર્સમાંથી ₹ 80,000નો માલ 10 % વેપારીવટાવે ખરીદવાનો ઑર્ડર મૂક્યો.

31 હરિયાણા સ્ટોર્સમાંથી ₹ 30,000નો માલ 10 % વેપારીવટાવે અને 5 % રોકડવટાવે રોકડેથી ખરીદ્યો.

**11. નીચેના વ્યવહારો પરથી પ્રતિભા ફર્નિચર માર્ટના ચોપડે વેચાણનોંધ અને વેચાણપરત નોંધ તૈયાર કરો :**

2018

સપ્ટે. 1 ₹ 10,000નો માલ 10 % રોકડવટાવે રાજેશ ફર્નિચર માર્ટને વેચ્યો. તેણે અડધા નાણાં તરત જ ચૂકવી આપ્યાં.

5 ₹ 8000નો માલ 10 % વેપારીવટાવે અને 5 % રોકડવટાવે પુષ્પાને વેચ્યો. શાખનો સમય 1 માસ, મજૂરી પેટે ₹ 100 ચઢાવીને બિલ નં. 130 મોકલી આપ્યું.

12 ₹ 4000નો માલ 10 % વેપારીવટાવે અને 5 % રોકડવટાવે વેચી દીધો.

15 રાજેશ ફર્નિચર માર્ટે ₹ 5000નો માલ પરત કર્યો. માલપરત મળ્યો તેથી તેને જમાચિઠ્ઠી નં. 16 મોકલી આપી.

20 એક જૂનું યંત્ર ₹ 3000માં શાખ પર મંજુને વેચ્યું. શાખનો સમય 1 માસ.

22 ₹ 30,000નો માલ હરીશને 5 % વેપારીવટાવે વેચ્યો. 5 % વસેક અને ₹ 200 મજૂરીના ચઢાવીને બિલ નં. 136 મોકલાવી આપ્યું.

23 ₹ 20,000નો માલ એક માસની શાખ પર નીતાને વેચ્યો. વેપારીવટાવ 10 %, રોકડવટાવ 10 %

30 ₹ 15,000નો માલ મોકલવાનો ઑર્ડર મૂકેશ પાસેથી મળ્યો.

**12. નીચેના વ્યવહારો પરથી શ્રી પી. કે. સ્ટોર્સના ચોપડે ખરીદનોંધ, વેચાણનોંધ, ખરીદપરત નોંધ અને વેચાણપરત નોંધ તૈયાર કરો :**

2015

નવે. 1 રામાનુજ પાસેથી ₹ 30,000નો માલ ખરીદ્યો. 10 % વેપારીવટાવ. બિલ નં. 120.

4 નિર્મી પાસેથી ₹ 12,000નો માલ 10 % રોકડવટાવે ખરીદ્યો. શાખ 1 માસ. બિલ નં. 130.

6 સુરેશને ₹ 15,000નો માલ 5 % વેપારીવટાવે વેચ્યો. રોકડવટાવ 3 %. બિલ નં. 350.

11 ₹ 10,000નો માલ ખરીદ્યો. કૅશમેમો નં. 58.

15 સુરેશે ₹ 3000નો માલ પરત કર્યો, જેની સામે જમાચિઠ્ઠી નં. 20 મોકલી આપી.

17 નિર્મીને 40 % માલ પરત કર્યો અને ઉધારચિઠ્ઠી નંબર 17 મોકલી આપી.

19 શ્રી સરસ્વતી ફર્નિચર માર્ટમાંથી ₹ 7000નું ફર્નિચર ખરીદ્યું.

20 આંટી પાસેથી ₹ 90,000નો માલ ખરીદ્યો. અડધા નાણાં તરત જ ચૂકવી દીધાં.

21 આંટી પાસેથી ખરીદેલ બધો જ માલ બાલાને ₹ 1,08,000માં વેચી દીધો. શાખ 1 માસ. વેપારીવટાવ 10 %, બિલ નં. 360.

23 બાલા પાસેથી અડધો માલ પરત આવ્યો, જે માલ આંટીને મોકલી આપવામાં આવ્યો.

24 કરણે ₹ 30,000નો માલ 10 % વેપારીવટાવે મોકલી આપવાનો ઑર્ડર આપ્યો.

25 કરણને ઑર્ડર પ્રમાણે માલ મોકલી આપ્યો. મજૂરીના ₹ 500 ઉમેર્યા. બિલ નં. 365.

26 રોકડ ખરીદી ₹ 16,000 અને રોકડ વેચાણ ₹ 20,000.

27 સ્વીટુને ₹ 10,000નો માલ ઑક્ટોબરમાં ખરીદેલ તે પરત કર્યો અને ઉધારચિઠ્ઠી નં. 20 મોકલી આપી.

30 કરણે અડધો માલ પરત કર્યો અને પ્રમાણસર મજૂરીની રકમ મજરે આપવામાં આવી.

**13. નીચેના વ્યવહારો પરથી સુરેન્દ્રનગરના શ્રી સાજન ટ્રેડર્સના ચોપડે વિવિધ પેટાનોંધો ખર્ચની રકમ સહિત તૈયાર કરો. કુલ 12 % વસેક દરના આધારે પેટાનોંધ તૈયાર કરો. નીચેના વ્યવહારોની રકમમાં વસેકનો સમાવેશ થયેલ નથી. લાગુ પડતા વસેકની રકમ ઉમેરીને પેટાનોંધ તૈયાર કરો.**

2019

ઑગસ્ટ 1 ₹ 20,000નો માલ વીરમગામ સ્ટોર્સ પાસેથી 10 % વેપારીવટાવે ખરીદ્યો. રેલવેનૂરના ₹ 1000. ભરતિયા નં. 171.

5 ₹ 30,000નો માલ વારાણસી (યુ.પી.)ના મનીષા પાસેથી ખરીદ્યો. રેલવેનૂર ₹ 1200, મજૂરી ₹ 400. ભરતિયા નં. 204.

11 ₹ 15,000નો માલ દત્તુ કૉર્પોરેશનને 10 % વેપારીવટાવે વેચ્યો. મજૂરી ₹ 600, રેલવેનૂર ₹ 900. ભરતિયા નં. 231.

16 મનીષા પાસેથી ખરીદેલ બધો જ માલ મૂળકિંમત પર 20 % નફો ચઢાવીને મુંબઈ (મહારાષ્ટ્ર)ના આલિયાને વેચ્યો. રેલવેનૂર ₹ 1200, મજૂરી ₹ 300. શાખની મુદત 1 માસ. ભરતિયા નંબર 232.

18 આલિયાએ 50 % માલ પરત કર્યો અને વસેક, રેલવેનૂર અને મજૂરીની પ્રમાણસર રકમ મજરે આપી. જમાચિઠ્ઠી નં. 15. આ માલ તરત જ મનીષાને પરત કર્યો. વસેક, રેલવેનૂર અને મજૂરીની પ્રમાણસર રકમ મજરે મળી. ઉધારચિઠ્ઠી નં. 30.

20 ₹ 30,000નો માલ શ્રેષ્ઠ કૉર્પોરેશનને વેચ્યો. મજૂરી ₹ 250, રેલવેનૂર ₹ 600. ભરતિયા નંબર 240.

25 ગાંધી ફર્નિચર માર્ટમાંથી ₹ 18,000નું ફર્નિચર ખરીદ્યું. ભરતિયા નં. 120

27 દત્તુ કૉર્પોરેશને 50 % માલ પરત કર્યો. તેમને રેલવેનૂર, મજૂરી અને વસેકની પ્રમાણસર રકમ મજરે

આપી. જમાચિઠ્ઠી નં. 16.

28 રાજુ પાસેથી ₹ 10,000નો માલ રોકડેથી ખરીદ્યો.

30 કનુને ₹ 15,000નો માલ 5 % રોકડ વટાવે રોકડેથી વેચ્યો.

**14. નીચેના વ્યવહારો પરથી નિર્મી સ્પોટ્ર્સ સ્ટોર્સના ચોપડે ખાનાંવાળી પેટાનોંધો એટલે કે ખરીદનોંધ, ખરીદપરત નોંધ, વેચાણનોંધ અને વેચાણપરત નોંધ તૈયાર કરો.**

2015

મે 1 સાનિયા પાસેથી નીચેનો માલ 10 % વેપારીવટાવે અને 5 % રોકડવટાવે 1 માસની શાખ પર ખરીદ્યો.

બૉલ નંગ 200 દર ₹ 150ના ભાવે નંગદીઠ

બૅટ નંગ 100 દર ₹ 800ના ભાવે નંગદીઠ

સ્ટમ્પ જોડી 50 દર ₹ 300ના ભાવે જોડી દીઠ.

5 મલિકને નીચેનો માલ 5 % વેપારીવટાવે વેચ્યો.

બૉલ નંગ 60 દર ₹ 250ના ભાવે નંગદીઠ

બૅટ નંગ 30 દર ₹ 1000ના ભાવે નંગદીઠ

સ્ટમ્પ જોડી 10 દર ₹ 500ના ભાવે જોડી દીઠ.

10 કપિલ પાસેથી નીચેનો માલ 10 % વેપારીવટાવે ખરીદ્યો.

બૉલ નંગ 30 દર ₹ 160ના ભાવે નંગદીઠ

બૅટ નંગ 20 દર ₹ 1200ના ભાવે નંગદીઠ

સ્ટમ્પ જોડી 6 દર ₹ 400ના ભાવે જોડી દીઠ.

13 નીચેનો માલ યુસુફને 5 % વેપારીવટાવે વેચ્યો.

બૉલ નંગ 40 દર ₹ 200ના ભાવે નંગદીઠ

બૅટ નંગ 30 દર ₹ 1300ના ભાવે નંગદીઠ

સ્ટમ્પ જોડી 10 દર ₹ 700ના ભાવે જોડી દીઠ.

15 યુસુફે અડધો માલ પરત કર્યો. તેને જમા ચિઠ્ઠી નં. 21 મોકલી આપી.

20 સાનિયાને નીચે પ્રમાણેનો માલ પરત કર્યો :

બૉલ નંગ 10

બૅટ નંગ 5

સ્ટમ્પ જોડી 3

25 કપિલ પાસેથી ખરીદેલ માલમાંથી અડધો માલ 20 % નફો ચઢાવીને સેહવાગને વેચ્યો.

27 સેહવાગે બધો માલ પરત કર્યો, જે કપિલને મોકલી આપ્યો.

30 રોકડ ખરીદી

બૉલ નંગ 60 દર ₹ 120ના ભાવે નંગદીઠ

બૅટ નંગ 50 દર ₹ 400ના ભાવે નંગદીઠ

સ્ટમ્પ જોડી 10 દર ₹ 200ના ભાવે જોડી દીઠ.

રોકડ વેચાણ

બૉલ નંગ 40 દર ₹ 200ના ભાવે નંગદીઠ

બૅટ નંગ 30 દર ₹ 800ના ભાવે નંગદીઠ

◆

# 7

# રોકડમેળ અને તેના પ્રકારો
# (Cash Book and Its Types)

| | | | |
|---|---|---|---|
| 1. | પ્રસ્તાવના | 5. | ઈલેક્ટ્રોનિક બૅન્કિંગ વ્યવહારો |
| 2. | રોકડમેળનો અર્થ | 6. | બૅન્કબુક |
| 3. | રોકડમેળની ઉપયોગિતા કે મહત્ત્વ | 7. | પેટા રોકડમેળ |
| 4. | રોકડમેળના પ્રકાર | 8. | પેટા રોકડમેળના પ્રકાર – સ્વાધ્યાય |

## 1. પ્રસ્તાવના (Introduction)

આપણે અગાઉ પેટાનોંધોના પ્રકરણમાં કેટલીક પેટાનોંધોનો અભ્યાસ કર્યો. આ પ્રકરણમાં આપણે પેટાનોંધના મહત્ત્વના પ્રકાર રોકડમેળ (Cash book)નો અભ્યાસ કરીશું. રોકડમેળ એ એક પ્રકારની પેટાનોંધ છે.

સામાન્ય રીતે કોઈ પણ પ્રકારના વ્યવસાય કે ધંધામાં બે પ્રકારના વ્યવહારો જોવા મળે છે :

(1) રોકડ વ્યવહારો (Cash transactions)

(2) ઉધાર કે શાખના વ્યવહારો (Credit transactions)

શાખના વ્યવહારો પણ ભવિષ્યમાં રોકડ વ્યવહારોમાં જ પરિણમે છે. દા.ત., જો માલનું ઉધાર/શાખ પર વેચાણ કરવામાં આવે તો તે હાલ પૂરતો શાખનો વ્યવહાર છે; પરંતુ ભવિષ્યમાં નિશ્ચિત સમયે તે વેચાણ માટે ઊપજ થાય છે અને તે સમયે ઉધાર વ્યવહાર રોકડ વ્યવહારમાં પરિણમે છે. રોકડ વ્યવહારોની નોંધ માટે આમનોંધના પેટાવિભાગ તરીકે રોકડમેળ ચોપડાની વ્યવસ્થા છે.

## 2. રોકડમેળનો અર્થ (Meaning of Cash Book)

''રોકડ વ્યવહારોની નોંધ રાખવા માટે તૈયાર કરવામાં આવતી પેટાનોંધને રોકડમેળ કહેવાય.''

રોકડમેળમાં રોકડ વ્યવહારોની નોંધ કરવામાં આવે છે. રોકડ આવક અને જાવકની નોંધ રોકડમેળમાં કરવામાં આવે છે. રોકડમેળ પરથી નિયત સમયના અંતે રોકડસિલક (Cash balance) જાણી શકાય છે.

રોકડમેળ એ આમનોંધ અને રોકડખાતા એમ બંનેની ગરજ સારે છે, કારણ કે રોકડમેળ એ ખાતાંના સ્વરૂપે તૈયાર કરવામાં આવે છે. રોકડમેળની ઉધાર બાજુ આવક કે આય બાજુ અને જમા બાજુ જાવક કે વ્યય બાજુ તરીકે ઓળખવામાં આવે છે.

## 3. રોકડમેળની ઉપયોગિતા કે મહત્ત્વ (Utility / Importance of the Cash Book)

**(1) સમય અને શ્રમનો બચાવ :** રોકડ વ્યવહારોને આમનોંધમાં નોંધ્યા વિના સીધા જ રોકડમેળમાં નોંધવામાં આવે છે, તેથી રોકડ ખાતું અલગ બનાવવું પડતું નથી. એટલે કહી શકાય કે રોકડમેળ એ આમનોંધ અને રોકડખાતા બંનેની ગરજ સારે છે, તેથી સમય અને શ્રમનો પણ બચાવ થાય છે.

**(2) શ્રમવિભાજનનો લાભ :** રોકડમેળ આમનોંધથી અલગ રાખવામાં આવતો હોવાથી, તેને તૈયાર કરવાની જવાબદારી અલગપણે ચોક્કસ વ્યક્તિને સોંપી શકાય છે; તેથી શ્રમવિભાજનનો લાભ મેળવી શકાય છે.

**(3) રોકડસિલક જાણી શકાય :** રોકડમેળ રાખવાથી દરરોજ (દિવસના અંતે) અથવા અમુક નિશ્ચિત સમયના (નિયત મુદતના) અંતે કેટલી રોકડ સિલક છે તે જાણી શકાય છે.

**(4) ઉચાપતની જાણકારી મેળવી શકાય :** દરરોજ કે નિશ્ચિત સમયના અંતે રોકડ ખાતાની સિલક શોધવામાં આવતી હોવાથી હાથ પરની વાસ્તવિક રોકડ સાથે તેને સરખાવી શકાય છે અને જો કોઈ ભૂલ કે રોકડની ઉચાપત થઈ હોય તો તરત જ જાણી શકાય છે.

**(5) બૅન્ક ખાતાનો સમાવેશ :** ધંધાની જરૂરિયાત અને વ્યવહારોનાં સ્વરૂપ અને પ્રમાણ અનુસાર જુદાજુદા પ્રકારે રોકડમેળ તૈયાર કરી શકાય છે. જો ત્રણ ખાનાંવાળો રોકડમેળ રાખવામાં આવે તો રોકડ, બૅન્ક અને વટાવના વ્યવહારો નોંધી શકાય છે. જેથી અલગ બૅન્ક ખાતું પણ બનાવવાની જરૂરિયાત પડતી નથી.

## 4. રોકડમેળના પ્રકાર (Types of Cash Book)

ધંધા-વેપારની જરૂરિયાત અનુસાર રોકડમેળ તૈયાર કરી શકાય છે. રોકડમેળનાં ત્રણ પ્રકાર નીચે મુજબ છે :

(1) સાદો રોકડમેળ

(2) બે ખાનાંવાળો રોકડમેળ : ત્રણ રીતે થઈ શકે :

(A) રોકડ અને વટાવ ખાનાંવાળો રોકડમેળ

(B) રોકડ અને બૅન્ક ખાનાંવાળો રોકડમેળ

(C) બૅન્ક અને વટાવ ખાનાંવાળો રોકડમેળ

(3) ત્રણ ખાનાંવાળો રોકડમેળ : રોકડ, વટાવ અને બૅન્કનાં ખાનાંવાળો રોકડમેળ

### (1) સાદો રોકડમેળ (Simple cash book) :

સાદા રોકડમેળમાં ફક્ત રોકડના વ્યવહારોની જ નોંધ કરવામાં આવે છે. જેમાં રોકડની આવક અને જાવક નોંધવામાં આવે છે. રોકડમેળનું સ્વરૂપ ખાતાં જેવું હોવાથી તેને બે ભાગમાં વહેંચવામાં આવે છે. રોકડમેળની ડાબી બાજુના ભાગને ઉધાર બાજુ કે આય/આવક બાજુ તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે જમણી બાજુના ભાગને વ્યય/જાવક બાજુ તરીકે ઓળખવામાં આવે છે.

રોકડ ખાતું એ 'માલ-મિલકતનું ખાતું' છે. તેથી જ્યારે ધંધામાં રોકડ આવે ત્યારે રોકડ ખાતે ઉધાર અને રોકડ જાય ત્યારે રોકડ ખાતે જમા કરવામાં આવે છે. તેથી રોકડમેળની ઉધાર બાજુને 'આય/આવક' બાજુ; અને જમા બાજુને 'વ્યય/જાવક' બાજુ તરીકે દર્શાવવામાં આવે છે.

રોકડની આવક કરતાં જાવક ક્યારેય વધારે ન હોવાથી રોકડ ખાતાની ઉધાર બાકી હોય છે. તેથી રોકડમેળની ઉધાર બાજુએ પ્રથમ રોકડસિલક (શરૂઆતની સિલક) 'બાકી આગળ લાવ્યા' તરીકે દર્શાવવામાં આવે છે અને જમા બાજુએ આખર સિલક શોધીને 'બાકી આગળ લઈ ગયા' તરીકે દર્શાવવામાં આવે છે.

ટૂંકમાં રોકડમેળમાં ઉધાર બાજુએ રોકડસિલકની શરૂઆતની સિલક તેમજ રોકડની આવકો નોંધવામાં આવે છે; જ્યારે રોકડમેળની જમા બાજુએ રોકડની જાવકો અને અંતે રોકડની આખરસિલક શોધવામાં આવે છે.

**સાદા રોકડમેળનો નમૂનો**

**શ્રી ............નો રોકડમેળ**

**ઉધાર** **જમા**

| તારીખ | વિગત (આય/આવક) | પહોંચ નંબર | ખા. પા. | રકમ (₹) | તારીખ | વિગત (વ્યય/જાવક) | વાઉચર નંબર | ખા. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | શરૂની સિલક (બાકી આગળ લાવ્યા)<br>– આય કે આવકો – | | | | | – વ્યય કે જાવકો –<br>આખર સિલક (બાકી આગળ લઈ ગયા) | | | |

**(A) આય/આવક બાજુ કે ઉધાર બાજુ :**

રોકડમેળમાં રોકડ ખાતાનો માલ-મિલકત ખાતામાં સમાવેશ થાય છે. ''રોકડ આવે તો ઉધાર અને જાય તો જમા'' નિયમ લાગુ પડે છે. તેથી રોકડ આવે ત્યારે ઉધાર બાજુ દર્શાવાય છે અને તે સાથે નીચેની વિગતો દર્શાવવામાં આવે છે :

**(1) તારીખ :** આ ખાનામાં જે તારીખે રોકડની આવક થઈ હોય તે તારીખ ક્રમશઃ નોંધવામાં આવે છે.

**(2) વિગત (આય કે આવક) :** જે વ્યવહારને કારણે રોકડ આવે છે તે વ્યવહારનું રોકડ સિવાયનું અસર પામતું ખાતું અહીં નોંધવામાં આવે છે. એટલે કે આમનોંધ પ્રમાણે જે ખાતું જમા કરવામાં આવે છે તે દર્શાવવામાં આવે છે. ઘણીવાર અહીં કૌંસમાં વ્યવહાર વિશેની ટૂંકી વિગત પણ લખવામાં આવે છે.

**(3) વાઉચર નંબર :** જ્યારે ધંધામાં રોકડ મળે ત્યારે તેની સામે રકમ ચૂકવનારને રસીદ આપવામાં આવે છે. જો રોકડ વેચાણને કારણે રોકડ મળી હોય તો કૅશમેમો આપવામાં આવે છે. આ પ્રકારે આપેલ પહોંચ, રસીદ કે કૅશમેમોનો નંબર આ ખાનામાં લખવામાં આવે છે. આવી પહોંચ, રસીદ કે કૅશમેમોની નકલ આપણી પાસે રાખેલ હોય છે તે પરથી આ નોંધ થાય છે.

**(4) ખા.પા. (ખાતાવહી પાના નંબર) :** વિગતના ખાનામાં દર્શાવેલ ખાતું ખાતાવહીમાં જે પાના પર જમા કરવામાં આવ્યું હોય તે પાના નંબર નોંધવામાં આવે છે.

**(5) રકમ :** આ ખાનામાં મળેલ રકમ નોંધવામાં આવે છે.

**(B) વ્યય/જાવક બાજુ કે જમા બાજુ :**

માલ-મિલકત ખાતાના નિયમ મુજબ રોકડ જાય ત્યારે રોકડમેળની જમા બાજુએ નોંધવામાં આવે છે. જેમાં નીચેની વિગતો દર્શાવવામાં આવે છે :

**(1) તારીખ :** આ ખાનામાં જે તારીખે રોકડની ચુકવણી થઈ હોય તે તારીખ ક્રમશઃ નોંધવામાં આવે છે.

**(2) વિગત (વ્યય કે જાવક) :** જે વ્યવહારને કારણે રોકડ જાય છે તે વ્યવહારનું રોકડ સિવાયનું અસર પામતું ખાતું અહીં નોંધવામાં આવે છે. એટલે કે આમનોંધ પ્રમાણે જે ખાતું ઉધાર કરવામાં આવે છે તે દર્શાવવામાં આવે છે. ઘણીવાર અહીં કૌંસમાં વ્યવહાર વિશેની ટૂંકી વિગત પણ લખવામાં આવે છે.

**(3) વાઉચર નંબર :** જ્યારે ધંધામાં રોકડ ચૂકવવામાં આવે ત્યારે તેની સામે રકમ/રોકડ ચૂકવી હોય તેના તરફથી રોકડ મળ્યાની પહોંચ કે રસીદ કે રોકડ ખરીદીનો કૅશમેમો મળે છે. આ પ્રકારે મળેલ પહોંચ, રસીદ કે કૅશમેમોનો નંબર અથવા આપણે તેને આપેલો નંબર અહીં નોંધવામાં આવે છે.

**(4) ખા.પા. (ખાતાવહી પાના નંબર) :** વિગતના ખાનામાં દર્શાવેલ ખાતું ખાતાવહીમાં જે પાના પર ઉધાર કરવામાં આવ્યું હોય તે પાના નંબર નોંધવામાં આવે છે.

**(5) રકમ :** આ ખાનામાં ચૂકવેલ રકમ કે જે રોકડ સ્વરૂપે ગઈ હોય તેની રકમ નોંધવામાં આવે છે.

**(C) રોકડ સિલકની આખરની બાકી (Closing cash balance) :**

સાદા રોકડમેળમાં ઉધાર બાજુએ રોકડસિલકની શરૂઆતની બાકી અને રોકડની આવકો નોંધવામાં આવે છે. જ્યારે જમા બાજુએ રોકડની જાવકો નોંધવામાં આવે છે. દરરોજ અથવા નિશ્ચિત સમયને અંતે રોકડમેળ બંધ કરી રોકડની આખર બાકી શોધવામાં આવે છે. આમાં રોકડમેળની આવક બાજુનો સરવાળો કરી તેમાંથી રોકડમેળની જાવક બાજુનો સરવાળો બાદ કરવામાં આવે છે, તફાવતની રકમને રોકડની આખરસિલક કહેવામાં આવે છે.

અહીં અગત્યની બાબત એ છે કે રોકડમેળની આય/આવક બાજુનો સરવાળો કદી પણ વ્યય બાજુના સરવાળા કરતાં ઓછો હોઈ શકે નહિ. કારણ કે ધંધામાં જેટલી રોકડ આવે તેના કરતાં વધારે રોકડની જાવક થઈ શકતી નથી. માટે હંમેશાં રોકડમેળની આવક બાજુ એટલે કે ઉધાર બાજુનો સરવાળો જાવક બાજુ એટલે કે જમા બાજુના સરવાળા કરતાં વધારે અથવા જાવક બાજુ જેટલો જ થઈ શકે છે.

રોકડમેળની ઉધાર બાજુનો સરવાળો જમા બાજુ કરતાં વધારે આવતો હોવાથી રોકડમેળની આખરની બાકીને ઉધાર બાકી ગણવામાં આવે છે. રોકડમેળના કોઈ પણ સ્વરૂપમાં 'રોકડ'ના ખાનાની બાકી કાઢતાં ઉપર મુજબની સ્થિતિ જ જોવા મળશે.

'બિનરોકડ વ્યવહારો'ની અસર રોકડમેળમાં નોંધવામાં આવશે નહિ.

**ઉદાહરણ 1 :** શ્રી રાજેશભાઈના ફેબ્રુઆરી 2015ના નીચેના વ્યવહારો પરથી સાદો રોકડમેળ તૈયાર કરો :

2015

ફેબ્રુ. 1 હાથ પર રોકડ સિલક ₹ 5000

3 ગીતાને ₹ 3000નો માલ રોકડેથી વેચ્યો.

5 અમીત પાસેથી ₹ 2000નો માલ રોકડેથી ખરીદ્યો.

7 ધંધામાં વધુ નાણાંની જરૂર હોવાથી ₹ 5000 રોકડા ધંધામાં લાવ્યા.

9 ₹ 800 વીમા પ્રીમિયમના ચૂકવ્યાં.

10 ગણેશ ફર્નિચર માર્ટમાંથી ₹ 4000નું ફર્નિચર રોકડેથી ખરીદ્યું.

12 કમિશન પેટે ₹ 1500 મળ્યા અને દલાલીના ₹ 1200 ચૂકવ્યા.

14 મહેશ પાસેથી લેણાં પૈકી ₹ 3000 મળ્યા.

16 પગારના ₹ 1000 અને લારીભાડાના ₹ 200 ચૂકવ્યા.

18 પ્રકૃતિને જૂના હિસાબ પેટે ₹ 3000 ચૂકવી આપ્યા.

20 ધંધા માટે યંત્ર ખરીદ્યું, ₹ 2000

23 ધંધામાં વધુ નાણાંની જરૂર પડતાં રમેશભાઈ પાસેથી ₹ 10,000ની લોન 10 ટકાના વ્યાજના દરે લીધી.

26 રોકડ ખરીદી ₹ 7000

28 પ્રાઈમ કો. ઑ. બૅન્કમાં ₹ 3000 ભર્યા.

**જવાબ :** **શ્રી રાજેશભાઈનો ફેબ્રુઆરી 2015નો સાદો રોકડમેળ**

**ઉધાર** **જમા**

| તારીખ | વિગત (આય/આવક) | પહોંચ નંબર | ખા. પા. | રકમ (₹) | તારીખ | વિગત (જાવક/વ્યય) | વાઉચર નંબર | ખા. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 2015 | | | | | 2015 | | | | |
| ફેબ્રુ. 1 | બાકી આગળ લાવ્યા. (શરૂઆતની સિલક) | | | 5000 | ફેબ્રુ. 5 | ખરીદ ખાતે(રોકડ ખરીદી) | | | 2000 |
| | | | | | 9 | વીમા પ્રીમિયમ ખાતે | | | 800 |
| 3 | વેચાણ ખાતે (રોકડ વેચાણ) | | | 3000 | 10 | ફર્નિચર ખાતે | | | 4000 |
| | | | | | 12 | દલાલી ખાતે | | | 1200 |
| 7 | મૂડી ખાતે | | | 5000 | 16 | પગાર ખાતે | | | 1000 |
| 12 | કમિશન ખાતે | | | 1500 | 16 | લારીભાડા ખાતે | | | 200 |
| 14 | મહેશ ખાતે | | | 3000 | 18 | પ્રકૃતિ ખાતે | | | 3000 |
| 23 | રમેશભાઈની 10 ટકાની લોન ખાતે | | | 10,000 | 20 | યંત્ર ખાતે | | | 2000 |
| | | | | | 26 | ખરીદ ખાતે | | | 7000 |
| | | | | | 28 | બૅન્ક(પ્રાઈમ કો.ઑ.)ખાતે | | | 3000 |
| | | | | | 28 | બાકી આગળ લઈ ગયા (આખરની સિલક) | | | 3300 |
| | | | | 27,500 | | | | | 27,500 |
| 2015 માર્ચ 1 | બાકી આગળ લાવ્યા. | | | 3300 | | | | | |

**(2) બે ખાનાંવાળો રોકડમેળ :**

બે ખાનાંવાળા રોકડમેળના ત્રણ પ્રકારો આ મુજબ છે : (A) રોકડ અને વટાવ ખાનાંવાળો રોકડમેળ (B) રોકડ અને બૅન્ક ખાનાંવાળો રોકડમેળ (C) બૅન્ક અને વટાવ ખાનાંવાળો રોકડમેળ

**(A) રોકડ અને વટાવ ખાનાંવાળો રોકડમેળ :** આ પ્રકારના રોકડમેળમાં સાદા રોકડમેળની બંને બાજુએ એક વધારાનું ખાનું 'વટાવ' ઉમેરવામાં આવે છે. વેપારીવટાવની ચોપડે નોંધ થતી નથી, માત્ર રોકડ વટાવની જ ચોપડે નોંધ કરવા માટે વટાવ ખાનું રાખવામાં આવે છે. આ પ્રકારનાં રોકડમેળમાં રોકડ ખાનું અને વટાવ ખાનું હોય છે. રોકડ ખાના માટે રોકડ મિલકત હોવાથી માલ-મિલકત ખાતાનો નિયમ લાગુ પડે છે. વટાવ ખાના માટે વટાવ ઊપજ-ખર્ચ હોવાથી ઊપજ-ખર્ચ ખાતાનો નિયમ લાગુ પડે છે.

**રોકડ અને વટાવ ખાનાંવાળા રોકડમેળનો નમૂનો**

**શ્રી ...........નો રોકડમેળ**

**ઉધાર** **જમા**

| તારીખ | વિગત (આય) | પહોંચ નં. | ખા. પા. | આપેલ વટાવ | રકમ (₹) | તારીખ | વિગત (વ્યય) | વાઉ. નં. | ખા. પા. | મળેલ વટાવ | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | |

ઊપજ-ખર્ચનાં ખાતામાં 'રોકડ વટાવ'નો સમાવેશ થાય છે. તેથી નિયમ 'ખર્ચ કે નુકસાન ઉધાર', 'ઊપજ કે લાભ જમા' લાગુ પડે. રોકડ વટાવ આપનાર વેપારી માટે તે ખર્ચ છે. તેથી તે વટાવ (આપેલ વટાવ) ખાતું ઉધાર કરે છે. રોકડવટાવનો લાભ મેળવનાર વેપારી માટે તે ઊપજ છે. તેથી તે વટાવ (મળેલ વટાવ) ખાતું જમા કરે છે.

દા.ત., દેવાદાર પાર્થ ₹ 3080ના દેવા પેટે ₹ 3000 આપણને ચૂકવી આપે અને આપણે તેને હિસાબ ચૂકતે ગણી માન્ય રાખીએ તો ₹ 80 (3080 – 3000) વટાવ આપ્યો કહેવાય. પાર્થ પાસેથી મળેલ રકમ આવે છે. માલ-મિલકત ખાતાના નિયમ મુજબ 'આવે તો ઉધાર' અને વટાવ ખર્ચ હોવાથી 'ખર્ચ કે નુકસાન ઉધાર' થતા હોવાથી 'મળેલ રકમ' અને 'આપેલ વટાવ' રોકડમેળમાં ઉધાર બાજુએ જ નોંધવામાં આવશે.

જ્યારે રોકડ ખરીદી કરવામાં આવે અથવા કોઈ લેણદારને નાણાં ચૂકવવામાં આવે ત્યારે ચૂકવવાપાત્ર રકમ કરતાં જે અમુક રકમ ઓછી ચૂકવવામાં આવે છે તેને વટાવ કહેવાય. 'મળેલ વટાવ' એ લાભ કહેવાય. તેથી નિયમ 'ઊપજ કે લાભ જમા' કરો. અહીં 'મળેલ વટાવ' જમા થાય. દા.ત., શ્રી અશોક પાસેથી ₹ 2040નો માલ રોકડેથી ખરીદ્યો. ચૂકતે હિસાબ પેટે ₹ 2000 ચૂકવ્યા. અહીં રોકડ જાય છે અને 'મળેલ વટાવ' લાભ હોવાથી રોકડમેળમાં જમા બાજુએ જ નોંધવામાં આવશે.

અહીં અગત્યની બાબત એ છે કે આ પ્રકારના બે ખાનાંવાળા રોકડમેળમાં રોકડ રકમના ખાનાની બાકી શોધવામાં આવે છે; પરંતુ વટાવ ખાનાની બાકી શોધવામાં આવતી નથી. અહીં ઉધાર બાજુના આપેલ વટાવ ખાનાનો સરવાળો કરવામાં આવે છે અને કુલ રકમ આપેલ વટાવ ખાતે ઉધાર કરવામાં આવે છે. જ્યારે જમા બાજુના મળેલ વટાવના ખાનાનો સરવાળો કરીને કુલ રકમ મળેલ વટાવ ખાતે જમા કરવામાં આવે છે.

**ઉદાહરણ 2 :** નીચેના વ્યવહારો પરથી શ્રી ગિરીશભાઈનો બે ખાનાંવાળો (રોકડ અને વટાવ ખાનાવાળો) રોકડમેળ તૈયાર કરો.

2015

માર્ચ 1 શરૂઆતની રોકડસિલક ₹ 8000

4 ₹ 6000નો માલ 10 ટકા વેપારીવટાવે ખરીદ્યો.

7 પ્રવીણને ₹ 3000નો માલ રોકડેથી 5 ટકા રોકડવટાવે વેચ્યો.

10 ₹ 4000નો માલ 10 ટકા વેપારીવટાવ અને 5 ટકા રોકડવટાવે રોકડેથી વેચ્યો.

12 ગોપાલ ફર્નિચર માર્ટમાંથી ₹ 5000નું ફર્નિચર ખરીદ્યું.

15 વિષ્ણુને ₹ 1020ના હિસાબ પેટે ચૂકતે હિસાબે ₹ 1000 ચૂકવી આપ્યા.

16 કમિશનના ₹ 900 ચૂકવી આપ્યા.

18 કમલેશ પાસેથી લેણાં ₹ 1560ના હિસાબ ચૂકતે પેટે ₹ 1500 રોકડા મળ્યા.

20 પગારના ₹ 2000 અને મજૂરીના ₹ 400 ચૂકવી આપ્યા.

23 વિશ્વા પાસેથી ₹ 2000નો માલ 10 ટકા વેપારી વટાવે અને 10 ટકા રોકડવટાવે રોકડેથી ખરીદ્યો.

26 ધંધામાં રોકડ લાવ્યા ₹ 4000

28 મહેશ્વરી એન્જિનિયરિંગમાંથી ₹ 8000નું યંત્ર ખરીદ્યું. જે પૈકી ₹ 5000 ચૂકવી આપ્યા. બાકીનાં નાણાં એક માસ પછી ચૂકવવાનાં છે.

જવાબ :

**શ્રી ગિરીશભાઈનો માર્ચ 2015નો રોકડમેળ**

**ઉધાર** **જમા**

| તારીખ | વિગત (આય) | પહોં. નં. | ખા. પા. | આપેલ વટાવ | રકમ (₹) | તારીખ | વિગત (વ્યય) | વાઉ. નં. | ખા. પા. | મળેલ વટાવ | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 2015 | | | | | | 2015 | | | | | |
| માર્ચ 1 | બાકી આગળ લાવ્યા (રોકડ સિલક) | | | | 8000 | માર્ચ 4 | ખરીદ ખાતે (રોકડ ખરીદી) | | | | 5400 |
| 7 | વેચાણ ખાતે (રોકડ વેચાણ) | | | 150 | 2850 | 15 | વિષ્ણુ ખાતે | | | 20 | 1000 |
| | | | | | | 16 | કમિશન ખાતે | | | | 900 |
| 10 | વેચાણ ખાતે | | | 180 | 3420 | 20 | પગાર ખાતે | | | | 2000 |
| 18 | કમલેશ ખાતે | | | 60 | 1500 | 20 | મજૂરી ખાતે | | | | 400 |
| 26 | મૂડી ખાતે | | | | 4000 | 23 | ખરીદ ખાતે (રોકડ ખરીદી) | | | 180 | 1620 |
| | | | | | | 28 | યંત્ર ખાતે (₹ 8000નું યંત્ર ખરીદી પેટે અંશતઃ રકમ ચૂકવી.) | | | | 5000 |
| | | | | | | 31 | બાકી આગળ લઈ ગયા (આખરની સિલક) | | | | 3450 |
| | | | | **390** | **19,770** | | | | | **200** | **19,770** |
| એપ્રિલ 1 | બાકી આગળ લાવ્યા | | | | 3450 | | | | | | |

**નોંધ :** (1) માર્ચ 4ના રોકડ ખરીદીના વ્યવહારમાં આપેલ વટાવ રોકડમેળમાં નોંધાશે નહિ, કારણ કે તે વેપારીવટાવ છે.

(2) માર્ચ 12નો વ્યવહાર શાખ/ઉધાર ફર્નિચર ખરીદીનો હોવાથી રોકડમેળમાં નોંધાશે નહિ.

(3) અહીં આપેલ વટાવખાતાનો સરવાળો ₹ 390 છે, જેની ખતવણી ખાતાવહીમાં આપેલ વટાવના ખાતામાં ઉધાર બાજુએ કરવામાં આવશે.

(4) મળેલ વટાવખાતાનો સરવાળો ₹ 200 છે, જેની ખતવણી ખાતાવહીમાં મળેલ વટાવના ખાતામાં જમા બાજુએ કરવામાં આવશે.

**(B) રોકડ અને બૅન્ક ખાનાંવાળો રોકડમેળ :** આ પ્રકારના રોકડમેળમાં સાદા રોકડમેળની તુલનાએ બંને બાજુએ એક વધારાનું ખાનું (બૅન્ક) ઉમેરવામાં આવે છે. આ ખાનું બૅન્ક સાથેના વ્યવહારો નોંધવા માટે રાખવામાં આવે છે. બૅન્ક ખાતાને 'વ્યક્તિ ખાતા' તરીકે સમજવામાં આવે છે, તેથી વ્યક્તિ ખાતાંનો નિયમ 'લેનાર ખાતે ઉધારો, આપનાર ખાતે જમા કરો' લાગુ પડશે. આ પ્રકારના રોકડમેળમાં બૅન્ક ખાનું અને રોકડ ખાનું હોય છે. તેથી બૅન્ક ખાના માટે બૅન્ક વ્યક્તિ હોવાથી વ્યક્તિ ખાતાનો નિયમ લાગુ પડે છે. જ્યારે રોકડ ખાના માટે રોકડ મિલકત હોવાથી માલ-મિલકત ખાતાનો નિયમ લાગુ પડે છે.

જ્યારે બૅન્કમાં (1) નાણાં/રોકડ ભરવામાં આવે, (2) ચેક ભરવામાં આવે, (3) ડ્રાફ્ટ ભરવામાં આવે, (4) કોઈ દેવાદાર આપણા ખાતામાં બારોબાર નાણાં ભરે, (5) બૅન્ક આપણા ખાતે વ્યાજ કે વિવિધ આવકો વસૂલ કરી જમા કરે ત્યારે આપણી બૅન્કસિલકમાં વધારો થાય છે. આવા વ્યવહારોમાં બૅન્ક લેનાર વ્યક્તિ છે, તેથી નિયમ મુજબ તેના ખાતે ઉધાર થશે. પરિણામે રોકડમેળમાં ઉપર દર્શાવેલ બાબતો બૅન્ક ખાનામાં ઉધાર બાજુએ નોંધાશે.

જ્યારે બૅન્કમાંથી (1) નાણાં/રોકડ ઉપાડવામાં આવે, (2) ચેક દ્વારા નાણાં ચૂકવવામાં આવે, (3) બૅન્ક આપણા ખાતે બૅન્ક કમિશન, ચાર્જિસ, ઓવરડ્રાફ્ટ પરનું વ્યાજ ઉધારે, (4) આપણા વતી ખર્ચાઓ ચૂકવે (જેમકે વીજળી બિલ, વીમા પ્રીમિયમ, ટેલિફોન બિલ વગેરે) ત્યારે આપણી બૅન્કસિલકમાં ઘટાડો થાય છે. આવા વ્યવહારોમાં બૅન્ક આપનાર વ્યક્તિ છે. તેથી નિયમ મુજબ તેના ખાતે જમા થશે. પરિણામે રોકડમેળમાં ઉપર દર્શાવેલ બાબતો બૅન્ક ખાનામાં જમા બાજુએ નોંધાશે.

**રોકડ અને બૅન્કના ખાનાંવાળા રોકડમેળનો નમૂનો**

**શ્રી ............નો રોકડમેળ**

**ઉધાર** **જમા**

| તારીખ | વિગત (આય) | પહોંચ નં. | ખા. પા. | રોકડ રકમ(₹) | બૅન્ક રકમ (₹) | તારીખ | વિગત (વ્યય) | વાઉ. નં. | ખા. પા. | રોકડ રકમ(₹) | બૅન્ક રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | |

સાદા રોકડમેળમાં આપણે જોઈ ગયા કે રોકડની આવક કરતાં જાવક ક્યારેય વધારે હોઈ શકે નહિ, એટલે કે રોકડમેળની રોકડ ખાતાની આખર બાકી ઉધાર જ આવે.

પરંતુ અહીં બે ખાનાંવાળા રોકડમેળમાં 'બૅન્ક ખાનું' વિશિષ્ટ બને છે. બૅન્ક ખાનામાં જો આય કે આવક બાજુનો સરવાળો વ્યય કે જાવક બાજુના સરવાળા કરતાં વધુ આવે તો 'બૅન્ક ખાના'ની બાકી પણ ઉધાર આવશે જે આખરની **બૅન્કસિલક** ગણાય. બૅન્ક ખાનાનો વ્યય કે જાવક બાજુનો સરવાળો વધુ હોઈ શકે તેથી તફાવતને બૅન્ક ઓવરડ્રાફ્ટ કહેવાય તેની ચર્ચા હવે પછી નીચે કરવામાં આવી છે.

● **બૅન્ક ઓવરડ્રાફ્ટ (B.O.D.) :** જ્યારે વેપારીએ બૅન્કમાં રહેલ સિલક કરતાં અમુક વધારાની રકમ ઉપાડવાની બૅન્ક સાથે સમજૂતી કરેલ હોય ત્યારે આવી સગવડને બૅન્ક ઓવરડ્રાફ્ટ કહેવાય.

વેપારીએ જ્યારે બૅન્ક ઓવરડ્રાફ્ટની સગવડ મેળવેલ હોય ત્યારે બૅન્કની ઉધાર બાકી કે જમા બાકી હોઈ શકે. જો બૅન્ક ખાનાની જમા બાકી આવે તો વધુ ઉપાડ (ઓવરડ્રાફ્ટ) સૂચવે છે. આવી બૅન્ક ઓવરડ્રાફ્ટની લીધેલ રકમ પર નિયત દરે વ્યાજ ચૂકવવું પડે છે.

આમ, રોકડમેળના બૅન્ક ખાનાની આય બાજુનો સરવાળો વ્યય બાજુના સરવાળાથી વધારે હોય તો તેને 'આખરની બૅન્કસિલક' કહેવામાં આવે છે; પરંતુ જો રોકડમેળના બૅન્ક ખાનાની વ્યય બાજુનો સરવાળો, આય બાજુના સરવાળા કરતાં વધુ હોય તો તેના તફાવતને 'આખરનો બૅન્ક ઓવરડ્રાફ્ટ' કહેવામાં આવે છે.

બૅન્ક ખાનાની શરૂની બાકી જો બૅન્કસિલક હોય તો તેને રોકડમેળમાં બૅન્ક ખાનામાં ઉધાર બાજુએ 'બાકી આગળ લાવ્યા' તરીકે દર્શાવવામાં આવે છે, જો બૅન્ક ખાનાની શરૂની બાકી બૅન્ક ઓવરડ્રાફ્ટ હોય તો તેને રોકડમેળમાં બૅન્ક ખાનામાં જમા બાજુએ દેવું હોવાથી 'બાકી આગળ લાવ્યા' તરીકે દર્શાવવામાં આવે છે.

તે જ રીતે જો રોકડમેળમાં બૅન્ક ખાનાની 'આખરની બૅન્ક સિલક' હોય તો તેને વ્યય બાજુએ 'બાકી આગળ લઈ ગયા' તરીકે દર્શાવવામાં આવે છે. જો બૅન્ક ખાનાની આખરની બાકી બૅન્ક ઓવરડ્રાફ્ટ હોય તો તેને આય બાજુએ 'બાકી આગળ લઈ ગયા' (ઓવરડ્રાફ્ટ) તરીકે દર્શાવવામાં આવે છે.

● **જમા-ખર્ચી વ્યવહાર :** ''જે નાણાકીય વ્યવહારમાં રોકડ અને બૅન્ક એમ બંને ખાતાં અસર પામતાં હોય (સંકળાયેલા હોય) તેવા વ્યવહારને જમા-ખર્ચી વ્યવહાર કહેવાય છે.'' દા.ત., બૅન્કમાંથી રોકડ ઉપાડવી કે બૅન્કમાં રોકડ ભરવી. આ પ્રકારના વ્યવહારની નોંધ જ્યારે રોકડ અને બૅન્ક એમ બે ખાનાંવાળો રોકડમેળ રાખવામાં આવ્યો હોય ત્યારે રોકડમેળની બંને બાજુએ કરવામાં આવે છે.

આપણે જોઈ ગયા કે રોકડ અને બૅન્ક ખાનાંવાળો રોકડમેળ એ આમનોંધ, રોકડખાતા અને બૅન્ક ખાતાની ગરજ સારે છે. એટલે કે આવો રોકડમેળ રાખ્યો હોય ત્યારે ખાતાવહીમાં 'રોકડ' અને 'બૅન્ક' ખાતું ખોલવાની જરૂરિયાત રહેતી નથી. 'જમા-ખર્ચી વ્યવહાર'ની અસર 'રોકડ' અને 'બૅન્ક' ખાતાને જ થાય છે, તેથી તેની ખતવણી કરવાની રહેતી નથી; પરંતુ ખાતાવહી પાના નંબર (ખા.પા.)ના ખાનામાં જ.ખ. (જમા-ખર્ચી વ્યવહાર) લખવામાં આવે છે.

સામાન્ય રીતે જમા-ખર્ચી વ્યવહાર બે પ્રકારના હોય છે : (i) ધંધામાંથી બૅન્કમાં રોકડ ભરવી (ii) ધંધા માટે બૅન્કમાંથી રોકડ ઉપાડવી.

**(i) ધંધામાંથી બૅન્કમાં રોકડ ભરવી :** જ્યારે રોકડ રકમ બૅન્કમાં ભરવામાં આવે ત્યારે એક તરફ રોકડ સિલક ઘટે છે, અને બૅન્કસિલક વધે છે. દા.ત. ₹ 2000 રોકડા બૅન્કમાં ભર્યા.

આ વ્યવહારની નોંધમાં ₹ 2000 રોકડમેળમાં બૅન્ક ખાનામાં આય/આવક બાજુ એટલે કે ઉધારબાજુએ નોંધવામાં આવશે અને વિગતમાં 'રોકડ ખાતે' લખવામાં આવશે. જ્યારે તે જ ₹ 2000 રોકડમેળમાં રોકડના ખાનામાં વ્યય/જાવક બાજુ એટલે કે જમાબાજુએ નોંધવામાં આવશે અને વિગતમાં 'બૅન્ક ખાતે' લખવામાં આવશે.

વળી, રોકડમેળમાં બંને બાજુએ ખાતાવહી પાના નંબરમાં જ.ખ. (જમા-ખર્ચી) એમ દર્શાવવામાં આવશે. જમા-ખર્ચી વ્યવહારની ખાતાવહીમાં કોઈ ખતવણી કરવી પડતી ન હોવાથી ત્યાં કોઈ ખા.પા. નંબર હોતો નથી; પરંતુ વ્યવહારનો પ્રકાર જાણી શકાય તે માટે તે ખાનામાં ટૂંકમાં 'જ.ખ.' એવું દર્શાવવામાં આવે છે.

**(ii) ધંધા માટે બૅન્કમાંથી રોકડ રકમ ઉપાડવી :** જ્યારે બૅન્કમાંથી રોકડ રકમ ઉપાડવામાં આવે ત્યારે રોકડસિલક વધે છે અને બૅન્કસિલક ઘટે છે. દા.ત., ₹ 3000 બૅન્કમાંથી રોકડા ઉપાડ્યા.

આ વ્યવહારની નોંધમાં ₹ 3000 રોકડમેળમાં રોકડ ખાનામાં આય બાજુ એટલે કે ઉધાર બાજુએ નોંધવામાં આવશે અને વિગતમાં 'બૅન્ક ખાતે' લખવામાં આવશે. જ્યારે તે જ ₹ 3000 રોકડમેળમાં બૅન્ક ખાનામાં વ્યય બાજુ એટલે કે જમા બાજુએ નોંધવામાં આવશે અને વિગતમાં 'રોકડ ખાતે' લખવામાં આવશે.

ઉપર્યુક્ત વ્યવહારની નોંધ રોકડ અને બૅન્ક ખાનાંવાળા રોકડમેળમાં કરવામાં આવે છે, ત્યારે ખા.પા. નંબરના ખાનામાં ટૂંકમાં જ.ખ. (જમા-ખર્ચી) લખવામાં આવશે.

**ઉદાહરણ 3 :** નીચેના વ્યવહારો પરથી શ્રી ગાયત્રી બ્રધર્સના ચોપડે રોકડ અને બૅન્ક ખાનાંવાળો રોકડમેળ તૈયાર કરો.

2015

| | | |
|---|---|---|
| એપ્રિલ | 1 | શરૂઆતની રોકડસિલક ₹ 6000 |
| | | શરૂઆતની બૅન્કસિલક ₹ 5000 |
| | 3 | પંકજને ₹ 10,000નો માલ 10 ટકા વેપારીવટાવે રોકડેથી વેચ્યો. |

5 જાનકી પાસેથી ₹ 3000નો માલ રોકડેથી ખરીદ્યો.

7 ₹ 1500 રોકડા બૅન્કમાં ભર્યા.

9 સ્ટેશનરી ખર્ચના ₹ 1000 અને પગારના ₹ 3000 ચેકથી ચૂકવી આપ્યા.

11 દુકાન ભાડાના ₹ 1100 રોકડા ચૂકવી આપ્યા.

14 યેશા પાસેથી ₹ 3000નો ચેક મળ્યો, જે તરત જ બૅન્કમાં ભરી દીધો.

17 ₹ 1000 બૅન્કમાંથી આગના વીમા-પ્રીમિયમના ભરવા ઉપાડ્યા.

21 ઘર માટે ₹ 800નું ફર્નિચર ખરીદી જરૂરી રકમનો ચેક ધંધાના બૅન્ક ખાતામાંથી લખી આપ્યો.

23 આગના વીમાનું પ્રીમિયમ ચૂકવી આપ્યું.

27 અકબરભાઈને ₹ 5000નો માલ મોકલી આપવાનો ઑર્ડર આપ્યો.

જવાબ : **શ્રી ગાયત્રી બ્રધર્સનો એપ્રિલ 2015નો રોકડમેળ**

ઉધાર જમા

| તારીખ | વિગત (આય) | પહોં. નં. | ખા. પા. | રોકડ રકમ(₹) | બૅન્ક રકમ (₹) | તારીખ | વિગત (વ્યય) | વાઉ. નં. | ખા. પા. | રોકડ રકમ(₹) | બૅન્ક રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 2015 | | | | | | 2015 | | | | | |
| એપ્રિલ1 | બાકી આગળ લાવ્યા | | | 6000 | 5000 | એપ્રિલ5 | ખરીદ ખાતે | | | 3000 | – |
| 3 | વેચાણ ખાતે (રોકડ) | | | 9000 | – | 7 | બૅન્ક ખાતે | | જ.ખ. | 1500 | – |
| 7 | રોકડ ખાતે | | જ.ખ. | – | 1500 | 9 | સ્ટેશનરી ખર્ચ ખાતે | | | – | 1000 |
| 14 | યેશા ખાતે | | | – | 3000 | 9 | પગાર ખાતે | | | – | 3000 |
| 17 | બૅન્ક ખાતે | | જ.ખ. | 1000 | – | 11 | દુકાનભાડા ખાતે | | | 1100 | – |
| | | | | | | 17 | રોકડ ખાતે | | જ.ખ. | – | 1000 |
| | | | | | | 21 | ઉપાડ ખાતે | | | – | 800 |
| | | | | | | 23 | આગના વીમા-પ્રીમિયમ ખાતે | | | 1000 | – |
| | | | | | | 30 | બાકી આગળ લઈ ગયા | | | 9400 | 3700 |
| | | | | **16,000** | **9500** | | | | | **16,000** | **9500** |
| મે 1 | બાકી આગળ લાવ્યા | | | 9400 | 3700 | | | | | | |

**નોંધ :** (1) તા. 7નો વ્યવહાર જમા-ખર્ચી વ્યવહાર છે.

(2) તા. 17ના વ્યવહારમાં ₹ 1000 ધંધાના આગના વીમા-પ્રીમિયમની રકમ ચૂકવવા માટે બૅન્કમાંથી ઉપાડવામાં આવ્યા છે. તેથી પ્રથમ તેને જમા-ખર્ચી વ્યવહાર ગણી તેની નોંધ કરવામાં આવશે. એટલે કે ₹ 1000 બૅન્કસિલક ઘટશે અને તે જ રકમથી રોકડસિલકમાં વધારો થશે.

(3) તા. 23ના રોજ આગનું વીમા-પ્રીમિયમ ખરેખર ચૂકવવામાં આવ્યું છે. તેથી તે તારીખે રોકડમેળમાં ₹ 1000 વ્યય બાજુએ રોકડ ખાનામાં દર્શાવવામાં આવ્યા છે.

(4) તા. 27નો વ્યવહાર બિનઆર્થિક છે, કારણ કે માત્ર ઑર્ડર આપવામાં આવ્યો છે, તેથી તેની નોંધ થશે નહિ.

**● બૅન્ક સાથેના વ્યવહારો :**

વેપારી અને બૅન્ક વચ્ચે થતા વિવિધ પ્રકારના વ્યવહારોની રોકડમેળમાં કઈ રીતે નોંધ કરવામાં આવે છે તે હવે સમજીએ.

**(અ) રોકડ અંગેના વ્યવહારો :**

જ્યારે કોઈ વેપારી કે વ્યક્તિ બૅન્કમાં ખાતું ખોલાવે છે, ત્યારે તે વેપારી કે વ્યક્તિ બૅન્ક સાથે વ્યવહારો સરળતાથી કરી શકે તે માટે તેને બૅન્ક (1) ભરણાચિઠ્ઠી બુક (સ્લીપ બુક) (2) ચેકબુક અને (3) પાસબુક આપે છે.

ભરણાચિઠ્ઠીનો ઉપયોગ બૅન્કમાં રોકડા નાણાં કે મળેલ ચેક ભરવા માટે કરવામાં આવે છે. ચેકબુકનો ઉપયોગ બૅન્કમાંથી રોકડા નાણાં ઉપાડવા કે ચેકથી નાણાં ચૂકવવા માટે કરવામાં આવે છે. પાસબુક એ બૅન્કના ચોપડામાં રહેલ વેપારીના ખાતાનો ઉતારો છે.

વર્તમાન સમયમાં વેપાર-ધંધામાં હિસાબોની ચુકવણી માટે ચેકનો ઉપયોગ ખૂબ જ પ્રચલિત છે. ભારતના 1881ના નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ ઍક્ટ હેઠળ ચેક એ એક પ્રકારનો વિનિમયપત્ર છે. ચેકમાં ત્રણ પક્ષકારો હોય છે : (1) ચેક લખનાર (2) જેની પર ચેક લખવામાં આવ્યો હોય તે (બૅન્ક) (3) નાણાં મેળવનાર. દા.ત., ગૌરાંગે ₹ 1500નો ચેક સ્ટેટ બૅન્ક ઑફ ઇન્ડિયાના ખાતામાંથી પ્રીતિને દેવા પેટે આપ્યો. અહીં ગૌરાંગ ચેક લખનાર છે. સ્ટેટ બૅન્ક ઑફ ઇન્ડિયા કે જેની પર ચેક લખવામાં આવ્યો છે તે વ્યક્તિ છે અને પ્રીતિ નાણાં મેળવનાર છે.

ગ્રાહક કે દેવાદાર જ્યારે પોતાના દેવા પેટે ચેક આપે ત્યારે તે વેપારી તે ચેક પોતાની બૅન્કમાં ભરે છે. ચેક બે પ્રકારના હોય છે : (1) સાદો કે બેરર ચેક (Bearer), (2) ક્રોસ્ડ ચેક (Crossed)

**(1) સાદો કે બેરર ચેક (Bearer) :** સાદા કે બેરર ચેકમાં જે વ્યક્તિ ચેક ધારણ કરતી હોય તે વ્યક્તિને બૅન્ક નાણાં ચૂકવી આપે છે.

**(2) ક્રોસ્ડ ચેક (Crossed) :** ક્રોસ્ડ ચેકમાં જે વ્યક્તિને રકમ ચૂકવવાનું ચેકમાં દર્શાવ્યું હોય તે વ્યક્તિના બૅન્કના ખાતામાં જ રકમ જમા કરવામાં આવે છે. રોકડ ચૂકવવામાં આવતી નથી.

જ્યારે ગ્રાહક કે દેવાદાર વેપારીને ચુકવણી પેટે ચેક આપે તો તેની નોંધ રોકડમેળમાં ઉધારબાજુએ બૅન્ક ખાનામાં કરવામાં આવે છે. જે ગ્રાહકે આપ્યો હોય તેનું નામ વિગતમાં લખવામાં આવે છે.

**(3)** જો મળેલ ચેક અંગે કોઈ માહિતી આપવામાં ન આવી હોય, તો તેને બૅન્કમાં ભરી દેવામાં આવ્યો છે તેમ માનીને રોકડમેળમાં ઉધારબાજુએ બૅન્ક ખાનામાં નોંધવામાં આવશે.

**(4)** સામાન્ય રીતે ક્રોસ્ડ ચેક જ્યારે મળે ત્યારે તેની નોંધ રોકડમેળમાં આય બાજુ એટલે કે ઉધારબાજુએ બૅન્ક ખાનામાં કરવામાં આવે છે. કારણ કે ક્રોસ્ડ ચેકની રકમ બૅન્કમાંથી રોકડ મળતી નથી; પરંતુ બૅન્ક ખાતામાં જ જમા કરવામાં આવે છે.

જ્યારે વેપારી કોઈ વ્યક્તિને પોતાના દેવાની ચુકવણી પેટે રકમ ચેકથી ચૂકવે ત્યારે તેની નોંધ રોકડમેળમાં જમાબાજુએ બૅન્ક ખાનામાં કરવામાં આવે છે. જે તારીખે ચુકવણી માટે ચેક આપવામાં આવે તે જ તારીખે તેની નોંધ રોકડમેળમાં કરવામાં આવે છે.

**વેચાણશૅરો (Endorsement) :** ''જ્યારે કોઈ ગ્રાહક કે દેવાદાર પાસેથી મળેલ ચેક, કોઈ લેણદાર કે વેપારીને બારોબાર ચેકની પાછળ નામ લખીને ચૂકવી દેવામાં આવે ત્યારે તેવા ચેકને 'વેચાણશૅરો' કરી આપ્યો કહેવાય.'' આ વ્યવહાર ખાસ આમનોંધમાં લખો.

મળેલ ચેકને જો રોકડમેળમાં બૅન્કમાં ભર્યો છે તેમ માનીને નોંધ કરેલ હોય, તો જ્યારે તેને વેચાણશૅરો કરી આપવામાં આવે ત્યારે તેને રોકડમેળમાં જાવક બાજુએ બૅન્ક ખાનામાં નોંધવામાં આવે છે. જો કોઈ ચેક નકરાય તો જ્યારે તે ચેક મળ્યો હોય ત્યારે જે નોંધ કરવામાં આવી હોય તેનાથી વિરુદ્ધ નોંધ કરવામાં આવે છે.

**(બ) બૅન્ક ચાર્જિસ, કમિશન, વ્યાજ વગેરે :**

જો બૅન્કે વેપારીને કોઈ સેવા પૂરી પાડી હોય તો તે અંગે બૅન્ક 'ચાર્જિસ' વસૂલ કરે છે. તે જ રીતે હૂંડી બૅન્કમાં વટાવવામાં આવી હોય કે બૅન્ક મારફત વસૂલાત માટે મોકલવામાં આવી હોય તો બૅન્ક કમિશન વસૂલ કરે છે. જો વેપારીએ ઓવરડ્રાફ્ટની સગવડ લીધી હોય તો બૅન્ક વ્યાજ વસૂલ કરે છે. તે જ રીતે બૅન્કમાં રહેલ સિલક પર બૅન્ક વેપારીને વ્યાજ ચૂકવે છે.

બૅન્ક ચાર્જિસ, કમિશન, ઓવરડ્રાફ્ટનું વ્યાજ વગેરે એ વેપારી માટે ખર્ચ (વ્યય/જાવક બાજુ) છે, તેથી રોકડમેળમાં વ્યય બાજુએ એટલે કે જમાબાજુએ બૅન્ક ખાનામાં દર્શાવવામાં આવે છે. જ્યારે બૅન્કસિલક પર મળેલ વ્યાજ એ વેપારી માટે ઊપજ છે, તેથી રોકડમેળમાં આય બાજુએ એટલે કે ઉધારબાજુએ બૅન્ક ખાનામાં દર્શાવવામાં આવે છે.

**ઉદાહરણ 4 :** નીચેના વ્યવહારો પરથી ધર્મિષ્ઠાનો રોકડ અને બૅન્ક ખાનાંવાળો રોકડમેળ તૈયાર કરો.

| | | |
|---|---|---|
| 2015 મે | 1 | રોકડસિલક ₹ 7000, બૅન્ક ઓવરડ્રાફ્ટ ₹ 2500 |
| | 2 | ₹ 7000નો માલ ઉર્વશીને વેચ્યો. તેની પાસેથી ક્રોસ્ડ ચેક મળ્યો. જે બૅન્કમાં ભરાવ્યો. |
| | 4 | અશોકને ₹ 2000નો માલ 10 ટકા વેપારી વટાવે વેચ્યો. તેની પાસેથી 50 ટકા રકમ રોકડ અને બાકીની રકમનો ચેક મળ્યો જે બૅન્કમાં ભર્યો. |
| | 5 | બૅન્કમાં ₹ 2000 રોકડ ભરી. |
| | 7 | ₹ 5000નું યંત્ર ખરીદ્યું. જરૂરી રકમનો ચેક લખી આપ્યો. |
| | 9 | માનસી પાસેથી લેણાં પેટે ₹ 6000નો ચેક મળ્યો. જે તરત જ બૅન્કમાં ભરી દીધો. |
| | 11 | મજૂરીના ₹ 500; ટેલિફોન બિલના ₹ 500; અને વીજળી બિલના ₹ 1200 ચેકથી ચૂકવી આપ્યા. |
| | 13 | વીમા-પ્રીમિયમના ભરવા ₹ 2000 બૅન્કમાંથી ઉપાડ્યા. |
| | 15 | વીમા-પ્રીમિયમના ચૂકવ્યા ₹ 1600 |
| | 21 | બૅન્કે આપણા ખાતે ઓવરડ્રાફ્ટના વ્યાજ પેટે ₹ 150 અને બૅન્ક ચાર્જિસ પેટે ₹ 100 ઉધાર્યા છે, જેની જાણ આપણને બૅન્ક ઍડ્વાઇસ દ્વારા મળી. |
| | 23 | ₹ 3000નો માલ ધરતીને વેચ્યો. ક્રોસ્ડ ચેક મળ્યો. |
| | 24 | તેજલ પાસેથી ₹ 3000નો ચેક મળ્યો. જે સેજલને વેચાણશેરો કરી આપ્યો. |
| | 26 | ધરતીએ આપેલ ચેક નકરાયાની માહિતી બૅન્કે આપણને આપી. |
| | 28 | ₹ 1500 વિબોધને હિસાબ ચૂકતે કરવા રોકડા ચૂકવી આપ્યા. ₹ 2000 અંગત વપરાશ માટે બૅન્કમાંથી ઉપાડ્યા. |
| | 29 | ₹ 3000નો ચેક ગ્રાહક વિરેન્દ્ર પાસેથી મળ્યો. |
| | 30 | ગ્રાહક વિરેન્દ્ર પાસેથી મળેલ ₹ 3000નો ચેક સુરેન્દ્રની તરફેણમાં વેચાણશેરો કરી આપ્યો. |

જવાબ :

**ધર્મિષ્ઠાનો મે 2015નો રોકડમેળ**

ઉધાર — જમા

| તારીખ | વિગત (આય) | પહોં. નં. | ખા. પા. | રોકડ રકમ(₹) | બૅન્ક રકમ (₹) | તારીખ | વિગત (વ્યય) | વાઉ. નં. | ખા. પા. | રોકડ રકમ(₹) | બૅન્ક રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 2015 | | | | | | 2015 | | | | | |
| મે 1 | બાકી આગળ લાવ્યા | | | 7000 | – | મે 1 | બાકી આગળ લાવ્યા (ઓવરડ્રાફ્ટ) | | | – | 2500 |
| 2 | વેચાણ ખાતે | | | – | 7000 | | | | | | |
| 4 | વેચાણ ખાતે | | | 900 | 900 | 5 | બૅન્ક ખાતે | | જ.ખ. | 2000 | – |
| 5 | રોકડ ખાતે | | જ.ખ. | – | 2000 | 7 | યંત્ર ખાતે | | | – | 5000 |
| 9 | માનસી ખાતે | | | – | 6000 | 11 | મજૂરી ખાતે | | | – | 500 |
| 13 | બૅન્ક ખાતે | | જ.ખ. | 2000 | – | 11 | ટેલિફોન ખર્ચ ખાતે | | | – | 500 |
| 23 | વેચાણ ખાતે | | | – | 3000 | 11 | વીજળી ખર્ચ ખાતે | | | – | 1200 |
| 29 | વિરેન્દ્ર ખાતે | | | – | 3000 | 13 | રોકડ ખાતે | | જ.ખ. | – | 2000 |
| | | | | | | 15 | વીમા-પ્રીમિયમ ખાતે | | | 1600 | – |
| | | | | | | 21 | બૅન્ક વ્યાજ | | | – | 150 |
| | | | | | | 21 | બૅન્ક ચાર્જિસ ખાતે | | | – | 100 |
| | | | | | | 26 | ધરતી ખાતે | | | – | 3000 |
| | | | | | | 28 | વિબોધ ખાતે | | | 1500 | – |
| | | | | | | 28 | ઉપાડ ખાતે | | | – | 2000 |
| | | | | | | 30 | સુરેન્દ્ર ખાતે | | | – | 3000 |
| | | | | | | 31 | બાકી આગળ લઈ ગયા | | | 4800 | 1950 |
| | | | | **9900** | **21,900** | | | | | **9900** | **21,900** |
| જૂન 1 | બાકી આગળ લાવ્યા | | | 4800 | 1950 | | | | | | |

**સમજૂતી :**

(1) તા. 24નો વ્યવહાર ખાસ આમનોંધમાં લખાશે, તે જ દિવસે કારણ કે તેજલ પાસેથી મળેલ ₹ 3000નો ચેક સેજલની તરફેણમાં વેચાણશેરો કરી આપેલ છે. આ અંગે નીચે પ્રમાણે આમનોંધ થશે.

| | | | |
|---|---|---|---|
| સેજલ ખાતે | ઉ. | 3000 | |
| તે તેજલ ખાતે | | | 3000 |

(2) તા. 29નાં રોજ વિરેન્દ્ર પાસેથી મળેલ ચેક બૅન્ક ખાતે ઉધાર કરી વિરેન્દ્ર ખાતે જમા કરેલ છે. આ ચેક બૅન્કમાં ભરવાના બદલે તા. 30ના રોજ સુરેન્દ્રની તરફેણમાં વેચાણશેરો કરીને તેને આપ્યો. ત્યારે સુરેન્દ્ર ખાતે ઉધારી બૅન્ક ખાતે જમા કરેલ છે.

**(ક) બૅન્ક અને વટાવ ખાનાંવાળો રોકડમેળ :**

આ પ્રકારના રોકડમેળમાં બૅન્ક ખાનું અને વટાવ ખાનું રાખવામાં આવે છે. જ્યારે ચેક દ્વારા ચુકવણી કરવામાં આવે ત્યારે કેટલીકવાર વટાવ મળે છે. તે જ રીતે જ્યારે ચેક દ્વારા નાણાં મળે ત્યારે પણ કેટલીકવાર વટાવ આપવામાં આવે છે. આ સંજોગોમાં વટાવ અને બૅન્ક ખાતાના વ્યવહારોની નોંધ કરવા માટે બૅન્ક અને વટાવ ખાનાંવાળો રોકડમેળ તૈયાર કરવામાં આવે છે. બૅન્ક ખાના માટે બૅન્ક વ્યક્તિ હોવાથી વ્યક્તિના ખાતાનો નિયમ લાગુ પડે છે. વટાવ ખાના માટે વટાવ ઊપજ-ખર્ચ હોવાથી ઊપજ-ખર્ચ ખાતાનો નિયમ લાગુ પડે છે.

જ્યારે મોટાભાગના નાણાકીય વ્યવહારો બૅન્ક દ્વારા કરવામાં આવતા હોય ત્યારે આ પ્રકારનો રોકડમેળ તૈયાર કરવામાં આવે છે. નિયતસમયે રોકડમેળ બંધ કરીને બૅન્ક ખાતાની આખરની સિલક કે ઓવરડ્રાફ્ટ શોધવામાં આવે છે. રોકડમેળની ઉધાર બાજુએ 'આપેલ વટાવ' અને જમાબાજુએ 'મળેલ વટાવ' નોંધવામાં આવે છે.

**બૅન્ક અને વટાવ ખાનાંવાળા રોકડમેળનો નમૂનો**

**શ્રી ...........નો રોકડમેળ**

**ઉધાર** **જમા**

| તારીખ | વિગત (આય) | પહોં. નં. | ખા. પા. | આપેલ વટાવ (₹) | બૅન્ક રકમ (₹) | તારીખ | વિગત (વ્યય) | વાઉ. નં. | ખા. પા. | મળેલ વટાવ (₹) | બૅન્ક રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | |

આપેલ અને મળેલ ચેક, બૅન્ક ચાર્જિસ, બૅન્ક કમિશન, બૅન્ક વ્યાજ વગેરે વ્યવહારો જે રીતે રોકડ અને બૅન્કનાં ખાનાંવાળા રોકડમેળમાં નોંધાય છે, તે જ રીતે અહીં નોંધવામાં આવે છે. અહીં રોકડ રકમનું ખાનું રાખવામાં આવતું નથી. તેથી જે દિવસે ચેક બૅન્કમાં ભરવામાં આવે તે જ દિવસે તેની નોંધ રોકડમેળમાં ઉધાર બાજુએ બૅન્ક ખાનામાં કરવામાં આવે છે, તે જ રીતે જે દિવસે ચેક લખી આપ્યો હોય તે દિવસે રોકડમેળમાં જમા બાજુએ એ બૅન્ક ખાનામાં નોંધવામાં આવે છે.

આ પ્રકારના રોકડમેળમાં બૅન્ક ખાનાની આખર સિલક કે ઓવરડ્રાફ્ટ શોધવામાં આવે છે. આપેલ વટાવ ખાનાનો સરવાળો કરી કુલ રકમ ખાતાવહીમાં 'આપેલ વટાવ' ખાતામાં ઉધાર બાજુએ નોંધવામાં (ખતવવામાં) આવે છે, જ્યારે મળેલ વટાવ ખાનાનો સરવાળો કરી કુલ રકમ ખાતાવહીમાં 'મળેલ વટાવ' ખાતામાં જમા બાજુએ નોંધવામાં (ખતવવામાં) આવે છે.

આ પ્રકારના રોકડમેળનો ઉપયોગ ઓછો પ્રચલિત છે, કારણ કે વેપાર-ધંધામાં બૅન્કના વ્યવહારોની સાથે રોકડના વ્યવહારોનું પ્રમાણ પણ થોડા ઘણા અંશે રહેલું જ હોય છે. રોકડ વ્યવહારો નોંધવા માટે રોકડ ખાનું અહીં રાખવામાં આવતું નથી. તેથી આ પ્રકારની મુશ્કેલી નિવારવા માટે ત્રણ ખાનાંવાળો રોકડમેળ રાખવામાં આવે છે. જેમાં રોકડ, બૅન્ક અને વટાવ એમ ત્રણ ખાનાં રોકડમેળની બંને બાજુ રાખવામાં આવે છે.

**ઉદાહરણ 5 :** નીચેના વ્યવહારોની નોંધ શ્રી સુરેશ સ્ટોર્સના બૅન્ક અને વટાવના ખાનાંવાળા રોકડમેળમાં કરો :

2015

જૂન 1 બૅન્ક ઓવરડ્રાફ્ટ ₹ 12,000

7 નીલાને ₹ 9000નો માલ 10 ટકા વેપારીવટાવે વેચ્યો. નીલાએ વટાવ કાપી ચેક આપ્યો, જે બૅન્કમાં ભર્યો.

14 નયનાને ₹ 5050ના હિસાબપેટે ₹ 5000નો ચેક આપી હિસાબ ચૂકતે કર્યો.

16 કમિશનના ₹ 1100 ચેકથી ચૂકવી આપ્યા.

20 વિપુલે તેના ₹ 11,125ના દેવા પેટે ₹ 11,000નો ચેક આપી હિસાબ ચૂકતે કર્યો.

23 ચંદુલાલને ₹ 4000નો માલ 10 ટકા વેપારી વટાવ અને 10 ટકા રોકડવટાવે વેચ્યો. ચંદુલાલે રકમ તરત જ ચેકથી ચૂકવી આપી. ચેક બૅન્કમાં ભર્યો.

26 દેવાંશીને ₹ 1800 ચેકથી ચૂકવી આપ્યા.

28 વિપુલે આપેલ ચેક નકરાયો.

**શ્રી સુરેશ સ્ટોર્સનો જૂન 2015નો રોકડમેળ**

**ઉધાર** **જમા**

| તારીખ | વિગત (આય) | પહોં. નં. | ખા. પા. | આપેલ વટાવ (₹) | બૅન્ક રકમ (₹) | તારીખ | વિગત (વ્યય) | વાઉ. નં. | ખા. પા. | મળેલ વટાવ (₹) | બૅન્ક રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 2015 જૂન | | | | | | 2015 જૂન | | | | | |
| 7 | વેચાણ ખાતે | | | – | 8100 | 1 | બાકી આગળ લાવ્યા | | | – | 12,000 |
| 20 | વિપુલ ખાતે | | | 125 | 11,000 | 14 | નયના ખાતે | | | 50 | 5000 |
| 24 | વેચાણ ખાતે | | | 360 | 3240 | 16 | કમિશન ખાતે | | | – | 1100 |
| 30 | બાકી આગળ લઈ ગયા | | | | 8560 | 26 | દેવાંશી ખાતે | | | – | 1800 |
| | | | | | | 28 | વિપુલ ખાતે | | | – | 11,000 |
| | | | | 485 | 30,900 | | | | | 50 | 30,900 |
| | | | | | | જુલાઈ 1 | બાકી આગળ લાવ્યા | | | | 8560 |

**નોંધ :**

(1) અહીં આપેલ વટાવની કુલ રકમ ₹ 485 છે, જે ખાતાવહીમાં 'આપેલ વટાવ'ના ખાતામાં ઉધાર બાજુએ નોંધાશે. (ખતવાશે.)

(2) અહીં મળેલ વટાવની કુલ રકમ ₹ 50 છે, જે ખાતાવહીમાં 'મળેલ વટાવ'ના ખાતામાં જમા બાજુએ ખતવાશે. (નોંધાશે.)

(3) જૂન માસના અંતે વ્યય બાજુ બૅન્ક ખાનાનો સરવાળો વધુ છે, તેથી બૅન્ક ઓવરડ્રાફ્ટ દર્શાવે છે.

(4) તા. 20ના રોજ વિપુલ પાસેથી ₹ 11,125ના દેવા પેટે ₹ 11,000નો ચૂકતે હિસાબે ચેક મળ્યો છે, જે બૅન્કમાં ભરતાં તા. 28ના રોજ નકરાયો છે. સામાન્ય રીતે આવા સંજોગોમાં જો ગ્રાહકે આપેલ ચેક નકરાય તો તેને આપેલ રોકડ વટાવ રદ કરવામાં આવે છે. અહીં વિપુલને ₹ 125નો વટાવ આપવામાં આવ્યો છે, જે તા. 28ના રોજ ચેકની નકરામણીને કારણે રદ કરવો પડે. વટાવને રદ કરવાની આમનોંધ નીચે પ્રમાણે કરવામાં આવશે.

| | | | |
|---|---|---|---|
| **વિપુલ ખાતે** | **ઉ.** | **125** | |
| **તે આપેલ વટાવ ખાતે** | | | **125** |

ઉપર દર્શાવેલ આમનોંધ પરથી જોઈ શકાય છે કે આપેલ વટાવના ખાતામાં ₹ 125 જમા બાજુએ નોંધવામાં આવશે. તેથી રોકડમેળમાં ચેકની નકરામણીની નોંધ કે જે જમાબાજુએ કરવામાં આવી છે, ત્યાં વટાવની રકમ નોંધવામાં આવતી નથી. ફક્ત બૅન્કસિલક ₹ 11,000થી ઘટાડવામાં આવે અને જો વટાવની અસર પણ આપવામાં આવે તો મળેલ વટાવની રકમ ખોટી રીતે વધારાશે અને આપેલ વટાવની રકમ પણ વધારે આવશે. તેથી ચેકની નકરામણીને કારણે તે રદ કરવો પડે, અને તેથી તે ઘટાડવો પડે.

**ત્રણ ખાનાંવાળો રોકડમેળ (Three Columnar Cash Book) :**

ત્રણ ખાનાંવાળા રોકડમેળમાં બંને બાજુએ રોકડનું ખાનું, વટાવનું ખાનું અને બૅન્ક ખાનું એમ ત્રણ ખાનાં રાખવામાં આવે છે. આ પ્રકારનો રોકડમેળ હાલમાં વધારે ઉપયોગી બને છે. કારણ કે તેમાં એક સાથે રોકડ અને બૅન્કના વ્યવહારો તથા આપેલ અને મળેલ વટાવની નોંધ એક સાથે એક જ માળખામાં કરવામાં આવે છે. આ પ્રકારનાં રોકડમેળમાં વટાવ, રોકડ અને બૅન્ક ખાનું હોય છે. વટાવ ખાના માટે વટાવ ઊપજ-ખર્ચ હોવાથી ઊપજ-ખર્ચ ખાતાનો નિયમ લાગુ પડે છે. રોકડ ખાના માટે રોકડ મિલકત હોવાથી માલ-મિલકત ખાતાનો નિયમ લાગુ પડે છે. છેલ્લે બૅન્ક ખાના માટે બૅન્ક વ્યક્તિ હોવાથી વ્યક્તિ ખાતાનો નિયમ લાગુ પડે છે.

રોકડમેળની આયબાજુએ એટલે કે ઉધાર બાજુએ રોકડસિલક કે બૅન્કસિલકમાં વધારો કરનાર વ્યવહારો અને આપેલ વટાવ નોંધવામાં આવે છે. જ્યારે વ્યય બાજુએ એટલે કે જમા બાજુએ રોકડસિલક કે બૅન્કસિલકમાં ઘટાડો (ઓવરડ્રાફ્ટમાં વધારો) કરનાર વ્યવહારો અને મળેલ વટાવ નોંધવામાં આવે છે.

**ત્રણ ખાનાંવાળા રોકડમેળનો નમૂનો :** (વટાવ, રોકડ અને બૅન્કના ખાનાંવાળો રોકડમેળ)

**વટાવ, રોકડ અને બૅન્ક ખાનાંવાળા રોકડમેળનો નમૂનો**

**શ્રી ...........નો રોકડમેળ**

**ઉધાર** **જમા**

| તારીખ | વિગત (આય) | પહોં. નં. | ખા. પા. | આપેલ વટાવ (₹) | રોકડ રકમ (₹) | બૅન્ક રકમ (₹) | તારીખ | વિગત (વ્યય) | વા ઉ. નં. | ખા. પા. | મળેલ વટાવ (₹) | રોકડ રકમ (₹) | બૅન્ક રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | | | |

**રોકડમેળ તૈયાર કરતી વખતે ધ્યાનમાં લેવાની બાબતો :**

(A) શરૂઆતની રોકડસિલક તેમજ બૅન્કસિલક રોકડમેળની ઉધાર બાજુ એટલે આય બાજુએ 'બાકી આગળ લાવ્યા' તરીકે નોંધાય, જ્યારે બૅન્ક ઓવરડ્રાફ્ટ રોકડમેળની જમા બાજુએ એટલે વ્યય બાજુએ 'બાકી આગળ લાવ્યા' તરીકે બૅન્ક ખાનામાં નોંધવામાં આવે છે.

(B) બધા જ પ્રકારના રોકડ આવકના વ્યવહારો રોકડમેળની ઉધાર બાજુ / આય બાજુએ રોકડ ખાનામાં નોંધાશે તેમજ બધા જ પ્રકારની રોકડ જાવકના વ્યવહારો રોકડમેળની જમા બાજુ / વ્યય બાજુએ રોકડ ખાનામાં નોંધાશે.

(C) બૅન્કસિલકમાં વધારો થતાં કે ઓવરડ્રાફ્ટમાં ઘટાડો થતાં બધા જ પ્રકારના વ્યવહારો રોકડમેળની ઉધાર બાજુએ / આય બાજુએ બૅન્ક ખાનામાં અને બૅન્કસિલકમાં ઘટાડો થતાં કે ઓવરડ્રાફ્ટમાં વધારો થતા બધા જ પ્રકારના વ્યવહારો જમા બાજુએ / વ્યય બાજુએ બૅન્ક ખાનામાં નોંધવામાં આવે છે.

(D) જમા-ખર્ચી પ્રકારના વ્યવહારો રોકડમેળની બંને બાજુએ નોંધાશે.

(E) રોકડમેળમાં ઉધાર બાજુ 'આપેલ વટાવ' અને જમા બાજુ 'મળેલ વટાવ' નોંધવામાં આવે છે.

**ઉદાહરણ 6 :** નીચેના વ્યવહારો પરથી શ્રી જેઠાલાલનો ત્રણ ખાનાંવાળો રોકડમેળ તૈયાર કરો :

2015

જુલાઈ 1 શરૂઆતની રોકડસિલક ₹ 10,000, બૅન્ક ઓવરડ્રાફ્ટ ₹ 4000

3 ઐયર પાસેથી ₹ 3000નો માલ 10 ટકા રોકડવટાવે ખરીદ્યો અને જરૂરી રકમનો ચેક આપ્યો.

5 પગારના ₹ 800 અને સ્ટેશનરીના ₹ 700 ચેકથી ચૂકવી આપ્યા.

7 બબીતા પાસેથી ₹ 6000નો માલ 10 ટકા વેપારીવટાવે ખરીદ્યો. અડધી રકમ રોકડ અને બાકીની રકમ ચેકથી ચૂકવી આપી.

9 ₹ 4000 બૅન્કમાં ભર્યાં.

10 પોપટલાલને ₹ 6050ના હિસાબ પેટે ₹ 6000નો ચેક આપી હિસાબ ચૂકતે કરી દીધો.

12 આત્મારામે ₹ 10,070ના હિસાબ પેટે ₹ 6000 રોકડા અને ₹ 4000નો ચેક આપ્યો. જે બૅન્કમાં ભરાવી દીધો.

14 સુંદર પાસેથી જૂના દેવાની ચુકવણી પેટે ₹ 5000નો ચેક મળ્યો. જે બૅન્કમાં ભર્યો.

19 જેઠાલાલના આવકવેરા પેટે ₹ 3000 રોકડા ચૂકવી આપ્યા.

20 સુંદરનો ચેક નકરાયો.

22 સુંદરના રિસીવર પાસેથી 50 પૈસા લેખે ડિવિડન્ડ મળ્યું.

28 ટિપેન્દ્રને ₹ 10,000નો માલ 10 ટકા રોકડવટાવે વેચ્યો. 60 ટકા રકમનો ચેક મળ્યો. જે બૅન્કમાં ભરાવ્યો. બાકીની રકમ રોકડ મળી.

31 ₹ 2000 હાથ પર રોકડા રાખી બાકીની રકમ બૅન્કમાં ભરાવી દીધી.

**શ્રી જેઠાલાલનો જુલાઈ 2015નો રોકડમેળ**

**ઉધાર** **જમા**

| તારીખ | વિગત (આય) | પહોં. નં. | ખા. પા. | આપેલ વટાવ (₹) | રોકડ રકમ (₹) | બૅન્ક રકમ (₹) | તારીખ | વિગત (વ્યય) | વા ઉ. નં. | ખા. પા. | મળેલ વટાવ (₹) | રોકડ રકમ (₹) | બૅન્ક રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 2015 | | | | | | | 2015 | | | | | | |
| જુલાઈ 1 | બાકી આગળ લાવ્યા | | | – | 10,000 | – | જુલાઈ 1 | બાકી આગળ લાવ્યા | | | – | – | 4000 |
| 9 | રોકડ ખાતે | | જ.ખ. | – | – | 4000 | 3 | ખરીદ ખાતે | | | 300 | – | 2700 |
| 12 | આત્મારામ ખાતે | | | 70 | 6000 | 4000 | 5 | પગાર ખાતે | | | – | – | 800 |
| 14 | સુંદર ખાતે | | | – | – | 5000 | 5 | સ્ટેશનરી ખર્ચ ખાતે | | | – | – | 700 |
| 22 | સુંદર ખાતે | | | – | – | 2500 | | | | | | | |
| 28 | વેચાણ ખાતે | | | 1000 | 3600 | 5400 | 7 | ખરીદ ખાતે | | | – | 2700 | 2700 |
| 31 | રોકડ ખાતે | | જ.ખ. | – | – | 7900 | 9 | બૅન્ક ખાતે | | જ.ખ. | – | 4000 | – |
| | | | | | | | 10 | પોપટલાલ ખાતે | | | 50 | – | 6000 |
| | | | | | | | 19 | ઉપાડ ખાતે | | | – | 3000 | – |
| | | | | | | | 20 | સુંદર ખાતે (ચેક નકરાયો) | | | – | – | 5000 |
| | | | | | | | 31 | બૅન્ક ખાતે | | જ.ખ. | – | 7900 | – |
| | | | | | | | 31 | બાકી આગળ લઈ ગયા | | | – | 2000 | 6900 |
| | | | | **1070** | **19,600** | **28,800** | | | | | **350** | **19,600** | **28,800** |
| 2015 | | | | | | | | | | | | | |
| ઑગ. 1 | બાકી આગળ લાવ્યા | | | | 2000 | 6900 | | | | | | | |

નોંધ :

(1) તા. 1 બૅન્ક ઓવરડ્રાફ્ટ - બૅન્ક ખાનામાં જમા બાજુ 'બાકી આગળ લાવ્યા' તરીકે નોંધાય.

(2) તા. 9 અને 31ના વ્યવહારો રોકડ અને બૅન્ક બંને સાથે સંકળાયેલા છે - જમા ખર્ચી વ્યવહારો છે.

(3) તા. 22ના વ્યવહારમાં સુંદરના રિસીવર પાસેથી 50 ટકા ડિવિડન્ડ (વસૂલાત) મળે છે. ડિવિડન્ડ (વસૂલાત) હંમેશાં ક્રોસ્ડ ચેકથી મળતું હોવાથી બૅન્ક ખાતે નોંધેલ છે.

(4) અહીં તા. 31ના વ્યવહાર માટે બૅન્કમાં ભરવાપાત્ર રકમ શોધવી. બૅન્કમાં ભરેલ રકમ = કુલ આવક ₹ 24,600 − (કુલ જાવક ₹ 14,700 + હાથ પર સિલક ₹ 2000) = ₹ 7900

(5) અહીં આપેલ કુલ વટાવ ₹ 1070 અને મળેલ કુલ વટાવ ₹ 350

## 5. ઈલેક્ટ્રોનિક બૅન્કિંગ વ્યવહારો (Electronic Banking Transactions)

બૅન્કોની કામગીરીની ઝડપ પણ ઈલેક્ટ્રૉનિક બૅન્કિંગને આધારિત છે. બૅન્કો દ્વારા પણ ઈલેક્ટ્રૉનિક સાધનોનો ઉપયોગ પોતાના ગ્રાહકોને ઝડપી અને સુરક્ષિત સેવાઓ પૂરી પાડવા માટે કરવામાં આવે છે. બૅન્કો દ્વારા ગ્રાહકોને જુદી જુદી સેવાઓ પૂરી પાડવામાં આવે છે. તેમાં ફંડની ફેરબદલી અગત્યની સેવા છે. ફંડની ફેરબદલી માટે પ્રણાલિકાગત પદ્ધતિમાં ડ્રાફ્ટ કે ચેકનો ઉપયોગ કરવામાં આવે છે. આ વ્યવસ્થા પ્રમાણે એક વ્યક્તિનાં ખાતામાંથી અન્ય વ્યક્તિનાં ખાતામાં ફંડની ફેરબદલી વધુ સમય માંગે તેવી વ્યવસ્થા છે. બૅન્કો દ્વારા આવા ફંડની ફેરબદલી માટે બે પ્રકારની ઝડપી સેવાઓ પૂરી પાડવામાં આવે છે. આ સેવાઓમાં નીચેનાનો સમાવેશ થાય છે. આ સેવાઓને રોકડમેળ સાથે સંબંધ છે.

(i) NEFT (National Electronic Fund Transfer)

(ii) RTGS (Real Time Gross Settlement)

(iii) Debit card અને Credit card દ્વારા વેચાણનાં વ્યવહારો

**(i) NEFT (National Electronic Fund Transfer) :** આ સેવાનો લાભ સમગ્ર દેશમાં ઉપલબ્ધ છે. આ યોજનામાં જોડાયેલ બૅન્કો દ્વારા પોતાના ગ્રાહકોને આ સેવા પૂરી પાડવામાં આવે છે. આ સેવાનો લાભ વ્યક્તિ, પેઢી કે કૉર્પોરેટ એકમ દ્વારા લઈ શકાય છે. આ સેવાનો લાભ મેળવવા માટે નાણાં મોકલનારનું બૅન્કમાં ખાતું હોવું જરૂરી નથી. NEFTની સેવા માટે રકમ સ્વીકારનારનું એવી બૅન્કમાં ખાતું હોવું જરૂરી છે, જે આ સેવાઓનો લાભ આપતી હોય. NEFT દ્વારા કેટલી રકમ મોકલી શકાય તે અંગે કોઈ મર્યાદા નથી. આ સેવા પૂરી પાડવા માટે બૅન્કો દ્વારા ખૂબ જ નજીવો ચાર્જ વસૂલ કરવામાં આવે છે. રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા દ્વારા આ સેવા માટેના મહત્તમ ચાર્જીસ નક્કી કરવામાં આવેલ છે. તેથી જે-તે બૅન્ક આવી સેવા મફત પણ આપી શકે; પરંતુ મહત્તમ નક્કી કરેલ ચાર્જ કરતાં વધુ રકમ વસૂલ કરી શકે નહિ. NEFT દ્વારા રકમ મેળવનાર પક્ષકારે કોઈ પણ ચાર્જ બૅન્કને ચૂકવવાનો હોતો નથી. NEFT દ્વારા રકમ મોકલનારે ચાર્જ બૅન્કને ચૂકવવાનો હોય છે. તેથી રકમ મોકલનાર માટે આ પ્રકારનો ચાર્જ ખર્ચ બને છે. આ ખર્ચની ચોપડે નોંધ કરવાની હોય છે. NEFTની સેવાઓ પ્રવર્તમાન નિયમો પ્રમાણે સોમવારથી શુક્રવાર દરમિયાન સવારે 8 વાગ્યાથી સાંજના 7 વાગ્યા સુધી અને શનિવારે જો બૅન્ક ચાલુ હોય તો જે-તે સમયના નિયમો પ્રમાણે આ સેવા ઉપલબ્ધ થશે. સામાન્યપણે આ રીતે ફેરબદલ કરેલ રકમ, રકમ મેળવનારના ખાતામાં બે કલાકમાં જમા થાય છે. આ સેવા દ્વારા ફંડની ફેરબદલી માટે કોઈ ન્યૂનતમ-મહત્તમ રકમની મર્યાદા નથી.

દા.ત., નિલેશનું સ્ટેટ બૅન્ક ઑફ ઇન્ડિયામાં ખાતું છે, અને રમેશનું બૅન્ક ઑફ બરોડામાં ખાતું છે. નિલેશે ₹ 20,000 રમેશને ચૂકવવાનાં છે. નિલેશે NEFT દ્વારા આ રકમ રમેશને મોકલી આપી છે. આ સંજોગોમાં બૅન્ક દ્વારા નિલેશનાં ખાતામાં ₹ 20,000 અને NEFT ચાર્જના ઉધારવામાં આવશે અને રમેશની બૅન્ક, રમેશના ખાતામાં ₹ 20,000 જમા કરશે. NEFT ચાર્જના ₹ 5.70 બૅન્કે નિલેશ ખાતે ઉધાર્યા. આ અંગે નીચે પ્રમાણે આમનોંધ થશે.

**નિલેશના ચોપડે :**

| | | | |
|---|---|---|---|
| રમેશ ખાતે | ઉ. | 20,000 | |
| બૅન્ક ચાર્જ ખાતે | ઉ. | 5.70 | |
| તે બૅન્ક ખાતે | | | 20,005.70 |

[બા.જે. : ₹ 20,000 NEFT દ્વારા રમેશને ચૂકવ્યા. બૅન્કે ચાર્જના ₹ 5.70 વસૂલ કર્યા.]

જો નિલેશ દ્વારા બૅન્ક ખાના સહિતનો રોકડમેળ રાખવામાં આવેલ હોય તો રોકડમેળની જમા બાજુ બૅન્કનાં ખાનામાં રમેશ ખાતે ₹ 20,000 અને NEFT ચાર્જ ખાતે ₹ 5.70 લખાશે.

**રમેશનાં ચોપડે :**

| | | | |
|---|---|---|---|
| બૅન્ક ખાતે | ઉ. | 20,000 | |
| તે નિલેશ ખાતે | | | 20,000 |

[બા.જે. : ₹ 20,000 NEFT દ્વારા નિલેશ પાસેથી મળ્યા તેમના ખાતે જમા કર્યા.]

જો રમેશ દ્વારા બૅન્ક ખાનાવાળો રોકડમેળ રાખવામાં આવેલ હોય તો રોકડમેળની ઉધાર બાજુ બૅન્ક ખાનામાં નિલેશ ખાતે ₹ 20,000 લખાશે.

**(ii) RTGS (Real Time Gross Settlement) :** આ સેવા પણ બૅન્કો દ્વારા ઇલેક્ટ્રૉનિક માધ્યમ દ્વારા પોતાના ગ્રાહકોને પૂરી પાડવામાં આવે છે. આ યોજનામાં જોડાયેલ બૅન્કો દ્વારા જ પોતાના ગ્રાહકોને સેવા પૂરી પાડવામાં આવે છે. આ સેવાનો લાભ મોટી રકમ મોકલવા માટે કરવામાં આવે છે. આ સેવા મેળવવા માટે રકમની ન્યૂનતમ મર્યાદા પ્રવર્તમાન નિયમો પ્રમાણે ₹ 2,00,000 રાખવામાં આવેલ છે. રકમની મહત્તમ મર્યાદા આ સેવા માટે રાખવામાં આવેલ નથી. NEFTની જેમ રકમ મેળવનાર પક્ષકારે RTGSની સેવા મેળવવા માટે કોઈ ચાર્જ ચૂકવવાનો નથી. રકમ મોકલનાર પક્ષકારે RTGSનો ચાર્જ બૅન્કને ચૂકવવાનો હોય છે. તેથી રકમ મોકલનાર માટે આ પ્રકારનો ચાર્જ ખર્ચ બને છે. આ ખર્ચની ચોપડેનોંધ કરવાની હોય છે. RTGSની સેવાઓ પ્રવર્તમાન નિયમ પ્રમાણે સોમવારથી શુક્રવાર દરમિયાન સવારે 9 વાગ્યાથી બપોરનાં 4:30 વાગ્યા સુધી અને શનિવારે જો બૅન્ક ચાલુ હોય તો જે-તે સમયના નિયમો પ્રમાણે આ સેવા ઉપલબ્ધ થશે. જોકે બૅન્કો ગ્રાહકો માટે આ સેવાનો સમયગાળો નક્કી કરતી હોય છે. આ સગવડ real time આધારિત છે. Real time સગવડમાં આ રકમની તરત જ કે મહત્તમ 30 મિનિટમાં મોકલનારનાં ખાતામાંથી મેળવનારના ખાતાંમાં ફેરબદલી (ટ્રાન્સફર) થાય છે. RTGSની સગવડ અંગેની હિસાબી અસરો પણ NEFT અંગે આપવામાં આવેલ અસરો જેવી છે. NEFT ચાર્જના સ્થાને RTGS ચાર્જ ખાતે અથવા બૅન્ક ચાર્જ ખાતે રકમ ઉધારવામાં આવે છે.

દા.ત., મહેશે, રાજેશને ₹ 3,00,000 ચૂકવવાનાં છે. મહેશ RTGS દ્વારા રાજેશને રકમ મોકલી આપે છે. મહેશ દ્વારા RTGSના બૅન્ક ચાર્જિસના ₹ 30 ચૂકવવામાં આવ્યા. આ અંગે નીચે પ્રમાણે આમનોંધ થશે.

**મહેશના ચોપડે :**

| | | | |
|---|---|---|---|
| રાજેશ ખાતે | ઉ. | 3,00,000 | |
| બૅન્ક ચાર્જ ખાતે | ઉ. | 30 | |
| તે બૅન્ક ખાતે | | | 3,00,030 |

[બા.જે. : ₹ 3,00,000 રમેશને RTGS દ્વારા મોકલ્યા અને તે અંગેના ચાર્જના ₹ 30 ચૂકવ્યા.]

જો મહેશ દ્વારા બૅન્ક ખાના સહિતનો રોકડમેળ તૈયાર કરવામાં આવતો હોય તો રોકડમેળની જમા બાજુબૅન્ક ખાનામાં રાજેશ ખાતે ₹ 3,00,000 અને RTGS ચાર્જ ખાતે ₹ 30 લખાશે.

**રાજેશનાં ચોપડે :**

| | | | |
|---|---|---|---|
| બૅન્ક ખાતે | ઉ. | 3,00,000 | |
| તે મહેશ ખાતે | | | 3,00,000 |

[બા.જે. : ₹ 3,00,000 RTGS દ્વારા મહેશ પાસેથી મળ્યા તેમના ખાતે જમા કર્યા.]

જો રાજેશ દ્વારા બૅન્ક ખાનાવાળો રોકડમેળ રાખવામાં આવતો હોય તો રોકડમેળની ઉધાર બાજુ બૅન્ક ખાનામાં મહેશ ખાતે ₹ 3,00,000 લખાશે.

**(iii) ડેબિટ કાર્ડ અને ક્રેડીટ કાર્ડ દ્વારા વેચાણના વ્યવહારો (Sales Transactions Through Debit Card and Credit Card) :** વર્તમાન સમયમાં બૅન્કો દ્વારા પૂરી પાડવામાં આવતી વિવિધ સેવાઓના કારણે વ્યવહારમાં રોકડ આપ-લેનાં વ્યવહારોનું પ્રમાણ નોંધપાત્ર રીતે ઘટવા પામ્યું છે. બૅન્કો દ્વારા અપાતી વિવિધ સેવાઓમાં ડેબિટ અને ક્રેડીટ કાર્ડ સેવા ઉપરાંત ઈન્ટરનેટ સેવા અગત્યની ભૂમિકા ભજવે છે. દા.ત., પેટ્રોલ પંપ ઉપર પેટ્રોલ કે ડીઝલનું વેચાણ, કાપડની દુકાન પર કાપડની ખરીદી કે શૉ રૂમમાંથી ખરીદી વગેરેના ગ્રાહક દ્વારા રોકડની ચૂકવણી કરવાના બદલે ડેબિટ/ક્રેડીટ કાર્ડ દ્વારા ચુકવણી કરવામાં આવે છે.

**ડેબિટ કાર્ડ :** વ્યક્તિ/પેઢીના બૅન્ક ખાતામાં જમા હોય તેટલી રકમ ઉપાડવા કે ચૂકવવા માટે બૅન્ક દ્વારા જે કાર્ડ આપવામાં આવે છે તેને ડેબિટ કાર્ડ કહેવાય.

**ક્રેડીટ કાર્ડ :** વ્યક્તિ/પેઢીને અમુક ચોક્કસ રકમ ઉપાડવા કે ચૂકવવા માટે બૅન્ક દ્વારા જે કાર્ડ આપવામાં આવે છે તેને ક્રેડીટ કાર્ડ કહેવાય. આવું કાર્ડ બૅન્કના ખાતેદારને અને બિનખાતેદારોને પણ આપી શકાય. અને તેના દ્વારા નક્કી કરેલ મર્યાદામાં તેને ઉપાડ કરવા દેવામાં આવે છે.

આ સેવા હેઠળ ખરીદનારની બૅન્ક દ્વારા, ખરીદનારના ખાતામાં ખરીદીની રકમ ઉધારવામાં આવે છે. અને વેચનારને બૅન્ક દ્વારા, વેચનારના ખાતામાં વેચાણની રકમ જમા કરવામાં આવે છે. આ સેવા માટે ચુકવણી કરનાર બૅન્ક પોતાના ખાતેદાર પાસેથી કોઈ કમિશન વસૂલ કરતી નથી. જ્યારે રકમ વસૂલ કરનાર બૅન્ક પોતાના ખાતેદાર પાસેથી અમુક રકમ કમિશન લઈને બાકીની રકમ તેના ખાતેદાર ખાતે જમા કરે છે. આ વ્યવહારની ત્રણ ખાનાવાળા રોકડમેળમાં કેવી અસર થાય તે નીચેના ઉદાહરણ દ્વારા સમજીએ.

દા.ત., રામ સ્ટોર્સે ₹ 10,000નું વેચાણ કર્યું, જેની રકમ ડેબિટ કાર્ડ દ્વારા વસૂલ કરી. રામ સ્ટોર્સની બૅન્કે પોતાના કમિશનના ₹ 30 કાપી બાકીની રકમ રામ સ્ટોર્સ ખાતે જમા આપી. રામ સ્ટોર્સના ચોપડે ત્રણ ખાનાંવાળા રોકડમેળમાં નોંધવાની આમનોંધ નીચે પ્રમાણે થશે :

| | | | | |
|---|---|---|---|---|
| (1) | બૅન્ક ખાતે | ઉ. | 10,000 | |
| | તે વેચાણ ખાતે | | | 10,000 |
| | [બા.જે. : ₹ 10,000નું ડેબિટ કાર્ટ દ્વારા વેચાણ કર્યું તેના.] | | | |
| (2) | કમિશન ખાતે | ઉ. | 30 | |
| | તે બૅન્ક ખાતે | | | 30 |
| | [બા.જે. : બૅન્કે ડેબિટ કાર્ડ કમિશનના વસૂલ કર્યા તેના.] | | | |

**નોંધ :** ઉપર્યુક્ત માહિતી વિદ્યાર્થીઓને આધુનિક વલણની જાણકારી માટે આપેલ છે.

**ઉદાહરણ 7 :** નીચેના વ્યવહારોના આધારે શ્રી જમનાદાસનો એપ્રિલ 2016ના પ્રથમ પખવાડિયાનો ત્રણ ખાનાંવાળો રોકડમેળ તૈયાર કરો.

| | | |
|---|---|---|
| એપ્રિલ | 1 | શરૂઆતની રોકડસિલક ₹ 30,000, બૅન્કસિલક ₹ 8,00,000 |
| | 3 | ₹ 3,00,000નો માલ નિલેશ પાસેથી 2 % રોકડવટાવે ખરીદ્યો અને રકમ RTGS દ્વારા ચૂકવી. RTGS ચાર્જના ₹ 30 થયા. બૅન્કે રકમ ઉધારી. |
| | 5 | ₹ 1,00,000નો માલ રાજેશને વેચ્યો. તેમણે NEFT દ્વારા રકમ મોકલી આપી. બૅન્કે રકમ જમા લીધી. |
| | 6 | ₹ 4,00,000નો માલ 2 % રોકડવટાવે મહેશને વેચ્યો. તેમણે રકમ RTGS દ્વારા મોકલી આપી. બૅન્કે રકમ જમા લીધી. |

7 વીમા પ્રીમિયમના રૂપિયા NEFT દ્વારા ચૂકવ્યા ₹ 10,000 અને NEFT ચાર્જના ₹ 3 થયા. બૅન્કે રકમ આપણા ખાતે ઉધારી.

9 પગારનાં રોકડા ચૂકવ્યા ₹ 15,000.

10 રોકડ વેચાણ ₹ 30,000

11 ઘરખર્ચ માટે બૅન્કમાંથી ઉપાડ્યા ₹ 10,000.

12 ₹ 12,000 રમેશને દેવા પેટે ચૂકવી આપ્યા.

13 ₹ 22,000 NEFT દ્વારા રમણે આપણા લેણાં પેટે ચૂકવ્યા. બૅન્કે રકમ જમા લીધી.

14 ભાડાના ₹ 5000 ચૂકવ્યા.

15 બૅન્કે ડિવિડન્ડના ₹ 3000 જમા કર્યા.

**જવાબ :** **શ્રી જમનાદાસનો એપ્રિલ 2016ના પ્રથમ પખવાડિયાનો ત્રણ ખાનાંવાળો રોકડમેળ**

**ઉધાર** **જમા**

| તારીખ | આય (આવક) | પ. નં. | ખા. પા. | વટાવ (₹) | રોકડ (₹) | બૅન્ક (₹) | તારીખ | વ્યય (જાવક) | વા. નં. | ખા. પા. | વટાવ (₹) | રોકડ (₹) | બૅન્ક (₹) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 2016 | | | | | | | 2016 | | | | | | |
| એપ્રિલ 1 | બાકી આગળ લાવ્યા | | | – | 30,000 | 8,00,000 | એપ્રિલ 3 | ખરીદ ખાતે | | | 6000 | – | 2,94,000 |
| 5 | વેચાણ ખાતે | | | – | – | 1,00,000 | 3 | RTGS ચાર્જ ખાતે | | | – | – | 30 |
| 6 | વેચાણ ખાતે | | | 8000 | – | 3,92,000 | 7 | વીમા પ્રીમિ. ખાતે | | | – | – | 10,000 |
| 10 | વેચાણ ખાતે | | | – | 30,000 | – | 7 | NEFT ચાર્જ ખાતે | | | – | – | 3 |
| 13 | રમણ ખાતે | | | – | – | 22,000 | 9 | પગાર ખાતે | | | – | 15,000 | – |
| 15 | ડિવિડન્ડ ખાતે | | | – | – | 3000 | 11 | ઉપાડ ખાતે | | | – | – | 10,000 |
| | | | | | | | 12 | રમેશ ખાતે | | | – | 12,000 | – |
| | | | | | | | 14 | ભાડા ખાતે | | | – | 5000 | – |
| | | | | | | | 15 | બાકી આગળ લઈ ગયા | | | – | 28,000 | 10,02,967 |
| | | | | **8000** | **60,000** | **13,17,000** | | | | | **6000** | **60,000** | **13,17,000** |

## 6. બૅન્કબુક (Bank Book)

જ્યારે વેપારી કોઈ એક બૅન્કમાં એક કરતા વધુ પ્રકારનાં બૅન્ક ખાતાં ધરાવતો હોય કે એક કરતાં વધુ બૅન્કમાં બૅન્ક ખાતાં ધરાવતો હોય ત્યારે બૅન્ક સાથેના વ્યવહારોની નોંધ સરળતાથી કરી શકાય તે માટે બૅન્કબુક રાખવામાં આવે છે. દા.ત., વેપારી બૅન્ક ઑફ બરોડામાં બચત ખાતું અને ચાલુ ખાતું ધરાવે કે વેપારી એક ખાતું બૅન્ક ઑફ બરોડામાં, બીજું સ્ટેટ બૅન્કમાં અને ત્રીજું ખાતું બૅન્ક ઑફ ઇન્ડિયામાં ધરાવે.

– જ્યારે આ પ્રકારની પરિસ્થિતિ હોય ત્યારે બૅન્ક સાથે કરવામાં આવેલા વ્યવહારો સરળતાથી નોંધી શકાય તે માટે બૅન્કબુક રાખવામાં આવે છે.

– બૅન્કબુકમાં જે પ્રમાણે બૅન્કમાં ખાતાં હોય તે પ્રમાણેનાં ખાનાં બનાવવામાં આવે છે.

જો એક જ બૅન્કમાં જુદા જુદા પ્રકારનાં ખાતાં હોય તો બૅન્કબુકમાં દરેક ખાતા માટે અલગ ખાનું રાખવામાં આવે છે અને જો જુદી જુદી બૅન્કમાં ખાતાં હોય તો બૅન્કબુકમાં દરેક બૅન્ક દીઠ એક ખાનું રાખવામાં આવે છે.

– બૅન્કબુકનું સ્વરૂપ અને માળખું રોકડમેળ જેવું જ હોય છે.

**બૅન્કબુકના ફાયદા :**

(1) બૅન્ક સાથેના વ્યવહારોની સરળતાથી નોંધ કરી શકાય છે. ખાસ કરીને જ્યારે બૅન્ક દ્વારા કરવામાં આવતા વ્યવહારોનું પ્રમાણ વધારે હોય ત્યારે.

(2) નિયત સમયે કયા ખાતામાં કે કઈ બૅન્કમાં કેટલી સિલક છે, તે જાણી શકાય છે. દા.ત., દરરોજ સાંજે કયા ખાતામાં કેટલી બૅન્કસિલક છે, તેની માહિતી મેળવી શકાય છે.

(3) બૅન્કબુક અને પાસબુકની મેળવણી સરળતાથી કરી શકાય છે અને કોઈ ભૂલ કે ક્ષતિ હોય તો તરત જ સુધારી શકાય છે.

(4) બૅન્ક સાથેના વ્યવહારો પર સતત નજર રાખી શકાય છે, જેથી ચેક લખી ચુકવણી કરતાં કે બૅન્કમાંથી ઉપાડ કરતાં બૅન્ક ખાતામાં શું પરિસ્થિતિ છે (સિલક અંગેની કે ઓવરડ્રાફ્ટની સગવડનો કેટલો ઉપયોગ થયો છે) તેની જાણકારી મળી શકે છે.

**ઉદાહરણ 8 :** નીચેના વ્યવહારો પરથી શ્રી મહિપતસિંહના ચોપડામાં સ્ટેટ બૅન્ક ઑફ ઇન્ડિયા (SBI) અને બૅન્ક ઑફ ઇન્ડિયા (BOI)નાં ખાનાંવાળી બૅન્કબુક તૈયાર કરો.

2015

ઑગસ્ટ 1 શરૂઆતનો બૅન્ક ઓવરડ્રાફ્ટ (SBI) ₹ 6000, બૅન્ક સિલક (BOI) ₹ 4000

4 ₹ 4000નો માલ વેચ્યો જેની સામે ચેક મળ્યો. જે SBIના બૅન્ક ખાતામાં ભરી દીધો.

5 ₹ 6000નો માલ ખરીદ્યો જેની સામે ₹ 2000નો BOIનો અને ₹ 4000નો SBIનો ચેક ચુકવણી પેટે આપ્યો.

7 પગારના ₹ 1400નો SBIનો ચેક આપ્યો.

11 બૅન્ક વ્યાજના ₹ 500 અને ડિવિડન્ડના ₹ 2500 વસૂલ કરી SBI બૅન્ક ખાતામાં જમા આપ્યા.

13 અનુજ પાસેથી જૂના દેવાંની ચુકવણી પેટે ₹ 7000નો ચેક મળ્યો, જે BOIમાં ભર્યો.

18 ₹ 3000 BOIના ખાતામાંથી ચેક લખી, SBIના ખાતામાં ચેક ભરાવ્યો.

23 ₹ 2500નો માલ ખરીદ્યો જેની સામે BOI ખાતામાંથી બધી જ રકમનો ચેક આપી દીધો.

26 ₹ 6000નું એક યંત્ર ખરીદ્યું. જેની સામે 50 % રકમનો SBI ખાતાનો અને બાકીની રકમનો BOI ખાતાનો ચેક લખી આપ્યો.

### શ્રી મહિપતસિંહની ઑગસ્ટ 2015ની બૅન્કબુક

ઉધાર જમા

| તારીખ | વિગત (આય) | પ હોં. નં. | ખા. પા. | SBI રકમ (₹) | BOI રકમ (₹) | તારીખ | વિગત (વ્યય) | વા ઉ. નં. | ખા. પા. | SBI રકમ (₹) | BOI રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 2015 | | | | | | 2015 | | | | | |
| ઑગ.1 | બાકી આગળ લાવ્યા | | | – | 4000 | ઑગ.1 | બાકી આગળ લાવ્યા | | | 6000 | – |
| 4 | વેચાણ ખાતે | | | 4000 | – | 5 | ખરીદ ખાતે | | | 4000 | 2000 |
| 11 | બૅન્ક વ્યાજ ખાતે | | | 500 | – | 7 | પગાર ખાતે | | | 1400 | – |
| 11 | ડિવિડન્ડ ખાતે | | | 2500 | – | 18 | SBI ખાતે | | | – | 3000 |
| 13 | અનુજ ખાતે | | | – | 7000 | 23 | ખરીદ ખાતે | | | – | 2500 |
| 18 | BOI ખાતે | | | 3000 | – | 26 | યંત્ર ખાતે | | | 3000 | 3000 |
| 30 | બાકી આગળ લઈ ગયા | | | 4400 | – | 30 | બાકી આગળ લાવ્યા | | | – | 500 |
| | | | | 14,400 | 11,000 | | | | | 14,400 | 11,000 |
| 2015 સપ્ટે. | | | | | | 2015 સપ્ટે. | | | | | |
| 1 | બાકી આગળ લાવ્યા | | | – | 500 | 1 | બાકી આગળ લાવ્યા | | | 4400 | – |

### 7. પેટા રોકડમેળ (Petty Cash Book)

''નાના-નાના પરચૂરણ ખર્ચાઓ ચૂકવવા માટે જે નોંધ રાખવામાં આવે છે, તેવા ચોપડાને પેટા રોકડમેળ કહેવાય.''

જ્યારે કોઈ વેપારી, સંસ્થા કે એકમમાં રોકડ અને બૅન્કના વ્યવહારોનું પ્રમાણ વધારે હોય ત્યારે સામાન્ય રીતે મુખ્ય કૅશિયરને મદદ કરવા અને તેને નાના-નાના પરચૂરણ ખર્ચાઓની ચુકવણી અને નોંધ રાખવાની કામગીરીમાંથી મુક્ત કરવા સહાયક (પેટા) કૅશિયર રાખવામાં આવે છે. પેટા કૅશિયરનું મુખ્ય કામ નાના પરચૂરણ ખર્ચની ચુકવણી અને તેની વિગતવાર નોંધ રાખવાનું છે. સહાયક કૅશિયરને અમુક નિયત પ્રકારના ખર્ચા ચૂકવવાની જવાબદારી સોંપવામાં આવે છે અને તે માટે જરૂરી રકમ સહાયક કૅશિયર મુખ્ય કૅશિયર પાસેથી મેળવે છે. સામાન્ય રીતે સહાયક કૅશિયરને તાર-ટપાલ ખર્ચા, ચા-પાણીના ખર્ચા, સ્ટેશનરીના ખર્ચા, લારીભાડું, મજૂરી વગેરે જેવા ખર્ચાઓની નોંધણી અને ચુકવણીની જવાબદારી આપવામાં આવે છે. સહાયક કૅશિયર નાણાં ચૂકવીને જે ચોપડે (રોકડમેળ) તે ખર્ચની વિગતવાર ખર્ચદીઠ નોંધ કરે છે તેને પેટા રોકડમેળ કહેવામાં આવે છે.

પેટા રોકડમેળ સહાયક કૅશિયર તૈયાર કરે છે અને તેણે નિયત ખર્ચાઓ ચૂકવવાના હોય છે. તેથી તે દરેક પ્રકારના ખર્ચની ચૂકવેલ રકમની (અને કુલ રકમની) માહિતી સરળતાથી મેળવી શકાય છે. કાર્ય વિભાજન શક્ય બને છે. અંકુશ પણ રાખી શકાય છે.

### 8. પેટા રોકડમેળના પ્રકાર (Types of Petty Cash Book)

પેટા રોકડમેળ મુખ્યત્વે બે પ્રકારે તૈયાર કરી શકાય છે : (A) સાદો અથવા ખાનાંવાળો પેટા રોકડમેળ (B) અનામત પેટા રોકડમેળ.

**(A) સાદો પેટા રોકડમેળ :** આ પ્રકારના પેટા રોકડમેળમાં સહાયક કે પેટા કૅશિયરને શરૂઆતમાં અમુક ચોક્કસ રકમ આપવામાં આવે છે. અમુક ચોક્કસ સમયના અંતે જો જરૂર પડે તો મુખ્ય કૅશિયર સહાયક કૅશિયરને વધુ રકમ આપે છે. જેમ-જેમ ખર્ચ ચૂકવાતા જાય છે, તેમ-તેમ તેની નોંધ પેટા રોકડમેળમાં કરવામાં આવે છે. દા.ત., શરૂઆતમાં પેટા (સહાયક) કૅશિયરને ₹ 1000 આપ્યા હોય અને સહાયક કૅશિયર અમુક પરચૂરણ ખર્ચ ચૂકવે અને ત્યાર બાદ તેની પાસે સિલકમાં ₹ 50 વધ્યા હોય અને અન્ય ખર્ચા ચૂકવવા માટે રોકડની જરૂરત હોય, તો અંદાજે જરૂરી રકમ મુખ્ય કૅશિયર સહાયક કૅશિયરને આપે છે.

જ્યારે કોઈ પણ પ્રકારના ખર્ચની ચુકવણી કરવામાં આવે ત્યારે તેની નોંધ પેટા રોકડમેળમાં તે ખર્ચ માટે રાખવામાં આવેલ ખાનાંમાં કરવામાં આવે છે, જે નીચે આપેલ પેટા રોકડમેળના નમૂનામાં જોઈ શકાય છે :

**પેટા રોકડમેળનો નમૂનો**

| આવક (₹) | તારીખ | વિગત | વાઉચર નં. | ચૂકવેલ કુલ રકમ (₹) | વિવિધ ખર્ચની વિગત | | | | | ખા. પા. | ખાતાવહીમાં વ્યક્તિ ખાતે (₹) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | લારી ભાડું (₹) | તાર-ટપાલ (₹) | સ્ટેશનરી (₹) | ચા-પાણી (₹) | અન્ય પરચૂરણ (₹) | | |
| | | | | | | | | | | | |

**પેટા રોકડમેળની વિગત :**

– **આવક :** આ ખાનામાં પેટા રોકડસિલકની શરૂની બાકી અને મુખ્ય કૅશિયર પાસેથી મળેલી રકમ નોંધવામાં આવે છે.

– **તારીખ :** જે તારીખે રોકડ મળે અથવા ખર્ચની રોકડમાં ચુકવણી થાય તે તારીખ અહીં નોંધવામાં આવે છે.

– **વિગત :** અહીં જે ખર્ચ ચૂકવાયો છે, તેની વિગત નોંધાય છે, અને જો મુખ્ય કૅશિયર પાસેથી રકમ મળી હોય તો તે મુખ્ય કૅશિયર ખાતે નોંધાય છે.

– **વાઉચર નંબર :** ખર્ચની ચુકવણી વખતે જે વાઉચર તૈયાર કરવામાં આવે છે અથવા જે રસીદ મળે છે, તેનો નંબર કે આપણે તેને આપેલો નંબર નોંધવામાં આવે છે.

– **કુલ રકમ :** જો એક જ તારીખે વિવિધ ખર્ચની ચુકવણી થઈ હોય, તો તે તારીખે ચૂકવેલ કુલ ખર્ચની રકમ અહીં કુલ રકમના ખાનામાં નોંધાય છે.

– **ચૂકવેલ વિવિધ ખર્ચની વિગતો :** પેટા રોકડિયા (કૅશિયર) દ્વારા જે નિયત ખર્ચાની ચુકવણી કરવાની હોય અને તે ખર્ચની ચુકવણી કરવામાં આવી હોય તેની નોંધ કરવા માટે પેટા રોકડમેળમાં ખાનાં રાખવામાં આવે છે. ઉપરના નમૂનામાં જોઈ શકાય છે, કે લારી ભાડું, તાર-ટપાલ, સ્ટેશનરી, ચા-પાણી અને અન્ય પરચૂરણ ખર્ચ માટે વિવિધ ખાનાં પાડવામાં આવેલ છે. જ્યારે જે-તે ખર્ચની ચુકવણી થાય ત્યારે તેને જે-તે સંબંધિત ખાનામાં પેટા રોકડમેળમાં નોંધવામાં આવે છે.

– **ખાતાવહી પાના નંબર :** જે ખર્ચની ચુકવણી થાય તે ખર્ચનું ખાતું ખાતાવહીમાં જે પાનાં પર હોય તે પાનાંનો નંબર અહીં દર્શાવાય. જરૂર પડે વ્યક્તિના ખાતાનો ખાતાવહી પાનાં નંબર પણ અહીં દર્શાવાય છે.

– **ખાતાવહીમાં વ્યક્તિ ખાતે :** કોઈ વ્યક્તિ સાથે વ્યવહાર થાય તો તે વ્યવહારની નોંધ અહીં કરવામાં આવે છે. એટલે કે દા.ત., પગાર પેટે કોઈ કર્મચારીને અમુક રકમ જો ઉછીની આપવામાં આવી હોય, તો તેની નોંધ રોકડમેળમાં આ ખાનામાં કરવામાં આવે છે.

**ઉદાહરણ 9 :** નીચેના વ્યવહારો પરથી શ્રી ભરતભાઈનો પેટા રોકડમેળ તૈયાર કરો.

| | | |
|---|---|---|
| 2015 સપ્ટે. | 1 | શરૂઆતની રોકડસિલક (સહાયક કૅશિયર પાસે) ₹ 3500 |
| | 1 | મુખ્ય કૅશિયર પાસેથી મળ્યા ₹ 1500 |
| | 3 | સ્ટેશનરી પેટે ચૂકવ્યા ₹ 1200 |
| | 4 | પરચૂરણ મજૂરીના ₹ 800 ચૂકવ્યા. |
| | 5 | લારીભાડાના ₹ 100 ચૂકવ્યા. |
| | 7 | ચા-પાણીના ₹ 200 ચૂકવી આપ્યા. |
| | 8 | તાર-ટપાલ તેમજ આંગડિયાનો ખર્ચ ₹ 250 થયો. |
| | 10 | તુષારને પગાર પેટે ₹ 1200 ઉછીના આપ્યા. |
| | 11 | લારીભાડાના ₹ 150 ચૂકવ્યા. |
| | 12 | મજૂરી પેટે ₹ 180 અને ટપાલટિકિટના ₹ 170 ચૂકવ્યા. |
| | 13 | ચા-પાણીનો ખર્ચ ₹ 150 ચૂકવ્યો. |
| | 14 | લારીભાડાનાં ₹ 150 ચૂકવ્યા. |
| | 15 | અન્ય પરચૂરણ ખર્ચ ₹ 100નો થયો. |

જવાબ :

**શ્રી ભરતભાઈનો પેટા રોકડમેળ**

| આવક (₹) | તારીખ | વિગત | વા. નં. | ચૂકવેલ કુલ રકમ (₹) | વિવિધ ખર્ચની વિગત | | | | | | ખા. પા. | ખાતા-વહીમાં વ્યક્તિ ખાતે |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | મજૂરી (₹) | ચા-પાણી (₹) | સ્ટેશ-નરી (₹) | તાર-ટપાલ (₹) | લારી-ભાડું (₹) | પરચૂરણ ખર્ચ (₹) | | |
| | 2015 | | | | | | | | | | | |
| 3500 | સપ્ટે.1 | શરૂઆતની સિલક | | | | | | | | | | |
| 1500 | 1 | મુખ્ય કૅશિયર ખાતે | | | | | | | | | | |
| | 3 | સ્ટેશનરી ખર્ચ ખાતે | | 1200 | – | – | 1200 | – | – | – | – | – |
| | 4 | પરચૂરણ મજૂરી ખાતે | | 800 | 800 | – | – | – | – | – | – | – |
| | 5 | લારીભાડા ખર્ચ ખાતે | | 100 | – | – | – | – | 100 | – | – | – |
| | 7 | ચા-પાણી ખર્ચ ખાતે | | 200 | – | 200 | – | – | – | – | – | – |
| | 8 | તાર-ટપાલ ખર્ચ ખાતે | | 250 | – | – | – | 250 | – | – | – | – |
| | 10 | તુષાર ખાતે | | 1200 | – | – | – | – | – | – | – | 1200 |
| | 11 | લારીભાડા ખર્ચ ખાતે | | 150 | – | – | – | – | 150 | – | – | – |
| | 12 | મજૂરી ખર્ચ ખાતે અને ટપાલટિકિટ ખર્ચ ખાતે | | 350 | 180 | – | – | 170 | – | – | – | – |
| | 13 | ચા-પાણી ખર્ચ ખાતે | | 150 | – | 150 | – | – | – | – | – | – |
| | 14 | લારીભાડા ખર્ચ ખાતે | | 150 | – | – | – | – | 150 | – | – | – |
| | 15 | પરચૂરણ ખર્ચ ખાતે | | 100 | – | – | – | – | – | 100 | – | – |
| | | | | 4650 | 980 | 350 | 1200 | 420 | 400 | 100 | – | 1200 |
| | 15 | બાકી આગળ લઈ ગયા | | 350 | | | | | | | | |
| 5000 | | | | 5000 | | | | | | | | |
| | 2015 | | | | | | | | | | | |
| 350 | 16 | બાકી આગળ લાવ્યા | | | | | | | | | | |

**(B) અનામત પેટા રોકડમેળ :** અહીં આ પ્રકારે પેટા રોકડમેળ તૈયાર કરવાની પદ્ધતિમાં મુખ્ય કૅશિયર અમુક નિયત કરેલી રકમ અમુક ચોક્કસ સમયની શરૂઆતમાં (દા.ત., દર મહિને કે પખવાડિયે) પેટા (સહાયક) કૅશિયરને આપે છે. પેટા કૅશિયર આ મળેલ રકમમાંથી વિવિધ પ્રકારના પરચૂરણ ખર્ચાઓની ચુકવણી કરે છે અને તેની નોંધ રાખે છે. નિયત કરેલ સમયના અંતે સહાયક કૅશિયર તેણે કરેલા ખર્ચની વિગતો મુખ્ય કૅશિયરને આપે છે. સહાયક (પેટા) કૅશિયરે તેણે કરેલ ખર્ચની રકમ મુખ્ય કૅશિયર નવા સમયની શરૂઆતમાં સહાયક કૅશિયરને આપે છે, તેથી નવા સમયની શરૂઆતમાં સહાયક કૅશિયર પાસે ફરીથી નિયત કરેલી રકમ જેટલી સિલક થઈ જાય છે. આ પ્રકારની પદ્ધતિમાં દર નવા સમયની શરૂઆતમાં પેટા રોકડસિલકની નક્કી કરેલ રકમ જેટલી રકમ જાળવી રાખવામાં આવતી હોવાથી તેને અનામત પેટા રોકડમેળની પદ્ધતિ તરીકે ઓળખવામાં આવે છે.

દા.ત., ઉદાહરણ 9માં જો અનામત પદ્ધતિએ પેટા રોકડમેળ રાખવામાં આવ્યો હોય તો રોકડ અનામતની રકમ ₹ 5000 રાખવાની છે તેવો અર્થ થશે. કારણ કે 1 સપ્ટેમ્બરે ₹ 3500 પેટા રોકડસિલક છે અને મુખ્ય કૅશિયરે સહાયક કૅશિયરને ₹ 1500 આપ્યા છે. તા. 15-9-2015 સુધીમાં પેટા કૅશિયરે કુલ ખર્ચ ₹ 4650નો કર્યો છે અને તા. 15-9-15ના રોજ પેટા રોકડસિલક ₹ 350ની છે. તેથી હવે નવા સમયની શરૂઆતમાં એટલે કે તા. 16-9-2015ના રોજ ₹ 350 બાકી આગળ લાવ્યા તરીકે નોંધાશે; તથા તે જ તારીખે મુખ્ય કૅશિયર ₹ 4650 (કે જે તા. 1-9-15થી 15-9-15 સુધીના સમયનો સહાયક કૅશિયરે ચૂકવેલ પરચૂરણ ખર્ચ છે.) સહાયક કૅશિયરને આપશે. તેથી સહાયક કૅશિયરની પાસે નવા સમયની શરૂઆતમાં એટલે કે તા. 16 સપ્ટેમ્બરે પેટા રોકડસિલક ₹ 5000ની થઈ જશે.

**ઉદાહરણ 10 :** તા. 31-3-2015ના રોજ પૂરા થતા મહિનાનો પેટા રોકડમેળ કે જે અનામત પદ્ધતિએ રખાય છે તેના અંગે નીચે પ્રમાણે માહિતી મળી છે. આ માહિતી પરથી મુખ્ય કૅશિયરે કરવાની આમનોંધ લખો :

લારીભાડું ₹ 100; પરચૂરણ ખર્ચ ₹ 50; ચા-પાણી ખર્ચ ₹ 50; સ્ટેશનરી ખર્ચ ₹ 90; તાર-ટપાલ ખર્ચ ₹ 60.

**જવાબ :**

| તારીખ | વિગત | | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|---|
| 31-3-2015 | લારીભાડા ખર્ચ ખાતે | ઉ | | 100 | |
| | પરચૂરણ ખર્ચ ખાતે | ઉ | | 50 | |
| | ચા-પાણી ખર્ચ ખાતે | ઉ | | 50 | |
| | સ્ટેશનરી ખર્ચ ખાતે | ઉ | | 90 | |
| | તાર-ટપાલ ખર્ચ ખાતે | ઉ | | 60 | |
| | તે સહાયક કૅશિયર ખાતે | | | | 350 |
| | [બા.જે. : પેટા રોકડમેળ મુજબ થયેલ ખર્ચની વિગત.] | | | | |
| 1-4-2015 | સહાયક કૅશિયર ખાતે | ઉ | | 350 | |
| | તે રોકડ ખાતે | | | | 350 |
| | [બા.જે. : સહાયક કૅશિયરને રોકડ આપી તેના.] | | | | |

**ઉદાહરણ 11 :** નીચેના વ્યવહારો પરથી શ્રી દર્શનભાઈનો પેટા રોકડમેળ અનામત પદ્ધતિએ તૈયાર કરો.

2015

માર્ચ 1 મુખ્ય કૅશિયર પાસેથી રોકડા મળ્યા ₹ 4000.

3 લારીભાડાના ₹ 120 ચૂકવ્યા.

5 પરચૂરણ ખર્ચના ₹ 130 ચૂકવ્યા.

7 અર્પિતને પગાર પેટે ઉછીના આપ્યા ₹ 500.

10 તાર-ટપાલ ખર્ચના ₹ 100 ચૂકવ્યા.

12 બિલ-બુકની છપામણીના ₹ 250 ચૂકવ્યા.

15 ચા-પાણીના ખર્ચના ₹ 100 અને સ્ટેશનરી ખર્ચના ₹ 100 ચૂકવ્યા.

18 પરચૂરણ ખર્ચના ચૂકવ્યા ₹ 100

23 લારીભાડાના ₹ 100 અને સ્ટેશનરીના ₹ 150 ચૂકવ્યા.

28 ટપાલટિકિટના ₹ 50 ચૂકવ્યા.

29 લારીભાડાના ₹ 120 અને ચા-પાણીના ₹ 80 ચૂકવ્યા.

મહિનાની શરૂઆત અને અંતમાં સહાયક કૅશિયરને રોકડ આપવામાં આવે છે.

જવાબ : **શ્રી દર્શનભાઈનો માર્ચ 2015નો પેટા રોકડમેળ**

| આવક (₹) | તારીખ | વિગત | વા. નં. | ચૂકવેલ કુલ રકમ (₹) | વિવિધ ખર્ચની વિગત | | | | | ખા. પા. | ખાતાવહીમાં વ્યક્તિ ખાતે |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | તાર-ટપાલ (₹) | સ્ટેશનરી (₹) | ચા-પાણી (₹) | લારી-ભાડું (₹) | અન્ય પરચૂરણ ખર્ચ (₹) | | |
| | 2015 | | | | | | | | | | |
| 4000 | માર્ચ 1 | મુખ્ય કૅશિયર ખાતે | | | | | | | | | |
| | 3 | લારીભાડા ખર્ચ ખાતે | | 120 | – | – | – | 120 | – | – | – |
| | 5 | પરચૂરણ ખર્ચ ખાતે | | 130 | – | – | – | – | 130 | – | – |
| | 7 | અર્પિત ખાતે | | 500 | – | – | – | – | – | – | 500 |
| | 10 | તાર-ટપાલ ખર્ચ ખાતે | | 100 | 100 | – | – | – | – | – | – |
| | 12 | સ્ટેશનરી ખર્ચ ખાતે (બિલબુક-છપામણી) | | 250 | – | 250 | – | – | – | – | – |
| | 15 | ચા-પાણી તથા સ્ટેશનરી ખર્ચ ખાતે | | 200 | – | 100 | 100 | – | – | – | – |
| | 18 | પરચૂરણ ખર્ચ ખાતે | | 100 | – | – | – | – | 100 | – | – |
| | 23 | લારીભાડા ખાતે તથા સ્ટેશનરી ખર્ચ ખાતે | | 250 | – | 150 | – | 100 | – | – | – |
| | 28 | ટપાલ-ટિકિટ ખર્ચ ખાતે | | 50 | 50 | – | – | – | – | – | – |
| | 29 | લારીભાડા ખાતે તથા ચા-પાણી ખર્ચ ખાતે | | 200 | – | – | 80 | 120 | – | – | – |
| | | | | **1900** | **150** | **500** | **180** | **340** | **230** | – | **500** |
| | 31 | બાકી આગળ લઈ ગયા | | 2100 | | | | | | | |
| 4000 | | | | 4000 | | | | | | | |
| 2100 | એપ્રિલ | બાકી આગળ લાવ્યા | | | | | | | | | |
| 1900 | 1 | મુખ્ય કૅશિયર ખાતે | | | | | | | | | |

**ત્રણ ખાનાંવાળા રોકડમેળના વધારાનાં ઉદાહરણો :**

**ઉદાહરણ 12 :** નીચેના વ્યવહારો પરથી શ્રી મિત્તલબહેનનો ત્રણ ખાનાંવાળો રોકડમેળ તૈયાર કરો :

2015

જુલાઈ 1 શરૂઆતની રોકડસિલક ₹ 7000

બૅન્ક ઓવરડ્રાફ્ટ ₹ 4000

2 ખુશાલીને ₹ 4000નો માલ વેચ્યો. તેની પાસેથી ચેક મળ્યો જે બૅન્કમાં ભર્યો.

4 યેશાને ₹ 8000નો માલ 10 % રોકડ વટાવે વેચ્યો. અડધી રકમ રોકડેથી અને બાકીની રકમનો ચેક મળ્યો, જે બૅન્કમાં ભરી દીધો.

6 દિપેન પાસેથી ₹ 3000નો માલ 10 % રોકડવટાવે રોકડેથી ખરીદ્યો.

7 બૅન્કમાં ₹ 1000 ભર્યા.

9 ગોપીને પગારના ₹ 800 ચેકથી ચૂકવી આપ્યા.

11 સુરેશ સ્ટેશનરી માર્ટમાંથી ₹ 300ની સ્ટેશનરી ખરીદી નાણાં ચેકથી ચૂકવ્યાં.

14 દીપક ₹ 6005ના દેવા પેટે ₹ 5900 રોકડ આપી હિસાબ ચૂકતે કરી ગયા.

17 પરેશને ₹ 8080ના ચૂકતે હિસાબ પેટે ₹ 8000નો ચેક લખી આપ્યો.

20 ભાડાના ₹ 3000 રોકડા ચૂકવ્યા.

24 અંગત વપરાશ માટે ધંધામાંથી ₹ 2000 રોકડા ઉપાડ્યા.

28 તાર-ટપાલ ખર્ચના ₹ 200 ચૂકવ્યા.

29 મજૂરીના ₹ 600 ચૂકવ્યા.

31 ₹ 2000 હાથ પર સિલક રાખીને બાકીની રકમ બૅન્ક ખાતામાં ભરી દીધી.

જવાબ :

**શ્રી મિત્તલબહેનનો જુલાઈ 2015નો રોકડમેળ**

ઉધાર જમા

| તારીખ | વિગત (આય) | પ હોં. નં. | ખા. પા. | આપેલ વટાવ (₹) | રોકડ રકમ (₹) | બૅન્ક રકમ (₹) | તારીખ | વિગત (વ્યય) | વા ઉ. નં. | ખા. પા. | મળેલ વટાવ (₹) | રોકડ રકમ (₹) | બૅન્ક રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 2015 જુલાઈ | | | | | | | 2015 જુલાઈ | | | | | | |
| 1 | બાકી આગળ લાવ્યા | | | – | 7000 | – | 1 | બાકી આગળ લાવ્યા (ઓ.ડ્રા.) | | | – | – | 4000 |
| 2 | વેચાણ ખાતે | | | – | – | 4000 | 6 | ખરીદ ખાતે | | | 300 | 2700 | – |
| 4 | વેચાણ ખાતે | | | 800 | 3600 | 3600 | 7 | બૅન્ક ખાતે | | જ.ખ. | – | 1000 | – |
| 7 | રોકડ ખાતે | | જ.ખ. | – | – | 1000 | 9 | પગાર ખાતે | | | – | – | 800 |
| 14 | દીપક ખાતે | | | 105 | 5900 | – | 11 | સ્ટેશ. ખર્ચ ખાતે | | | – | – | 300 |
| 31 | રોકડ ખાતે | | જ.ખ. | – | – | 5000 | 17 | પરેશ ખાતે | | | 80 | – | 8000 |
| | | | | | | | 20 | ભાડા ખાતે | | | – | 3000 | – |
| | | | | | | | 24 | ઉપાડ ખાતે | | | – | 2000 | – |
| | | | | | | | 28 | તાર-ટપાલ ખર્ચ ખાતે | | | – | 200 | – |
| | | | | | | | 29 | મજૂરી ખાતે | | | – | 600 | – |
| | | | | | | | 31 | બૅન્ક ખાતે | | જ.ખ. | – | 5000 | – |
| | | | | | | | 31 | બાકી આગળ લઈ ગયા. | | | – | 2000 | 500 |
| | | | | **905** | **16,500** | **13,600** | | | | | **380** | **16,500** | **13,600** |
| 2015 ઑગ.1 | બા. આ. લાવ્યા | | | | 2000 | 500 | | | | | | | |

**નોંધ :**

(1) તા. 7 અને 31ના વ્યવહારની અસર રોકડ અને બૅન્ક બંને ખાતે થાય છે - જમા-ખર્ચી વ્યવહાર છે.

(2) આપેલ વટાવના ₹ 905 ખાતાવહીમાં આપેલ વટાવના ખાતામાં ઉધાર બાજુએ અને મળેલ વટાવના ₹ 380 ખાતાવહીમાં મળેલ વટાવના ખાતામાં જમાબાજુએ ખતવાશે.

**ઉદાહરણ 13 :** નીચેના વ્યવહારો પરથી શ્રી કુણાલનો ત્રણ ખાનાંવાળો રોકડમેળ તૈયાર કરો :

2015

ઑગસ્ટ 1 શરૂઆતની રોકડસિલક ₹ 3000; બૅન્કસિલક ₹ 6000

2 નિલેશને 10 ટકા વેપારીવટાવે ₹ 10,000નો માલ વેચ્યો. નાણાં ચેકથી મળ્યાં, જે બૅન્કમાં ભર્યા.

7 નિલેશ પાસેથી મળેલ ચેક નકરાયો.

9 નિલેશના રિસીવરે રૂપિયે 50 પૈસા લેખે ડિવિડન્ડ ચેકથી આપ્યું.

10 ભીખુભાઈને ₹ 6000નો માલ 10 ટકા રોકડવટાવે રોકડેથી વેચ્યો.

13 ચેતના પાસેથી ₹ 5000નો માલ 10 ટકા રોકડવટાવે ખરીદ્યો. અડધી રકમ ચેકથી અને બાકીનાં નાણાં રોકડા ચૂકવ્યા.

15 બૅન્કે ડિવિડન્ડના ₹ 1000 વસૂલ કરી આપણા ખાતામાં જમા કર્યા છે.

17 બૅન્કે બૅન્કવ્યાજના ₹ 100 આપણા ખાતે જમા આપ્યા છે.

24 જાહેરાત ખર્ચના ₹ 3000 રોકડ ચૂકવ્યા.

26 ઘરે સત્યનારાયણની કથા નિમિત્તે ₹ 1000નો ખર્ચ થયો, જે ધંધામાંથી ચૂકવ્યા.

27 ઘર માટે ₹ 3000નું ફર્નિચર ખરીદ્યું. નાણાં ચેકથી ચૂકવ્યા.

28 ગિરીશને ₹ 3090ના દેવા પેટે ₹ 3000નો ચેક આપી હિસાબ ચૂકતે કર્યો.

29 પ્રવીણ ₹ 2575ના હિસાબની સામે ₹ 2500નો ચેક આપી હિસાબ ચૂકતે કરી ગયા.

31 ₹ 500 રોકડ હાથ પર રાખી બાકીની રકમ બૅન્કમાં ભરી.

**જવાબ :**

**શ્રી કુણાલનો ઑગસ્ટ 2015નો રોકડમેળ**

**ઉધાર** **જમા**

| તારીખ | વિગત (આય) | પહોં. નં. | ખા. પા. | આપેલ વટાવ (₹) | રોકડ રકમ (₹) | બૅન્ક રકમ (₹) | તારીખ | વિગત (વ્યય) | વાઉ. નં. | ખા. પા. | મળેલ વટાવ (₹) | રોકડ રકમ (₹) | બૅન્ક રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 2015 ઑગસ્ટ | | | | | | | 2015 ઑગસ્ટ | | | | | | |
| 1 | બાકી આગળ લાવ્યા | | | | 3000 | 6000 | 7 | નિલેશ ખાતે | | | – | – | 9000 |
| | | | | | | | 13 | ખરીદ ખાતે | | | 500 | 2250 | 2250 |
| 2 | વેચાણ ખાતે | | | | – | 9000 | 24 | જાહેરાત ખર્ચ ખાતે | | | – | 3000 | – |
| 9 | નિલેશ ખાતે (રિસીવરે 50 પૈસા લેખે ચેકથી ડિવિડન્ડના ચૂકવ્યા) | | | | – | 4500 | 26 | ઉપાડ ખાતે | | | – | 1000 | – |
| | | | | | | | 27 | ઉપાડ ખાતે | | | – | – | 3000 |
| | | | | | | | 28 | ગિરીશ ખાતે | | | 90 | – | 3000 |
| 10 | વેચાણ ખાતે | | | 600 | 5400 | – | 31 | બૅન્ક ખાતે | | જ.ખ. | – | 1650 | – |
| 15 | ડિવિડન્ડ ખાતે | | | – | – | 1000 | 31 | બાકી આગળ લઈ ગયા | | | – | 500 | 7500 |
| 17 | બૅન્ક વ્યાજ ખાતે | | | – | – | 100 | | | | | | | |
| 29 | પ્રવીણ ખાતે | | | 75 | – | 2500 | | | | | | | |
| 31 | રોકડ ખાતે | | જ.ખ. | – | – | 1650 | | | | | | | |
| | | | | **675** | **8400** | **24,750** | | | | | **590** | **8400** | **24,750** |
| સપ્ટે.1 | બાકી આગળ લાવ્યા | | | – | 500 | 7500 | | | | | | | |

## સ્વાધ્યાય

**1. દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) રોકડ વ્યવહારની નોંધ રાખવા માટે તૈયાર કરવામાં આવતી પેટાનોંધ એટલે ..........

(અ) ખરીદનોંધ (બ) વેચાણનોંધ

(ક) રોકડમેળ (ડ) દેવીહૂંડી નોંધ

(2) બે ખાનાંવાળો રોકડમેળ કેટલી પદ્ધતિએ તૈયાર કરવામાં આવે છે ?

(અ) 2 (બ) 3

(ક) 4 (ડ) 5

(3) .......... એ આમનોંધ અને રોકડ ખાતાની ગરજ સારે છે.

(અ) રોકડમેળ (બ) વેચાણનોંધ

(ક) વેચાણ-પરત નોંધ (ડ) લેણીહૂંડી નોંધ

(4) કયા પ્રકારના વટાવની ચોપડે નોંધ કરવામાં આવતી નથી ?

(અ) કસર (બ) મળેલ વટાવ

(ક) આપેલ વટાવ (ડ) વેપારી વટાવ

(5) બૅન્ક આપણા ખાતે વ્યાજ જમા કરે ત્યારે...

(અ) બૅન્કસિલક ઘટે (બ) બૅન્કસિલક વધે

(ક) રોકડસિલક ઘટે (ડ) રોકડસિલક વધે

(6) કેવા વ્યવહારોની રોકડમેળમાં નોંધ કરવામાં આવતી નથી ?

(અ) રોકડ ખરીદીના (બ) રોકડ વેચાણના

(ક) રોકડ વટાવના (ડ) બિનરોકડ વ્યવહારોના

**2. નીચેના પ્રશ્નોના બે કે ત્રણ વાક્યમાં જવાબ લખો :**

(1) રોકડમેળનો અર્થ સમજાવો.

(2) બૅન્ક ઓવરડ્રાફ્ટ એટલે શું ?

(3) બૅન્ક ખાતાની બાકી શું સૂચવે છે ?

(4) પેટા રોકડમેળનો અર્થ સમજાવો.

(5) NEFT અને RTGSનું પૂરું નામ જણાવો.

(6) રોકડમેળનું મહત્ત્વ ટૂંકમાં સ્પષ્ટ કરો.

(7) જમા-ખર્ચી વ્યવહાર - સમજાવો.

(8) બૅન્કબુક વિશે ઉદાહરણ દ્વારા સમજાવો.

(9) અનામત પદ્ધતિએ પેટા રોકડમેળનો અર્થ સ્પષ્ટ કરો.

**3. નીચેના વ્યવહારોની નોંધ પ્રાપ્તિના રોકડમેળમાં કરો :**

2015

જૂન 1 શરૂઆતની રોકડસિલક ₹ 10,000

2 રોકડ વેચાણ ₹ 3000

3 ધંધામાં વધુ નાણાંની જરૂર હોવાથી પ્રાપ્તિ ₹ 2000 રોકડા ધંધામાં લાવી.

5 રોકડ ખરીદી ₹ 6000

7 પગારના ₹ 1000 અને દલાલીના ₹ 1500 રોકડા ચૂકવ્યા.

9 દ્રોણ પાસેથી ₹ 5000નો માલ રોકડેથી ખરીદ્યો.

11 માનસીને ₹ 6000નો માલ રોકડેથી વેચ્યો.

19 નૈરુતિને ₹ 3000 ગયા મહિનામાં ખરીદેલ માલ પેટે ચૂકવી આપ્યા.

23 કિંજલે ₹ 1500 ગયા મહિને તેને વેચેલ માલ પેટે ચૂકવી આપ્યા.

25 ₹ 600ની જૂની સાઇકલ ધંધા માટે ખરીદી.

28 ₹ 1000 કમિશન પેટે મળ્યા.

30 ₹ 3500નું યંત્ર ધંધા માટે ખરીદ્યું.

**4. નીચેના વ્યવહારો પરથી જ્વલિતનો રોકડ અને વટાવનાં ખાનાંવાળો રોકડમેળ તૈયાર કરો :**

2015

એપ્રિલ 1 શરૂઆતની રોકડસિલક ₹ 5500

3 ₹ 4000નો માલ 10 ટકા રોકડવટાવે વેચ્યો.

4 ₹ 3000નો માલ 10 ટકા વેપારીવટાવે વેચ્યો.

5 અર્થને ₹ 2030નો હિસાબ ચૂકતે કરવા ₹ 2000 રોકડા ચૂકવી આપ્યા.

10 ₹ 4000નો માલ 5 ટકા રોકડવટાવે ખરીદ્યો.

13 પગારના ₹ 1000 અને મજૂરીના ₹ 600 રોકડા ચૂકવી આપ્યા.

15 કમિશનના ₹ 100 અને દલાલીના ₹ 900 મળ્યા.

17 ક્રિષ્નાને ₹ 1420ના હિસાબ પેટે ₹ 1400 આપી ચૂકતે કરી આપ્યો.

18 ₹ 5000નો માલ 10 ટકા વેપારીવટાવે અને 5 ટકા રોકડવટાવે વેચ્યો.

19 ₹ 6000નું એક યંત્ર રમેશ પાસેથી ખરીદ્યું, જેના પેટે ₹ 2000 રોકડા ચૂકવ્યા અને બાકીની રકમ એક માસ પછી ચૂકવી આપવાનું નક્કી કર્યું.

23 ધંધામાં વધુ નાણાંની જરૂર હોવાથી ₹ 3000ની કિંમતનું ઘરનું ફર્નિચર ₹ 3500માં વેચી દીધું અને ₹ 2500 ધંધામાં લાવ્યા.

27 ₹ 225 વેપારી મહામંડળને વાર્ષિક ફી તરીકે ચૂકવી આપ્યા.

29 ગોડાઉન ભાડું ₹ 600 રોકડેથી ચૂકવી આપ્યું અને લારીભાડાના ₹ 300 શંભુને રોકડા આપી દીધા.

**5. નીચેના વ્યવહારો પરથી રિદ્ધિનો રોકડ અને બૅન્ક ખાનાંવાળો રોકડમેળ તૈયાર કરો :**

2015

મે 1 શરૂઆતની રોકડસિલક ₹ 4000, શરૂની બૅન્કસિલક ₹ 6000

2 મોનિકાને ₹ 5000નો માલ 10 ટકા વેપારીવટાવે વેચ્યો. મોનિકાએ જરૂરી રકમનો ચેક આપ્યો, જે તરત જ બૅન્કમાં ભરી દીધો.

4 ₹ 2000 પગાર પેટે અને ₹ 100 દલાલી પેટે રોકડા ચૂકવી આપ્યા.

6 ₹ 3000 બૅન્કમાંથી અંગત ખર્ચ માટે ઉપાડ્યા.

10 ₹ 6000નો માલ હિરેનને વેચ્યો. હિરેને ₹ 4000 રોકડા અને બાકીની રકમનો ચેક આપ્યો, જે બૅન્કમાં ભરી દીધો.

12 ₹ 5000નો માલ ખરીદ્યો અને રકમ ચેકથી ચૂકવી આપી.

17 ₹ 2000 દુકાનભાડું ચેકથી ચૂકવી આપ્યું.

21 ₹ 4500નો માલ 10 ટકા વેપારીવટાવે રોકડેથી ખરીદ્યો.

24 કરિશ્માએ તેના દેવા પેટે ₹ 2550 રોકડા ચૂકવી આપ્યા.

26 આત્મકલ્યાણીને ₹ 1200 જૂનો હિસાબ ચૂકતે કરવા રોકડા ચૂકવી આપ્યા.

29 જહાન્વીએ ₹ 3000નો ચેક આપ્યો જે તરત જ બૅન્કમાં ભરી દીધો.

30 ₹ 1000 રોકડા બૅન્કમાં ભર્યા.

**6. નીચેના વ્યવહારો પરથી ભગવતી ટ્રેડર્સના ચોપડે રોકડ અને બૅન્ક ખાનાંવાળો રોકડમેળ તૈયાર કરો :**

2015

જુલાઈ 1 શરૂઆતની રોકડસિલક ₹ 5000, શરૂનો બૅન્ક ઓવરડ્રાફ્ટ ₹ 1500

3 ₹ 8000નો માલ 10 ટકા વેપારીવટાવે રોકડેથી જાનકીને વેચ્યો.

5 ₹ 3000 રોકડા બૅન્કમાં ભર્યા.

6 ₹ 2000નો માલ જીનલને વેચ્યો, જેની સામે જીનલે રકમ ચેકથી તરત જ ચૂકવી આપી. જે બૅન્કમાં ભર્યા.

8 ₹ 2000નું ફર્નિચર ખરીદ્યું અને રકમ તરત જ ચેકથી ચૂકવી આપી.

9 ભાર્ગવીની પાસેથી ₹ 3000નો ચેક મળ્યો, જે પાર્થને વેચાણશેરો કરી આપ્યો.

13 હર્ષિતને ₹ 6000નો માલ વેચ્યો, જેની સામે 50 ટકા રકમ રોકડેથી અને બાકીની રકમ ચેકથી હર્ષિતે તરત જ ચૂકવી આપી. ચેક તરત જ બૅન્કમાં ભર્યો.

15 ₹ 6000નો માલ દિવ્યેશ પાસેથી ખરીદ્યો અને રકમ તરત જ રોકડમાં ચૂકવી આપી.

18 પગારના ₹ 1000 અને દલાલીના ₹ 500 રોકડેથી ચૂકવી આપ્યા.

22 બૅન્કમાંથી ₹ 1000 વીજળી બિલના ચૂકવવા માટે ઉપાડ્યા.

23 વીજળી બિલ ચૂકવી આપ્યું.

24 સ્મિથને ₹ 1400નો માલ વેચ્યો જેની સામે તેણે જરૂરી રકમનો ચેક આપ્યો. આ ચેક તરત જ બૅન્કમાં ભરી દીધો.

27 સ્મિથે આપેલો ચેક નકરાયાની જાણ આપણને બૅન્કે કરી.

28 બૅન્કે આપણા ખાતે ઓવરડ્રાફ્ટના વ્યાજ ₹ 100 ઉધાર્યા છે, તેની જાણ બૅન્ક ઍડ્વાઇસ દ્વારા આપણને મળી.

**7. નીચેના વ્યવહારો પરથી અખિલેશનો બૅન્ક અને વટાવનાં ખાનાંવાળો રોકડમેળ તૈયાર કરો :**

2015

જુલાઈ 1 શરૂઆતનો બૅન્ક ઓવરડ્રાફ્ટ ₹ 13,500.

2 પ્રેમલને ₹ 5000નો માલ વેચ્યો, જેની સામે તેણે ચૂકતે હિસાબે ₹ 4950નો ચેક આપ્યો. જે તરત બૅન્કમાં ભરી દીધો.

8 ₹ 6000નો માલ ખરીદ્યો અને જરૂરી રકમનો ચેક લખી આપ્યો.

10 ₹ 5060ની ચુકવણી પેટે ₹ 5000નો ચેક ગીતાબહેન પાસેથી મળ્યો.

15 ₹ 7015ના દેવા સામે ₹ 7000નો ચેક હિસાબ ચૂકતે કરવા આરાધનાને આપ્યો.

20 કાજોલને ₹ 16,000નો માલ વેચ્યો, જેની સામે તેણે જરૂરી રકમનો ચેક આપ્યો. જે બૅન્કમાં ભર્યો.

25 ₹ 2000 રોકડા બૅન્કમાં ભર્યા.

29 કાજોલે આપેલો ચેક નકરાયો.

**8. નીચેના વ્યવહારો પરથી નમ્રતાનો ત્રણ ખાનાંવાળો રોકડમેળ તૈયાર કરો :**

2015

ઑગસ્ટ 1 શરૂઆતની રોકડસિલક ₹ 7000; શરૂની બૅન્કસિલક ₹ 6000

3 રોકડ ખરીદી ₹ 6000; રોકડ વેચાણ ₹ 7000

5 ₹ 3000 બૅન્કમાં ભર્યા.

6 ધંધામાં વધુ નાણાંની જરૂર હોવાથી પ્રભુ પાસેથી 8 ટકાના વ્યાજના દરે ₹ 5000ની લોન લીધી.

8 ₹ 3000નો માલ 10 ટકા રોકડ વટાવે માનસીને વેચ્યો, માનસીએ જરૂરી રકમનો ચેક આપ્યો, જે બૅન્કમાં ભર્યો.

10 ₹ 7000નો માલ દ્વિજ પાસેથી ખરીદ્યો અને 50 ટકા રકમ તરત જ રોકડેથી ચૂકવી આપી.

12 પગારના ₹ 3000, મજૂરીના ₹ 500 અને સ્ટેશનરીના ₹ 200 ચેકથી ચૂકવી આપ્યા.

14 કમિશનના ₹ 1000 અને દલાલીના ₹ 500 રોકડા મળ્યા.

16 બૅન્કે ₹ 100 સિલક પરના વ્યાજ પેટે નમ્રતાનાં ખાતામાં જમા કર્યા છે.

17 ₹ 2000 બૅન્કમાંથી વીજળી ખર્ચ ચૂકવવા ઉપાડ્યા.

20 ₹ 1000 વીજળી ખર્ચ પેટે ચૂકવ્યા અને અન્ય ₹ 1000 અંગત વપરાશ માટે ધંધામાંથી લીધા.

22 પાર્થને ₹ 5000નો માલ વેચ્યો, તેણે 10 ટકા લેખે રોકડવટાવ બાદ કરી જરૂરી રકમનો ચેક આપ્યો જે તરત બૅન્કમાં ભરી દીધો.

25 પાર્થે આપેલો ચેક નકરાયો.

28 બંસરીને જૂના દેવા પેટે ₹ 6050નો ચેક આપ્યો. કુલ દેવું ₹ 6100નું હતું.

29 ગોપીએ તેના ₹ 2040ના દેવા પેટે ₹ 2000 રોકડા ચૂકવી આપ્યા.

31 ₹ 5000 હાથ પર રાખીને બાકીની રકમ બૅન્કમાં ભરી દીધી.

**9. નીચેના વ્યવહારો પરથી કલ્પનાના ચોપડે બૅન્કબુક તૈયાર કરો :**

2015

સપ્ટે. 1 શરૂઆતની બૅન્કસિલક (સ્ટેટ બૅન્ક ઑફ ઇન્ડિયા - SBI) ₹ 5000,
શરૂઆતનો બૅન્ક ઓવરડ્રાફ્ટ (બૅન્ક ઑફ બરોડા - BOB) ₹ 4000

2 ₹ 8000નો માલ ખરીદ્યો, જેની સામે ₹ 3000નો SBIનો ચેક આપ્યો અને બાકીની રકમનો BOBનો ચેક આપ્યો.

4 ₹ 7000નો માલ જેનીને વેચ્યો, જેનીએ જરૂરી રકમનો ચેક આપ્યો, જે BOBના બૅન્ક ખાતામાં ભરી દીધો.

6 પગારનો ₹ 3000નો BOBનો ચેક આપ્યો.

8 વ્યાજના ₹ 700 અને ડિવિડન્ડના ₹ 2000 બૅન્કે (SBI) વસૂલ કરી આ રકમ ખાતામાં જમા આપી છે.

10 ₹ 1500 SBI માંથી અંગત ખર્ચ માટે ઉપાડ્યા.

12 જીનલ પાસેથી હિસાબની ચુકવણી પેટે ₹ 15,000નો ક્રોસ્ડ ચેક મળ્યો. જે BOBના ખાતામાં ભર્યો.

20 ₹ 2000નો ચેક SBI ખાતામાંથી લખી, BOBનાં ખાતામાં ભર્યો.

22 ₹ 4000નો માલ 10 ટકા રોકડવટાવે વેચ્યો, જે માટે ચેક મળ્યો, જે BOBના ખાતામાં ભર્યો.

**10. નીચેના વ્યવહારો પરથી જિગરનો પેટા રોકડમેળ તૈયાર કરો :**

2015

ઑક્ટો. 1 શરૂઆતની પેટા રોકડસિલક ₹ 4000

1 મુખ્ય કૅશિયર પાસેથી મળ્યા ₹ 1000

3 મજૂરીના ₹ 600 અને લારીભાડાના ₹ 400 ચૂકવ્યા.

5 તાર-ટપાલ અને ટિકિટનો ખર્ચ ₹ 700 ચૂકવ્યો.

8 મજૂરી પેટે ₹ 200 ચૂકવ્યા.

10 સ્ટેશનરી ખર્ચના ₹ 400 ચૂકવ્યા.
12 ચા-પાણીના ખર્ચના ₹ 150 ચૂકવ્યા.
14 મુખ્ય કૅશિયર પાસેથી ₹ 500 મળ્યા.
15 પરચૂરણ ખર્ચ ₹ 500 ચૂકવ્યો.
17 મિશાલને પરચૂરણ ખર્ચ ચૂકવવા માટે ₹ 400 આપ્યા.

**11. નીચેના વ્યવહારો પરથી શ્રી પ્રિન્સનો અનામત પદ્ધતિ અનુસાર પેટા રોકડમેળ તૈયાર કરો :**

2015

નવે. 1 મુખ્ય કૅશિયર પાસેથી રોકડા મળ્યા ₹ 5000
2 બિલબુક છપામણીના ₹ 500 અને સ્ટેશનરીની અન્ય બાબતોના ₹ 350 ચૂકવ્યા.
5 તાર-ટપાલ ખર્ચ ₹ 200નો થયો.
7 લારીભાડું ₹ 50 અને મજૂરીના ₹ 50 ચૂકવ્યા.
10 બ્રિજને પગાર પેટે ₹ 100 ચૂકવ્યા.
12 સંદીપને પરચૂરણ ખર્ચ ચૂકવવા ₹ 200 આપ્યા.
18 લારીભાડાના ₹ 50 અને સ્ટેશનરી ખર્ચ ₹ 300 ચૂકવ્યો.
20 પરચૂરણ ખર્ચના ₹ 100 ચૂકવ્યા.
24 ટિકિટનો ખર્ચ ₹ 80 થયો.
28 ₹ 350 મજૂરી પેટે અને ₹ 70 પરચૂરણ ખર્ચ પેટે ચૂકવ્યા.

**12. તા. 31-12-2015ના રોજ પૂરા થતા મહિનાનો રોકડમેળ કે જે અનામત પદ્ધતિએ રખાય છે, તેના અંગે નીચે પ્રમાણેની માહિતી મળી છે. આ માહિતી પરથી મુખ્ય કેશિયરે કરવાની આમનોંધ લખો :**

| | |
|---|---|
| સ્ટેશનરી ખર્ચ | ₹ 500 |
| લારીભાડું | ₹ 90 |
| મજૂરી | ₹ 980 |
| ચા-પાણી | ₹ 200 |
| પરચૂરણ ખર્ચ | ₹ 300 |

- **ત્રણ ખાનાંવાળા રોકડમેળના મહાવરા માટે વિશિષ્ટ સ્વાધ્યાય :**

**13. શ્રી મહેન્દ્રભાઈ ભટ્ટના નીચેના વ્યવહારો પરથી ત્રણ ખાનાંવાળો રોકડમેળ તૈયાર કરો :**

2016

જાન્યુ. 1 શરૂઆતની રોકડસિલક ₹ 3500; શરૂઆતનો બૅન્ક ઓવરડ્રાફ્ટ ₹ 6000
2 ₹ 2000નો માલ પરાગને 10 ટકા રોકડવટાવે રોકડેથી વેચ્યો.
4 ₹ 4000નો માલ 10 ટકા વેપારીવટાવે અને 5 ટકા રોકડવટાવે દીપક પાસેથી ખરીદ્યો અને રકમ ચેકથી ચૂકવી આપી.
6 ₹ 7000નો માલ અમીને વેચ્યો. અમીએ 40 ટકા રકમ રોકડેથી અને બાકીની રકમ ચેકથી ચૂકવી આપી. ચેક બૅન્કમાં ભર્યો.
8 ₹ 6000નો ચેક મળ્યો. જે ગૌરાંગે પોતાના જૂના દેવા ₹ 6050ના દેવાને ચૂકતે કરવા આપ્યો છે જે બૅન્કમાં ભર્યો.
12 પગારના ₹ 2000 NEFT દ્વારા ચૂકવ્યા અને NEFT ચાર્જના ₹ 5 ચૂકવ્યા.
15. ₹ 1500 સ્ટેશનરી ખર્ચના ચેકથી ચૂકવ્યા.
17 ₹ 4100 બૅન્કમાં ભર્યા.

20 ધંધામાં વધુ નાણાંની જરૂર હોવાથી ₹ 10,000ની કિંમતનું અંગત વાહન ₹ 8000માં વેચી ₹ 7000 ધંધામાં લાવ્યા.

23 દીકરીની શાળાની ફી ભરવા ₹ 6000 બૅન્કમાંથી ઉપાડ્યા.

25 ₹ 500 દુકાનભાડું ચૂકવી આપ્યું.

28 બૅન્કે બૅન્ક-કમિશનનાં ₹ 30 અને SMS ચાર્જિસના ₹ 20 ઉધાર્યા છે.

29 ₹ 5000 બૅન્કમાં ભર્યાં.

**14. નીચેના વ્યવહારો પરથી સોનમબહેનનો ત્રણ ખાનાંવાળો રોકડમેળ તૈયાર કરો :**

2016

ફેબ્રુ. 1 રોકડસિલક ₹ 16,000
બૅન્કસિલક ₹ 18,000

4 ₹ 8000નો માલ શ્રી અશોકભાઈને વેચ્યો. તેમણે NEFT દ્વારા બૅન્કમાં નાણાં ચૂકવી આપ્યાં.

6 ₹ 10,000નો માલ 10 ટકા રોકડવટાવે હેતલને રોકડેથી વેચ્યો.

9 ₹ 3000 બૅન્કમાં ભર્યા.

11 જીવન વીમા-પ્રીમિયમના ₹ 2000 NEFT દ્વારા ચૂકવ્યા અને બૅન્કે ₹ 3 ચાર્જના વસૂલ લીધા.

13 પગારના ₹ 3000 ચૂકવ્યા.

14 મજૂરીના ₹ 2000 ચૂકવ્યા.

17 રોકડ ખરીદી ₹ 1000, રોકડ વેચાણ ₹ 3000

19 ₹ 2500 ડિવિડન્ડના બૅન્કે NEFT દ્વારા જમા કર્યા છે.

21 કમિશનના ₹ 1200 ચૂકવી આપ્યા.

23 આગના વીમા-પ્રીમિયમના ભરવા ₹ 2500 NEFT દ્વારા ચૂકવ્યા છે, અને બૅન્કે ₹ 2 ચાર્જના વસૂલ કર્યા.

25 બૅન્કે બૅન્ક-વ્યાજના ₹ 200 અને કમિશનના ₹ 200 આપણા ખાતે NEFT થી જમા કરેલ છે.

28 બૅન્કે આપણાવતી વાહન લોનનો હપતો ₹ 12,000 NEFT દ્વારા ચૂકવી આપ્યો અને બૅન્કે ₹ 3 ચાર્જના વસૂલ કર્યા.

**15. નીચે આપેલા વ્યવહારો પરથી શ્રી માનસીનો ત્રણ ખાનાંવાળો રોકડમેળ તૈયાર કરો :**

2015

સપ્ટે. 1 રોકડસિલક ₹ 10,000, બૅન્ક ઓવરડ્રાફ્ટ ₹ 5000

2 કેવલ પાસેથી ₹ 5000નો માલ 10 ટકા વેપારીવટાવે અને 2 ટકા રોકડવટાવે રોકડેથી ખરીદ્યો.

6 જ્યોતિ પાસેથી ₹ 10,000નાં લેણાં પેટે ચૂકતે હિસાબના ₹ 8000 NEFT દ્વારા અને ₹ 1900 રોકડા મળ્યા.

10 વિનોદને પગારના ₹ 500 NEFT દ્વારા તથા ₹ 100 ભાડાનાં રોકડા ચૂકવ્યા અને બૅન્કે ₹ 3 ચાર્જના વસૂલ લીધા.

15 ₹ 3000નો માલ કાશ્મીરાબહેનને રોકડેથી વેચ્યો.

20 ₹ 500 ઑફિસ ખર્ચ માટે અને ₹ 350 ઘરખર્ચ માટે ઉપાડ્યા.

25 ₹ 3000નું યંત્ર ખરીદ્યું અને યંત્રને બેસાડવાની મજૂરીના ₹ 250 ચૂકવ્યા.

30 ₹ 1000 રોકડા હાથ પર રાખી બાકીના બૅન્કમાં ભર્યા.

**16. નીચેના વ્યવહારો શ્રી ભુપિન્દરનાં એપ્રિલ 2016નાં બે ખાનાંવાળા રોકડમેળમાં નોંધો :**

| | | |
|---|---|---|
| 2016 | | |
| એપ્રિલ | 1 | શરૂઆતની રોકડસિલક ₹ 55,000, બૅન્કસિલક ₹ 5,50,000 |
| | 3 | ₹ 5500 ધર્માદામાં આપ્યા. |
| | 3 | ₹ 49,500 મહેશના લેણા પેટે NEFT દ્વારા ચૂકવ્યા. NEFT ચાર્જનાં ₹ 5 થયા. બૅન્કે રકમ ઉધારી. |
| | 5 | ₹ 66,000 દર્શને પોતાના દેવા પેટે NEFT દ્વારા ચૂકવ્યા. બૅન્કે રકમ જમા લીધી. દર્શનને NEFT ચાર્જનાં ₹ 5 થયા. |
| | 6 | ભાડાનાં રોકડા ચૂકવ્યા ₹ 14,300. |
| | 8 | બૅન્કે કમિશનનાં ₹ 22,000 જમા લીધા. |
| | 10 | રોકડ ખરીદી ₹ 2,75,000, રકમ RTGS દ્વારા ચૂકવી. RTGS ચાર્જનાં ₹ 30 થયા. |
| | 12 | રોકડ વેચાણ ₹ 3,85,000, રકમ RTGS દ્વારા મળી. |
| | 13 | કલ્પનાને તેના લેણાં પેટે ₹ 22,000 NEFT દ્વારા ચૂકવ્યા અને NEFTના ચાર્જના ₹ 5 થયા. |
| | 20 | રોકડ વેચાણ ₹ 44,000 |
| | 24 | રોકડ ખરીદી ₹ 27,500 |
| | 25 | દીકરીની મેડિકલ કૉલેજ ફીના ₹ 49,500 NEFT દ્વારા મોકલ્યા અને બૅન્કે NEFTના ચાર્જના ₹ 5 સહિત રકમ ઉધારી. |
| | 30 | ડિવિડન્ડનાં ₹ 33,000 બૅન્કે જમા લીધા અને જીવન વીમા-પ્રીમિયમનાં ₹ 11,000 NEFT દ્વારા ચૂકવ્યા. |

◆

# 8

# ખાસ આમનોંધ (Journal Proper)


1. પ્રસ્તાવના
2. ખાસ આમનોંધનો અર્થ
3. ખાસ આમનોંધમાં નોંધાતા વ્યવહારો
4. ખાતાની ફેરબદલીના વ્યવહારો
5. આખરનોંધો
6. હવાલાનોંધ
7. ભૂલસુધારણા નોંધ – સ્વાધ્યાય


**1. પ્રસ્તાવના (Introduction)**

આપણે અગાઉ પેટાનોંધોના પ્રકરણમાં વિવિધ પેટાનોંધોનો અભ્યાસ કર્યો. ખાસ આમનોંધ પણ પેટાનોંધનો જ એક પ્રકાર છે. જે વ્યવહારની નોંધ અન્ય કોઈ પેટાનોંધમાં ન થાય, તેવા ધંધાકીય વ્યવહારો નોંધવા માટે ખાસ આમનોંધ રાખવામાં આવે છે. આમ, જે વ્યવહારો ખરીદનોંધ, વેચાણનોંધ, ખરીદપરત નોંધ, વેચાણપરત નોંધ, લેણીહૂંડી નોંધ, દેવીહૂંડી નોંધ, રોકડમેળ કે પેટા રોકડમેળમાં નોંધી શકાય તેવા ન હોય તેવા વ્યવહારો ખાસ આમનોંધમાં નોંધાય છે. દા.ત., ₹ 5000નું ફર્નિચર પાર્થિવને વેચ્યું. અહીં મિલકતનું ઉધાર વેચાણ કરવામાં આવેલ છે, જે ઉપર્યુક્ત પૈકીની કોઈ પણ પેટાનોંધમાં નોંધી શકાતું નથી. આવા ધંધાકીય વ્યવહારો ખાસ આમનોંધમાં નોંધવામાં આવે છે, જે પેટાનોંધોનો જ એક ભાગ છે.

**2. ખાસ આમનોંધનો અર્થ (Meaning of Journal Proper)**

અન્ય પેટાનોંધોમાં જે વ્યવહારો સામાન્યતઃ નોંધાતા નથી તેવા વ્યવહારો જે પેટાનોંધમાં નોંધવામાં આવે છે, તેને ખાસ આમનોંધ કહે છે.

ખાસ આમનોંધનો ઉપયોગ ખૂબ જ મર્યાદિત સ્વરૂપના વ્યવહારો માટે કરવામાં આવે છે. ખાસ આમનોંધનો નમૂનો અગાઉ શીખી ગયેલ આમનોંધ જેવો જ છે. જેમાં તારીખ, વિગત, ખા.પા., ઉધાર રકમ અને જમા રકમ એમ પાંચ ખાનાં હોય છે, જે નીચે મુજબ દર્શાવી શકાય છે.

**શ્રી ..........ની ખાસ આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| | | | | |

**3. ખાસ આમનોંધમાં નોંધાતા વ્યવહારો (Transactions of Journal Proper)**

આપણે જાણીએ છીએ કે જે વ્યવહારો અન્ય પેટાનોંધોમાં નોંધી શકાય તેવા ન હોય તેવા વ્યવહારો ખાસ આમનોંધમાં નોંધાય છે.

સામાન્ય રીતે ખાસ આમનોંધમાં નીચે મુજબના વ્યવહારો નોંધવામાં આવે છે :

**ખાસ આમનોંધમાં નોંધાતા વ્યવહારોનું વર્ગીકરણ**

(1) શરૂઆતની આમનોંધ

(2) અન્ય પેટાનોંધમાં ન સમાતા વ્યવહારો

(3) ખાતાની ફેરબદલીના વ્યવહારો

(4) આખરનોંધો

(5) હવાલાનોંધો

(6) ભૂલસુધારણા નોંધો

**(1) શરૂઆતની આમનોંધ :**

જ્યારે વેપારી ધંધો શરૂ કરે છે, ત્યારે શરૂઆતમાં જ પોતાની અંગત માલિકીની મિલકતો - દેવાં ધંધામાં લાવે છે. તેની ધંધાના ચોપડે ખાસ આમનોંધ લખવામાં આવે છે.

દા.ત., વિરેન્દ્ર ધંધો શરૂ કરવા ₹ 15,000 રોકડા, ₹ 10,000નું ફર્નિચર, ₹ 8000નો માલસ્ટૉક, ₹ 5000નાં અંગત દેવાં અને ₹ 3000નાં અંગત લેણાં ધંધામાં લાવ્યા. આ અંગેની નોંધ ખાસ આમનોંધમાં નીચે મુજબ થશે :

**શ્રી વિરેન્દ્રની ખાસ આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| | ફર્નિચર ખાતે ઉ | | 10,000 | |
| | માલસ્ટૉક ખાતે ઉ | | 8000 | |
| | લેણાં (દેવાદારો) ખાતે ઉ | | 3000 | |
| | તે દેવાં (લેણદારો) ખાતે | | | 5000 |
| | તે મૂડી ખાતે | | | 16,000 |
| | [બા.જે. : ₹ 10,000નું ફર્નિચર, ₹ 8000નો માલસ્ટૉક, ₹ 3000ના લેણાં તથા ₹ 5000ના દેવાં સહિત ધંધો શરૂ કર્યો તેનાં.] | | | |
| | **કુલ સરવાળો** | | **21,000** | **21,000** |

**નોંધ :** ધંધો શરૂ કરતી વખતે માલિક દ્વારા લાવવામાં આવેલ ₹ 15,000 રોકડા ખાસ આમનોંધમાં નોંધાશે નહિ, કારણ કે તેની નોંધ રોકડમેળમાં કરવામાં આવે છે.

**(2) અન્ય પેટાનોંધોમાં ન સમાવાતા વ્યવહારો :**

જે વ્યવહારની નોંધ અન્ય કોઈ પેટાનોંધોમાં ન થાય તેનો સમાવેશ ખાસ આમનોંધમાં કરવામાં આવે છે. આ પ્રકારના વ્યવહારોને મુખ્યત્વે ત્રણ ભાગમાં વહેંચી શકાય છે.

**(અ) મિલકતની ઉધાર ખરીદી કે ઉધાર વેચાણ સમયે થયેલ નફો કે નુકસાનની નોંધ :**

**મિલકતની ઉધાર ખરીદી કે વેચાણના વ્યવહારો :** જ્યારે કોઈ પણ મિલકતની ખરીદી કે વેચાણ રોકડેથી કરવામાં આવે ત્યારે તેની નોંધ રોકડમેળમાં કરવામાં આવે છે; પરંતુ જો મિલકતની ઉધાર ખરીદી કે વેચાણ તથા મિલકતની ઉધાર ખરીદી કે વેચાણ સમયે થયેલ નફો કે નુકસાનની નોંધ ખાસ આમનોંધમાં કરવામાં આવે છે.

દા.ત., (A) મેહુલે ₹ 20,000નું ફર્નિચર વિવેક ફર્નિચર માર્ટમાંથી શાખ પર ખરીદ્યું.

| | | | |
|---|---|---|---|
| ફર્નિચર ખાતે | ઉ | 20,000 | |
| તે વિવેક ફર્નિચર માર્ટ ખાતે | | | 20,000 |
| (બા.જે. : શાખ પર ફર્નિચર ખરીદ્યું તેના.) | | | |

(B) એક જૂનું યંત્ર કે જેની ચોપડે કિંમત ₹ 10,000, તે ₹ 8000માં મૌલિકને ઉધાર વેચ્યું.

| | | | |
|---|---|---|---|
| મૌલિક ખાતે | ઉ | 8000 | |
| યંત્ર વેચાણના નુકસાન ખાતે | ઉ | 2000 | |
| તે યંત્ર ખાતે | | | 10,000 |
| (બા.જે. : ₹ 10,000નું યંત્ર ₹ 8000માં શાખ પર વેચ્યું તેના.) | | | |

**(બ) એવા વ્યવહારો જેના માટે અલગ પેટાનોંધો રાખી હોય નહિ :** કેટલીકવાર અમુક પ્રકારના વ્યવહારોની સંખ્યા ખૂબ જ મર્યાદિત હોય છે. તેવા વ્યવહારો માટે અલગ પેટાનોંધો ન રાખવામાં આવે, તો તેવા વ્યવહારો ખાસ આમનોંધમાં નોંધવામાં આવે છે. દા.ત., હૂંડીઓના વ્યવહારોની પેટાનોંધો બધા જ વેપારીઓ રાખતા નથી. ત્યારે તેવા હૂંડીઓના વ્યવહારોની નોંધ ખાસ આમનોંધમાં કરવામાં આવે છે તેમજ ઘણીવાર ઘણા વેપારીઓ પરતનોંધો એટલે કે ખરીદમાલપરત નોંધ અને વેચાણમાલપરત નોંધ રાખતા નથી. આ સંજોગોમાં ખરીદપરત કે વેચાણપરતના વ્યવહારો પણ ખાસ આમનોંધમાં જ નોંધવામાં આવે છે.

**ઉદાહરણ 1 :** યુવરાજ લેણીહૂંડી, દેવીહૂંડી, ખરીદપરત અને વેચાણપરતના વ્યવહારો માટે અલગ પેટાનોંધો રાખતા નથી. નીચેના વ્યવહારોની નોંધો ખાસ આમનોંધમાં લખો :

(1) મયૂર નામના દેવાદાર પર લેણાંની વસૂલાત માટે ₹ 8000ની હૂંડી લખી, જે તેમણે સ્વીકારીને પરત કરી.

(2) આપણા ₹ 7000ના દેવા પેટે કેતનને લખેલી ₹ 5000ની હૂંડી આપણે સ્વીકારીને પરત કરી.

(3) મયૂરે સ્વીકારેલી હૂંડી પાકતી તારીખે નકારાઈ.

(4) ₹ 4000નો માલ ચેતનને પરત કર્યો. આ માલ દસ દિવસ પહેલાં ત્રણ માસની મુદતે શાખ પર ખરીદવામાં આવ્યો હતો.

(5) પ્રણવે ₹ 2000નો માલ પરત કર્યો. જે આપણે બે માસની મુદતે શાખ પર વેચ્યો હતો.

**શ્રી યુવરાજની ખાસ આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 1 | લેણીહૂંડી ખાતે ઉ | | 8000 | |
| | તે મયૂર ખાતે | | | 8000 |
| | [બા.જે. : ₹ 8000ની હૂંડી મયૂરે સ્વીકારી તેના.] | | | |
| 2 | કેતન ખાતે ઉ | | 5000 | |
| | તે દેવીહૂંડી ખાતે | | | 5000 |
| | [બા.જે. : ₹ 5000ની દેવીહૂંડી સ્વીકારી કેતનને પરત કરી તેના.] | | | |
| 3 | મયૂર ખાતે ઉ | | 8000 | |
| | તે લેણીહૂંડી ખાતે | | | 8000 |
| | [બા.જે. : ₹ 8000ની મયૂરની હૂંડી નકારાઈ તેના.] | | | |
| 4 | ચેતન ખાતે ઉ | | 4000 | |
| | તે ખરીદમાલપરત ખાતે | | | 4000 |
| | [બા.જે. : ₹ 4000નો માલ ચેતનને પરત કર્યો તેના.] | | | |
| 5 | વેચાણમાલપરત ખાતે ઉ | | 2000 | |
| | તે પ્રણવ ખાતે | | | 2000 |
| | [બા.જે. : ₹ 2000નો માલ પ્રણવે પરત કર્યો તેના.] | | | |
| | **કુલ સરવાળો** | | **27,000** | **27,000** |

**(ક) વિશિષ્ટ પ્રકારના વ્યવહારો જે અન્ય પેટાનોંધોમાં નોંધવામાં આવતા નથી :** અમુક વિશિષ્ટ પ્રકારના વ્યવહારોની નોંધ અન્ય કોઈ પેટાનોંધમાં કરવામાં આવતી નથી, તેથી તેમની નોંધ ખાસ આમનોંધમાં કરવામાં આવે છે.

દા.ત., (1) ધર્માદામાં આપેલ માલ (2) નમૂનાથી ગયેલ માલ (3) અંગત વપરાશ માટે લીધેલ માલ (4) હૂંડીની નકરામણી (5) ઘાલખાધ (6) લેણીહૂંડીનો વેચાણશેરો (7) આગ, અકસ્માત, ચોરી વગેરેથી થયેલ માલનું નુકસાન (8) ઘસારો.

**ઉદાહરણ 2 :** નીચેના વ્યવહારો પરથી શ્રી અમરનાથના ચોપડે ખાસ આમનોંધ લખો :

2014

ઑક્ટો. 1 ₹ 1500નો માલ ધર્માદામાં આપ્યો.

2 ₹ 3000નો માલ નમૂના તરીકે મફતમાં વહેંચ્યો.

3 ₹ 2500નો માલ અંગત વપરાશ માટે ધંધામાંથી લઈ ગયા.

4 ₹ 4000ની હૂંડી જે પ્રિયંકાએ સ્વીકારી હતી તે પાકતી તારીખે નકારાઈ.

5 ₹ 3500 જે નરેશ પાસે લેણા હતા તે વસૂલ થઈ શકે તેમ નથી.

6 ₹ 2000ની લેણીહૂંડી વેચાણશેરો કરી ₹ 2050ના દેવા પેટે પંકજને આપી.

7 ₹ 5000નો માલ આગથી બળી ગયો. જેની સામે વીમા કંપનીએ ₹ 4000નો દાવો મંજૂર કર્યો.

8 ₹ 7000ની પડતરકિંમતનો માલ આપી ₹ 8000નું ફર્નિચર ખરીદ્યું.

**શ્રી અમરનાથની ખાસ આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 2014 ઑક્ટો. | | | | |
| 1 | ધર્માદા ખાતે ઉ | | 1500 | |
| | તે ખરીદ ખાતે | | | 1500 |
| | [બા.જે. : ₹ 1500નો માલ ધર્માદામાં આપ્યો તેના.] | | | |
| 2 | જાહેરાત ખર્ચ ખાતે ઉ | | 3000 | |
| | તે ખરીદ ખાતે | | | 3000 |
| | [બા.જે. : ₹ 3000નો માલ નમૂના તરીકે મફત વહેંચ્યો તેના.] | | | |
| 3 | ઉપાડ ખાતે ઉ | | 2500 | |
| | તે ખરીદ ખાતે | | | 2500 |
| | [બા.જે. : ₹ 2500નો માલ અંગત વપરાશ માટે લઈ ગયા તેના.] | | | |
| 4 | પ્રિયંકા ખાતે ઉ | | 4000 | |
| | તે લેણીહૂંડી ખાતે | | | 4000 |
| | [બા.જે. : ₹ 4000ની પ્રિયંકાની હૂંડી નકારાઈ તેના.] | | | |

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 5 | ઘાલખાધ ખાતે ઉ | | 3500 | |
| | તે નરેશ ખાતે | | | 3500 |
| | [બા.જે. : ₹ 3500ની ઘાલખાધ પડી તેના.] | | | |
| 6 | પંકજ ખાતે ઉ | | 2050 | |
| | તે લેણીહૂંડી ખાતે | | | 2000 |
| | તે કસર (વટાવ) ખાતે | | | 50 |
| | [બા.જે. : ₹ 2000ની લેણીહૂંડી પંકજને વેચાણશેરો કરી આપી તેના.] | | | |
| 7 | વીમા કંપની ખાતે ઉ | | 4000 | |
| | આગથી થયેલ નુકસાન ખાતે ઉ | | 1000 | |
| | તે ખરીદ ખાતે | | | 5000 |
| | [બા.જે. : ₹ 5000નો માલ આગથી બળી ગયો અને વીમા કંપનીએ ₹ 4000નો દાવો મંજૂર રાખ્યો તેના.] | | | |
| 8 | ફર્નિચર ખાતે ઉ | | 7000 | |
| | તે ખરીદ ખાતે | | | 7000 |
| | [બા.જે. : ₹ 7000નો માલ આપી ₹ 8000નું ફર્નિચર ખરીદ્યું તેના.] | | | |
| | **કુલ સરવાળો** | | **28,550** | **28,550** |

### 4. ખાતાની ફેરબદલીના વ્યવહારો (Transactions of Account Transfer)

કોઈ પણ કારણસર એક ખાતામાંથી અંશતઃ કે પૂરેપૂરી રકમ બીજા ખાતામાં ફેરબદલી કરવાની હોય ત્યારે તેની નોંધ ખાસ આમનોંધમાં કરવામાં આવે છે. આ જ રીતે વર્ષાંતે એક ખાતું બંધ કરી સમગ્ર રકમ બીજા ખાતે ફેરબદલી કરવા માટે પણ ખાસ આમનોંધ લખવામાં આવે છે.

હવે આપણે ઉદાહરણની મદદથી સમજૂતી સ્પષ્ટ કરીએ :

દા.ત., (A) આકાશને ચૂકવવાના ₹ 5000 ધરતીએ કબૂલ્યા.

**ખાસ આમનોંધ :**

આકાશ ખાતે ઉ 5000

તે ધરતી ખાતે 5000

(બા.જે. : આકાશને ચૂકવવાના ધરતીએ કબૂલ્યા તેના.)

(B) વર્ષને અંતે ઉપાડ ખાતું બંધ કરી મૂડી ખાતે ફેરબદલી કરવા નીચે મુજબ નોંધ થશે :

મૂડી ખાતે ઉ

તે ઉપાડ ખાતે

(બા.જે. : ઉપાડ ખાતું બંધ કરી તેની બાકી મૂડી ખાતે લઈ ગયા તેના.)

### 5. આખરનોંધો (Closing Entries)

હિસાબી વર્ષને અંતે ખાતાં બંધ કરવાની નોંધો એટલે આખરનોંધો. હિસાબી વર્ષનાં અંતે માલનાં ખાતાં તેમજ માલની ખરીદીને લગતા ખર્ચનાં ખાતાં વેપાર ખાતે લઈ જઈ બંધ કરવામાં આવે છે અને ઊપજનાં ખાતાં તથા ખર્ચનાં ખાતાં નફા-નુકસાન ખાતે લઈ જઈ બંધ કરવામાં આવે છે. આ ખાતાંઓ બંધ કરવા લખવામાં આવતી નોંધોને આખરનોંધો કહેવામાં આવે છે. બધા જ પ્રકારની આખરનોંધોનો સમાવેશ ખાસ આમનોંધમાં કરવામાં આવે છે.

દા.ત., વર્ષના અંતે ખરીદખાતાની બાકી ₹ 75,000, વેચાણખાતાની બાકી ₹ 85,000, આવકમાલ ગાડાભાડા ખાતાની બાકી ₹ 2000, પગાર ખાતાની બાકી ₹ 20,000, ડિવિડન્ડ ખાતાની બાકી ₹ 3000 છે, તેમની આખરનોંધો લખો.

નીચે પ્રમાણેની આમનોંધો ખાસ આમનોંધમાં નોંધવામાં આવશે.

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| ડિસે. 31 | વેપાર ખાતે ઉ<br>તે ખરીદ ખાતે<br>[બા.જે. : ₹ 75,000થી ખરીદ ખાતું બંધ કરી વેપાર ખાતે લઈ ગયા તેના.] | | 75,000 | 75,000 |
| 31 | વેચાણ ખાતે ઉ<br>તે વેપાર ખાતે<br>[બા.જે. : ₹ 85,000થી વેચાણ ખાતું બંધ કરી વેપાર ખાતે લઈ ગયા તેના.] | | 85,000 | 85,000 |
| 31 | વેપાર ખાતે ઉ<br>તે આવકમાલ ગાડાભાડા ખાતે<br>[બા.જે. : ₹ 2000નું આવકમાલ ગાડાભાડા ખાતું બંધ કરી વેપાર ખાતે લઈ ગયા તેના.] | | 2000 | 2000 |
| 31 | નફા-નુકસાન ખાતે ઉ<br>તે પગાર ખાતે<br>[બા.જે. : ₹ 20,000નું પગાર ખાતું બંધ કરી નફા-નુકસાન ખાતે લઈ ગયા તેના.] | | 20,000 | 20,000 |
| 31 | ડિવિડન્ડ ખાતે ઉ<br>તે નફા-નુકસાન ખાતે<br>[બા.જે. : ₹ 3000નું ડિવિડન્ડ ખાતું બંધ કરી નફા-નુકસાન ખાતે લઈ ગયા તેના.] | | 3000 | 3000 |
| | **કુલ સરવાળો** | | **1,85,000** | **1,85,000** |

**નોંધ :** આ પ્રકારની આખરનોંધોની વિગતવાર ચર્ચા અને સમજૂતી વાર્ષિક હિસાબોના પ્રકરણમાં આપેલ છે.

## 6. હવાલાનોંધ (Adjustment Entries)

દરેક હિસાબી વર્ષના અંતે ધંધાકીય એકમે ધંધાનું સાચું પરિણામ મેળવવા અને સાચી આર્થિક પરિસ્થિતિ જાણવા માટે કેટલાક હવાલાઓની નોંધ કરવી પડે છે. દા.ત., આખર માલસ્ટૉક, ચૂકવવાના બાકી ખર્ચા, મળવાની બાકી આવક અને ઘસારા વગેરે ખાસ આમનોંધમાં નોંધવામાં આવે છે.

આ પ્રકારની હવાલાનોંધોની વિગતવાર ચર્ચા અને સમજૂતી વાર્ષિક હિસાબોના પ્રકરણમાં કરવામાં આવી છે.

દા.ત., હિસાબી વર્ષને અંતે ₹ 20,000 આખર સ્ટૉક છે. ₹ 5000 પગારના ચૂકવવાના બાકી છે, ₹ 400 વ્યાજના મળવાના બાકી અને મશીનરી પર ₹ 500 ઘસારો ગણવાનો છે.

**આમનોંધો**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| ડિસે. 31 | આખરમાલ સ્ટૉક ખાતે ઉ | | 20,000 | |
| | તે વેપાર ખાતે | | | 20,000 |
| | [બા.જે. : ₹ 20,000ના આખર સ્ટૉકની હવાલાનોંધ તેના.] | | | |
| 31 | પગાર ખાતે ઉ | | 5000 | |
| | તે ચૂકવવાના બાકી પગાર ખાતે | | | 5000 |
| | [બા.જે. : ₹ 5000ના ચૂકવવાના બાકી પગારની હવાલાનોંધ કરી તેના.] | | | |
| 31 | મળવાના બાકી વ્યાજ ખાતે ઉ | | 400 | |
| | તે વ્યાજ ખાતે | | | 400 |
| | [બા.જે. : ₹ 400ના મળવાના બાકી વ્યાજની હવાલાનોંધ.] | | | |
| 31 | ઘસારા ખાતે ઉ | | 500 | |
| | તે મશીનરી ખાતે | | | 500 |
| | [બા.જે. : ₹ 500ના ઘસારાની હવાલાનોંધ.] | | | |
| | **કુલ સરવાળો** | | **25,900** | **25,900** |

## 7. ભૂલસુધારણા નોંધ (Rectification of Errors)

આર્થિક વ્યવહારો નોંધતી વખતે જે ભૂલો નામાનાં હિસાબી ચોપડે થઈ હોય તે સુધારવા માટે જે નોંધ કરવામાં આવે છે, તેને ભૂલસુધારણા નોંધ કહે છે. ધંધાકીય એકમમાં હિસાબી વર્ષ દરમિયાન અનેક વ્યવહારો થાય છે અને તેની હિસાબીનોંધ કરવામાં આવે છે. આ પ્રકારની હિસાબીનોંધ લખવામાં ભૂલ થવાની શક્યતા પણ રહેલી છે.

ચોક્કસ પ્રકારની ભૂલો સુધારવા માટે આમનોંધ લખવી પડે છે. આ પ્રકારની ભૂલસુધારણા નોંધો ખાસ આમનોંધમાં લખવામાં આવે છે.

**નોંધ :** ભૂલસુધારણા નોંધની વિગતવાર ચર્ચા અને સમજૂતી ભૂલસુધારણા નોંધના પ્રકરણમાં આપવામાં આવી છે.

દા.ત., (A) ₹ 500 પગારના ચૂકવ્યાં પણ તે ઑફિસ ખર્ચ ખાતે ઉધાર થયા છે. આ ભૂલની ભૂલસુધારણા નોંધ નીચે પ્રમાણે કરવામાં આવશે.

| | | | |
|---|---|---|---|
| પગાર ખાતે | ઉ | 500 | |
| તે ઑફિસ ખર્ચ ખાતે | | | 500 |
| (બા.જે. : પગારના ₹ 500 ઑફિસ ખર્ચ ખાતે ઉધારાઈ ગયા તેના.) | | | |

(B) ₹ 2000નાં યંત્રની ખરીદીની નોંધ ખરીદ ખાતે થઈ છે.

| | | | |
|---|---|---|---|
| યંત્ર ખાતે | ઉ | 2000 | |
| તે ખરીદ ખાતે | | | 2000 |
| (બા.જે. : યંત્રની ખરીદી ખરીદ ખાતે નોંધાઈ ગયેલ તે ભૂલ સુધારી તેના.) | | | |

## સ્વાધ્યાય

**1. દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) અન્ય પેટાનોંધોમાં ન નોંધાતા હોય તેવા હિસાબી વ્યવહારો કયા ચોપડામાં નોંધાય છે ?
(અ) આમનોંધ (બ) ખાસ આમનોંધ
(ક) રોકડમેળ (ડ) અન્ય નોંધ

(2) નીચેનામાંથી કોનો પેટાનોંધમાં સમાવેશ થતો નથી ?
(અ) વેચાણનોંધ (બ) પેટા રોકડમેળ
(ક) ખાતાવહી (ડ) ઉધારનોંધ

(3) વર્ષના અંતે ધંધામાં રહેલા આખર સ્ટૉકની હવાલાનોંધ શા માટે લખવી જરૂરી છે ?
(અ) ભૂલ સુધારવા (બ) સાચો નફો કે નુકસાન શોધવા
(ક) ખાતાની ફેરબદલી કરવા (ડ) ખાતું બંધ કરવા

(4) નવા ખરીદેલાં યંત્રને ગોઠવવાની મજૂરીના ₹ 1000 મજૂરી ખાતે ઉધાર્યા છે. ભૂલ સુધારતાં કયા ખાતાંને અસર થશે ?
(અ) મજૂરી ખાતે અને યંત્ર ખાતે (બ) માત્ર યંત્ર ખાતે
(ક) માત્ર મજૂરી ખાતે (ડ) રોકડ ખાતે

**2.** ખાસ આમનોંધ એટલે શું તે સમજાવી ઉદાહરણ આપો.

**3.** ખાસ આમનોંધમાં નોંધાતા વ્યવહારોનું વર્ગીકરણ સમજાવો.

**વ્યાવહારિક દાખલાઓ :**

**4.** ધૃમિલ કામાણી તા. 1-1-2015ના રોજ નીચેની મિલકતો અને દેવાં સાથે વેપાર શરૂ કરે છે, જેના ઉપરથી શરૂઆતની ખાસ આમનોંધ લખો.

₹ 18,000 રોકડા, ₹ 12,000 બૅન્કસિલક, ₹ 15,000નું ફર્નિચર, ₹ 20,000નો માલસ્ટૉક, ₹ 5000નાં અંગત દેવાદારો અને ₹ 10,000ની માયાબહેનની 12 ટકાની લોનની બાકી લાવ્યા.

**નોંધ :** રોકડ તથા બૅન્કસિલક રોકડમેળમાં નોંધાશે.

**5.** શ્રી ગુજરાત સ્ટોર્સ લેણીહૂંડી નોંધ, દેવીહૂંડી નોંધ તથા માલપરત નોંધ માટે અલગ પેટાનોંધો રાખતા નથી માટે નીચેના વ્યવહારોની નોંધ તેઓની ખાસ આમનોંધમાં લખો.

(1) રમણિકે આપણને ચૂકવવાનાં ₹ 8000ના બદલામાં હૂંડી સ્વીકારી પરત કરી.

(2) વિજયની લખેલી ₹ 3000 દેવીહૂંડી સ્વીકારી પરત કરી.

(3) રમણિકની લેણીહૂંડી રમેશને વેચાણશેરો કરી આપી.

(4) ₹ 3000નો માલ પરેશે આપણને પરત કર્યો.

(5) મહેન્દ્રને ₹ 1500નો માલ પરત મોકલાવ્યો.

**6.** નીચેના વ્યવહારો શ્રી રાકેશ પટેલની ખાસ આમનોંધમાં નોંધો.

(1) ₹ 5000નો માલ અનાથ-આશ્રમમાં આપ્યો.

(2) ₹ 4000નો માલ નમૂના તરીકે મફત વહેંચ્યો.

(3) ₹ 8000નો માલ ધંધામાંથી અંગત વપરાશ માટે લઈ ગયા.

(4) ₹ 3000નું ફર્નિચર, ₹ 2800નો માલ આપી ખરીદ્યું.

(5) ₹ 7000નો માલ અકસ્માતથી નાશ પામ્યો, જે પેટે વીમા કંપનીએ ₹ 5500નો દાવો મંજૂર કર્યો.

(6) ₹ 2000 નિરાલી પાસે લેણા છે, જે રકમ હવે મળી શકે તેમ નથી.

(7) યંત્ર પર ₹ 800 ઘસારો માંડીવાળો.

(8) માર્ચ મહિનાનો પગાર ₹ 7800 ચૂકવવાનો બાકી છે.

**7.** નીચેના વ્યવહારોની નોંધ શ્રી એકતાના ચોપડે ખાસ આમનોંધમાં લખો :

2014

માર્ચ 1 ધંધો શરૂ કરવા માટે ₹ 7000નું ફર્નિચર, ₹ 15,000નો માલ અને ₹ 20,000નાં યંત્રો ધંધામાં લાવ્યા.

2 ₹ 2000નું સાયન્ટિફિક કેલ્ક્યુલેટર તથા ₹ 25,000નો સેલ્યુલર ફોન ધંધા માટે 'કમલેશ ટ્રેડર્સ'માંથી ખરીદ્યા.

3 ₹ 3000નો માલ આપી ઘર માટે ₹ 2500નો પંખો ખરીદ્યો.

4 ₹ 8000ની હૂંડી નમ્રતા પર લખી, જે તેણે સ્વીકારી પરત કરી.

5 નમ્રતાની હૂંડી યેશાને ₹ 8050ના દેવા પેટે ચૂકતે હિસાબે વેચાણશેરો કરી આપી.

6 ₹ 6000ની હૂંડી ભારતે લખી, જે આપણે સ્વીકારી તેઓને પરત કરી.

7 ₹ 8000નો માલ દુકાનમાંથી ચોરાઈ ગયો જેની સામે વીમા કંપનીએ 75 % રકમનો દાવો મંજૂર કર્યો.

8 નિરવ પાસેથી આપણે ₹ 8000 લેવાના છે અને નલિનને ₹ 8200 આપવાનાં છે, ₹ 8000 નિરવ પાસે કબૂલાવી નલિનનો હિસાબ ચૂકતે કર્યો.

9 રાજેન્દ્ર પાસેથી ₹ 2000 ઘાલખાધ પરતના રોકડા મળ્યા.

10 મનોજને ₹ 300 વ્યાજના ચૂકવવાના થયા.

**8.** નીચેના વ્યવહારોની ખાસ આમનોંધ લખો :

(1) રેણુકા પાસેથી મળેલ ₹ 700ની નોંધ ભૂમિકા ખાતે કરેલ છે.

(2) ઉપદેશના અગાઉ માંડી વાળેલ ઘાલખાધના ₹ 1000 પરત મળેલ છે, જે ઉપદેશ ખાતે જમા કરેલ છે.

(3) શર્માને ચૂકવેલ ₹ 800 વર્મા ખાતે ઉધાર કરેલ છે.

(4) વીમા પ્રીમિયમના ચૂકવેલ ₹ 1200 ઉપાડ ખાતે ઉધાર કરેલ છે.

(5) ધંધામાંથી ₹ 6000નું જૂનું ફર્નિચર ₹ 5800માં વેચી દીધું.

**9.** નીચેનાં ખાતાં બંધ કરવાની નોંધો લખો :

| | | |
|---|---|---|
| (1) | વ્યાજ ખર્ચ ખાતું | ₹ 1000 |
| (2) | વેચાણપરત ખાતું | ₹ 3000 |
| (3) | ખરીદપરત ખાતું | ₹ 2000 |
| (4) | મળેલ વ્યાજ ખાતું | ₹ 800 |
| (5) | જાહેરાત ખર્ચ ખાતું | ₹ 1500 |
| (6) | પગાર ખાતું | ₹ 4000 |
| (7) | મળેલ ડિવિડન્ડ ખાતું | ₹ 700 |
| (8) | ખરીદ ખાતું | ₹ 5000 |
| (9) | વેચાણ ખાતું | ₹ 10,000 |

◆

# 9

# ખાતાવહી-ખતવણી (Ledger - Posting)

| | | | |
|---|---|---|---|
| 1. | પ્રસ્તાવના | 7. | ખાતાવહીની અનુક્રમણિકા |
| 2. | ખાતાવહીનો અર્થ | 8. | ખાતાવહીનાં સ્વરૂપો |
| 3. | ખાતું એટલે શું ? (ખાતાની સમજ) | 9. | ખતવણીની પ્રક્રિયા |
| 4. | ખાતાનો નમૂનો | 10. | ખાતાવહીનું વિભાજન |
| 5. | ખતવણીનો અર્થ | 11. | ખાતાની બાકી – સ્વાધ્યાય |
| 6. | ખાતાવહીની ઉપયોગિતા કે ફાયદાઓ | | |

## 1. પ્રસ્તાવના (Introduction)

આપણે અગાઉનાં પ્રકરણોમાં ધંધાના આર્થિક વ્યવહારો પરથી આમનોંધો કે પેટાનોંધો કેવી રીતે તૈયાર કરવી તેની સમજ મેળવી. આ પ્રકરણમાં આપણે આમનોંધો કે પેટાનોંધો પરથી ખાતાંઓ કેવી રીતે તૈયાર કરવા તેમજ ખાતાની બાકી કેવી રીતે શોધવી તેનો અભ્યાસ કરીશું. કોઈ પણ એકમમાં (ધંધામાં) હિસાબો તૈયાર કરતી વખતે જુદાં જુદાં ખાતાંઓ કેવી રીતે તૈયાર કરવા તેમજ દરેક ખાતાની બાકીઓ કેવી રીતે શોધવી એ ખૂબ જ મહત્ત્વનો ભાગ છે.

## 2. ખાતાવહીનો અર્થ (Meaning of Ledger)

નામું એ ધંધાના આર્થિક વ્યવહારો નોંધવાની પ્રક્રિયા છે. દરેક વેપારીનો હેતુ આ નોંધાયેલ હિસાબી નોંધો પરથી ધંધા માટે ઉપયોગી માહિતી મેળવવાનો છે. જેમકે, હિસાબી વર્ષ દરમિયાન કુલ કેટલી ખરીદી કરવામાં આવી ? કુલ કેટલું વેચાણ કરવામાં આવ્યું ? કયા પ્રકારના અને કેટલા ખર્ચાઓ થયા ? કયા પ્રકારની અને કેટલી આવકો થઈ ? કેટલી મિલકતો અને લેણાં છે તેમજ કેટલા દેવાં અને જવાબદારીઓ છે ? ધંધામાં કેટલો નફો થયો ? કેટલું નુકસાન થયું ? આવી વિવિધ પ્રકારની માહિતી ફક્ત આમનોંધો કે પેટાનોંધો દ્વારા જાણી ન શકાય.

ઉપર દર્શાવેલ બાબતોને ધ્યાનમાં રાખીને હિસાબી નોંધો પરથી જુદાં જુદાં તારણો શોધવા અલગ અલગ ખાતાંઓ બનાવવામાં આવે છે. આવાં અલગ અલગ ખાતાઓ જે ચોપડામાં બનાવવામાં આવે છે તેને **ખાતાવહી (Ledger)** કહેવામાં આવે છે.

## 3. ખાતું એટલે શું ? (What is an Account ?)

કોઈ ચોક્કસ હિસાબી સમયગાળા દરમિયાન વ્યક્તિ, માલ, મિલકત, ઊપજ કે ખર્ચ પૈકી કોઈ એક બાબત સાથે સંકળાયેલ તમામ વ્યવહારોનું નિશ્ચિત નમૂનામાં નામાના નિયમો અનુસાર ઉધાર અને જમા અસરો દર્શાવતું તારણ એટલે ખાતું.

કોઈ પણ ખાતું બનાવતી વખતે તે ખાતાને સંકળાયેલ ઉધાર વ્યવહારોની ઉધાર અસર કે જમા વ્યવહારોની જમા અસર ખાતામાં આપવામાં આવે છે. આમ, ખાતામાં બે બાજુઓ એટલે કે ઉધાર બાજુ અને જમા બાજુ રાખવામાં આવે છે.

## 4. ખાતાનો નમૂનો (Specimen of an Account)

હવે આપેલ ખાતાના નમૂના પરથી આપણે ખાતાની વધુ સમજ મેળવીએ તેમજ ખાતું કેવી રીતે તૈયાર કરવું તે પણ જોઈએ.

**.................નું ખાતું**

ઉધાર | જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |

દ્વિનોંધી નામાપદ્ધતિ મુજબ દરેક ખાતાની ડાબી બાજુને ઉધાર બાજુ તરીકે અને જમણી બાજુને જમા બાજુ તરીકે ઓળખવામાં આવે છે. ઉપર આપેલ ખાતાના નમૂના મુજબ ખાતામાં ખાનાં પાડવામાં આવે છે. દરેક ખાનાની સમજ નીચે મુજબ છે :

**(1) તારીખ (Date) :** ખાતામાં જે વ્યવહારની અસર થતી હોય તે વ્યવહારની તારીખ આ ખાનામાં દર્શાવવામાં આવે છે. આ જ તારીખ આમનોંધ કે પેટાનોંધમાં દર્શાવેલી હોય છે.

**(2) વિગત (Particulars) :** વિગતના ખાનામાં જ્યારે ખાતાની ઉધાર બાજુ નોંધ કરતા હોઈએ ત્યારે તે વ્યવહારની જમા અસર પામેલ ખાતાનું નામ લખવામાં આવે છે. એ જ રીતે ખાતાની જમા બાજુ નોંધ કરતા હોઈએ ત્યારે તે વ્યવહારની ઉધાર અસર પામેલ ખાતાનું નામ લખવામાં આવે છે.

**(3) નોં.પા. (નોંધણી પાના નંબર) (J.F. (Journal Folio number)) :** આમનોંધ અને પેટાનોંધના ચોપડામાં દરેક પાનાને અનુક્રમ નંબર આપેલો હોય છે. જે નોંધની અસર ખાતામાં આપવાની હોય તે નોંધ આમનોંધ કે પેટાનોંધમાં જે પાના નંબર પર હોય તે નંબર ખાનામાં લખવાનો હોય છે. તે જ રીતે આમનોંધ કે પેટાનોંધમાં ખાતાવહીનો નંબર વ્યવહારની સામે લખવામાં આવે છે. જેથી એકમના (ધંધાના) વ્યવહારોની નામાના ચોપડામાં આપેલ અસરોની મેળવણી કે ચકાસણી સરળતાથી થઈ શકે.

**(4) રકમ (Amount) :** આમનોંધ કે પેટાનોંધમાં વ્યવહારની જે રકમ દર્શાવેલ હોય તે જ રકમ જ્યારે વ્યવહારની ખાતામાં અસર આપીએ ત્યારે રકમનાં ખાનામાં લખવાની હોય છે.

**5. ખતવણીનો અર્થ (Meaning of Posting)**

આમનોંધ કે પેટાનોંધ પરથી નામાના નિયમો પ્રમાણે જે-તે વ્યવહારને ખાતાવહીમાં અસર થતી હોય તે ખાતામાં તેની ઉધાર બાજુ કે જમા બાજુ નોંધવાની પ્રક્રિયાને ખતવણી અથવા ખતવવું કહે છે.

**6. ખાતાવહીની ઉપયોગિતા કે ફાયદાઓ (Utility or Advantages of Ledger)**

નામું રાખવાનો હેતુ નાણાકીય લેવડ-દેવડની નોંધ કરવા પૂરતો મર્યાદિત નથી. નામાના આધારે જ વેપારીને ધંધાની આર્થિક પરિસ્થિતિ અને નફા કે નુકસાનનો ખ્યાલ આવે છે. હિસાબોનાં તારવેલાં તારણોના આધારે ધંધાના નીતિવિષયક યોગ્ય નિર્ણયો લઈ શકાય છે. વેપારીને જરૂરી અને ઉપયોગી માહિતી તથા જુદાં જુદાં તારણો ખાતાવહી પરથી ઝડપી અને સરળતાથી મળે છે. આમ, નામાના મુખ્ય હેતુઓની પૂર્તિ ખાતાવહી દ્વારા જ શક્ય બને છે. આથી જ **ખાતાવહીને ચોપડાઓનો રાજા (King of Books)** ગણવામાં આવે છે.

આમનોંધના ચોપડા પરથી વેપારીને ધંધાના મૂળ વ્યવહારો અને પાયાની માહિતી મળે છે. આથી **આમનોંધના ચોપડાને મૂળ ચોપડો અથવા પાયાનો ચોપડો** કહેવામાં આવે છે. જ્યારે ખાતાવહી પરથી ધંધાની આર્થિક પરિસ્થિતિ અને નફા કે નુકસાનની માહિતી મળતી હોવાથી ઉપયોગિતાની દૃષ્ટિએ **ખાતાવહી નામાનો મુખ્ય ચોપડો અથવા પ્રધાન નોંધવહી** તરીકે ઓળખવામાં આવે છે.

નીચે દર્શાવેલ માહિતી મેળવવામાં ખાતાવહી ઉપયોગી બને છે :

(1) **મૂડીનું પ્રમાણ :** વર્ષના અંતે ધંધામાં કેટલી મૂડી રોકવામાં આવી છે, તે અંગેની જાણકારી મળે છે.

(2) **મિલકતો અંગે :** ધંધામાં વિવિધ પ્રકારની મિલકતો ખરીદવામાં આવે છે. દરેક પ્રકારની મિલકત વર્ષના અંતે કેટલી રકમની છે, તે અંગેની માહિતી પ્રાપ્ત થાય છે.

(3) **લેણું અને દેવું :** વર્ષના અંતે ધંધામાં કેટલું લેણું અને કેટલું દેવું છે તેની જાણકારી મળે છે.

(4) **ખર્ચાઓ અને ઊપજો અંગે :** હિસાબી વર્ષ દરમિયાન વિવિધ ખર્ચાઓ અને વિવિધ ઊપજો (આવકો)ની જાણકારી તેમજ તેની કુલ રકમની માહિતી મળે છે.

(5) **ખરીદી અને વેચાણ અંગેની માહિતી :** હિસાબી વર્ષ દરમિયાન કુલ ખરીદી, કુલ વેચાણ, કુલ ખરીદપરત, કુલ વેચાણપરત તેમજ વેચાણ સિવાય અન્ય રીતે ગયેલ માલની વિગતની જાણકારી મળે છે.

(6) **કાચું સરવૈયું તૈયાર કરવા માટે :** કાચું સરવૈયું તૈયાર કરવા માટે બધાં જ ખાતાની બાકીઓની માહિતી ખાતાવહી દ્વારા મળે છે.

(7) **વાર્ષિક હિસાબો તૈયાર કરવા અંગે :** હિસાબી વર્ષના અંતે ધંધાના (એકમના) વાર્ષિક હિસાબો તૈયાર કરવા માટે વિવિધ ખાતાની માહિતી ખાતાવહી દ્વારા મળે છે.

(8) **નીતિવિષયક નિર્ણયો અંગે :** વેપારીને નીતિવિષયક નિર્ણયો લેવા અંગે જરૂરી અને ઉપયોગી માહિતી ખાતાવહી દ્વારા મળી રહે છે.

(9) **આંકડાકીય માહિતી મેળવવા માટે :** હિસાબોમાંથી જરૂરી આંકડાકીય માહિતી મેળવવામાં તેમજ જો કોઈ આંકડાકીય કે કોઈ સૈદ્ધાંતિક ભૂલ હોય તો તે શોધવા માટે ખાતાવહી મદદરૂપ બને છે.

## 7. ખાતાવહીની અનુક્રમણિકા (Index of Ledger)

ખાતાવહીમાં ધંધાકીય વ્યવહારોમાંથી ઉદ્ભવતા બધાં જ ખાતાં બનાવવામાં / રાખવામાં આવે છે. આવા ખાતાઓની સંખ્યા અનેક હોય છે. ખતવણીની પ્રક્રિયા વખતે ખાતાવહીમાં કયું ખાતું કયા પાના નંબર પર છે તે શોધવામાં સમય લાગે છે. આથી સરળતા / સગવડતા ખાતર ખાતાવહીની શરૂઆતમાં બધાં જ ખાતાઓની યાદી રાખવામાં આવે છે. જેને ખાતાવહીની અનુક્રમણિકા અથવા પાનોત્રી કહેવાય છે. આવી યાદી મૂળાક્ષર પ્રમાણે બનાવવામાં આવે છે. દરેક ખાતાની સામે એ ખાતું ખાતાવહીમાં કયા પાના નંબર પર બનાવેલ છે, તે દર્શાવવામાં આવે છે. જેથી કોઈ પણ ખાતું સહેલાઈથી અને ઝડપથી શોધી શકાય. દા.ત.,

| ખાતાનું નામ | ખાતાવહી પાના નંબર |
|---|---|
| અનુપનું ખાતું | 1 |
| આકાશનું ખાતું | 3 |
| સ્ટેટ બૅન્ક ઑફ ઇન્ડિયાનું ખાતું | 56 |
| ટેલિફોન ખર્ચનું ખાતું | 61 |

## 8. ખાતાવહીનાં સ્વરૂપો (Forms of Ledger)

ખાતાવહીનો ચોપડો કેવા સ્વરૂપનો રાખવો તે વેપારીની જરૂરિયાત, ખર્ચ કરવાની શક્તિ અને ધંધાની સુવિધાઓ ઉપર આધાર રાખે છે. વ્યવહારમાં ખાતાવહીના નીચે મુજબ ત્રણ સ્વરૂપો પ્રચલિત છે :

(1) બાંધેલો ચોપડો (Bound book ledger), (2) છૂટાં પાનાં સ્વરૂપે (Loose leaf ledger), (3) કાર્ડ સ્વરૂપે (Card ledger)

**(1) બાંધેલો ચોપડો (Bound book ledger) :** સામાન્ય રીતે મોટા ભાગના વેપારીઓ અને ખાસ કરીને નાના વેપારીઓ આ પ્રકારની ખાતાવહી પસંદ કરતા હોય છે. આવી ખાતાવહી એકંદરે ઓછી ખર્ચાળ અને સાચવણીની દૃષ્ટિએ સરળ છે. આ ખાતાવહી એક બાંધેલા ચોપડાના સ્વરૂપે હોય છે. જેમાં શરૂઆતમાં અનુક્રમણિકા આપેલ હોય છે અને દરેક પાને અનુક્રમ નંબરો આપેલા હોય છે. આવી ખાતાવહીમાં ચોપડો બાંધેલો હોવાથી જરૂરિયાત ઊભી થતાં વધારાનાં પાનાં ઉમેરી શકાતા નથી.

**(2) છૂટાં પાનાંની પદ્ધતિ (Loose leaf ledger) :** આ પ્રકારની ખાતાવહી જાડા પૂંઠાવાળી અથવા ધાતુના માળખાવાળી ફાઈલ સ્વરૂપે હોય છે. આ માળખું ખાસ પ્રકારની કળ સાથે જોડાયેલું હોય છે. આવી ખાતાવહીમાં તાળાની સુવિધા (લૉક સિસ્ટમ) હોવાથી તે સગવડ સાથે સલામતી પણ આપે છે. અહીં દરેક પાના પર પાના નંબર આપેલો હોય છે. અહીં વેપારી પોતાની જરૂરિયાત પ્રમાણે ખાતાવહીના પાનાંમાં વધારો કે ઘટાડો કરી શકે છે.

**(3) કાર્ડ સ્વરૂપે (Card ledger) :** ખાતાવહીનું આ સ્વરૂપ સગવડ સાથેનું સલામત સ્વરૂપ છે. અહીં દરેક ખાતા માટે પાનાંને બદલે કાર્ડનો ઉપયોગ કરવામાં આવે છે. આ બધાં જ કાર્ડ ધાતુના સળિયા સાથે ગોઠવાયેલાં હોય છે. અહીં બધાં જ કાર્ડને ધાતુની કે લાકડાની ખાસ કૅબિનેટમાં રાખવામાં આવે છે. જોકે એકંદરે આ ખર્ચાળ સ્વરૂપ છે. અહીં વેપારી પોતાની જરૂરિયાત પ્રમાણે કાર્ડમાં વધારો કે ઘટાડો કરી શકે છે. આ સ્વરૂપમાં ખાતાની અનુક્રમણિકા માટે અલગ કાર્ડની વ્યવસ્થા રાખવી પડે છે.

આપણે ખાતાવહીનાં જુદાં જુદાં પ્રચલિત ત્રણ સ્વરૂપો જોયાં; પરંતુ આજના કમ્પ્યૂટર યુગમાં હિસાબી નોંધો અને ખાતાવહી માટે કમ્પ્યૂટરનો ઉપયોગ વધતો જાય છે. તેથી ઉપર દર્શાવેલ સ્વરૂપોનો ઉપયોગ ક્રમશઃ ઘટતો જાય છે.

## 9. ખતવણીની પ્રક્રિયા (Process of Posting)

અહીં આપણે આમનોંધ અને પેટાનોંધોમાં નોંધાયેલ વ્યવહારોની ખાતાવહીમાં બનાવેલ ખાતામાં કેવી રીતે ખતવણી કરવી તેનો અભ્યાસ કરીએ.

ખતવણીની પ્રક્રિયા સરળ રીતે સમજવા માટે ખતવણીની સમગ્ર પ્રક્રિયાને નીચે મુજબ બે વિભાગોમાં સમજીએ :

(A) આમનોંધની ખતવણી (Posting of journal entries)

(B) પેટાનોંધમાંથી ખતવણી (Posting from subsidiary books)

**(A) આમનોંધની ખતવણી (Posting of journal entries) :** ધંધાના આર્થિક વ્યવહારોની આમનોંધ લખવામાં આવે છે. આમનોંધમાં અસર પામતાં ખાતાંઓની સંખ્યાની દૃષ્ટિએ આમનોંધને બે વિભાગમાં વહેંચવામાં આવે છે : (i) સાદી આમનોંધ (ii) સંયુક્ત આમનોંધ

**(i) સાદી આમનોંધની ખતવણીની પ્રક્રિયા (Process for posting of simple entry) :** સાદી આમનોંધમાં હિસાબી અસર પામતાં માત્ર બે જ ખાતા હોય છે. જે પૈકી એક ખાતું ઉધાર અસર દર્શાવે છે, જ્યારે બીજું ખાતું જમા અસર દર્શાવે છે. સાદી આમનોંધની ખતવણી નીચેના ઉદાહરણ પરથી સમજીએ.

દા.ત., તા. 15-4-2015ના રોજ રાજ પાસેથી લેણા પેટે ₹ 6500 મળ્યા.

**આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 2015<br>એપ્રિલ 15 | રોકડ ખાતે ઉ<br>તે રાજ ખાતે<br>[બા.જે. : રાજ પાસેથી લેણાં પેટે રોકડા મળ્યા તેના.] | | 6500 | <br>6500 |

**ખાતાવહી**

**રોકડ ખાતું**

ઉધાર | જમા

| તારીખ | વિગત | નોં. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નોં. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2015<br>એપ્રિલ 15 | રાજ ખાતે | | 6500 | | | | |

**રાજનું ખાતું**

ઉધાર | જમા

| તારીખ | વિગત | નોં. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નોં. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| | | | | 2015<br>એપ્રિલ 15 | રોકડ ખાતે | | 6500 |

ઉપર્યુક્ત આમનોંધમાં ફક્ત બે જ ખાતા અસર પામે છે : (i) રોકડ ખાતું અને (ii) રાજનું ખાતું. જેમાં રોકડ ખાતું ઉધાર અસર પામેલ છે, જ્યારે રાજનું ખાતું જમા અસર પામેલ છે.

ઉપર દર્શાવેલ સાદી આમનોંધની ખતવણી નીચે મુજબ તબક્કાવાર સમજીશું.

**(1) ખાતા તૈયાર કરવાં :** સૌપ્રથમ જે આમનોંધની ખતવણી કરવાની હોય તેમાં અસર પામતાં ખાતાઓ ખાતાવહીમાં તૈયાર કરવામાં આવે છે. આપણા ઉદાહરણમાં રોકડ ખાતું અને રાજનું ખાતું તૈયાર કરવામાં આવેલ છે.

**(2) ખાતાની બાજુ નક્કી કરવી :** ખાતાવહીમાં ખાતાઓ તૈયાર થઈ ગયા બાદ એ નક્કી કરવાનું હોય છે કે કયા ખાતામાં કઈ બાજુ ખતવણી કરવાની છે. આ બાબત આમનોંધના આધારે સ્પષ્ટ થાય છે. આમનોંધમાં જે ખાતે ઉધાર થયેલ હોય તે ખાતામાં ઉધાર બાજુ ખતવવાનું હોય છે અને જે ખાતે જમા થયેલ હોય તે ખાતામાં જમા બાજુ ખતવવાનું હોય છે. આપણા ઉદાહરણમાં રોકડ ખાતું ઉધાર છે, તેથી રોકડ ખાતે ઉધાર બાજુ ખતવણી થયેલ છે, જ્યારે રાજનું ખાતું જમા થયેલ હોઈ રાજના ખાતાની જમા બાજુ ખતવણી કરેલ છે.

**(3) તારીખ :** જે આમનોંધની આપણે ખતવણી કરતા હોઈએ તે જ તારીખ તૈયાર કરેલ બંને ખાતામાં તારીખનાં ખાનાંમાં દર્શાવવાની હોય છે. આપણા ઉદાહરણમાં આપેલ વ્યવહારની આમનોંધ 15-4-2015ના રોજ કરેલ છે, તેથી ખતવણી કરતી વખતે બંને ખાતામાં તે જ તારીખ દર્શાવેલ છે.

**(4) વિગતમાં ખાતાનું નામ :** ખતવણી કરતી વખતે જે-તે ખાતામાં વિગતના ખાનામાં વિરુદ્ધની અસર પામતા ખાતાનું નામ દર્શાવવામાં આવે છે. આપણા ઉદાહરણ મુજબ રોકડ ખાતામાં ઉધાર બાજુ ખતવણી કરતી વખતે વિગતનાં ખાનાંમાં જમા અસર પામેલ ખાતાનું નામ એટલે કે 'રાજ ખાતે' દર્શાવવામાં આવે છે. જ્યારે રાજના ખાતામાં જમા બાજુ ખતવણી કરતી વખતે વિગતના ખાનામાં 'રોકડ ખાતે' દર્શાવવામાં આવેલ છે.

**(5) રકમ :** આમનોંધમાં જે ખાતે જેટલી રકમ દર્શાવેલી હોય તે જ રકમ જે-તે ખાતામાં રકમનાં ખાનાંમાં દર્શાવવાની હોય છે. આપણા ઉદાહરણમાં રોકડ ખાતે તેમજ રાજ ખાતે આમનોંધમાં ₹ 6500 દર્શાવેલ છે, તેથી ખતવણી કરતી વખતે રોકડના ખાતામાં તેમજ રાજના ખાતામાં ₹ 6500 રકમના ખાનામાં દર્શાવેલ છે.

ઉપરની સમજૂતીના આધારે બે બાબત સ્પષ્ટ થાય છે કે આમનોંધમાં જે ખાતું ઉધાર હોય તેની ખતવણી ઉધાર બાજુ અને જે ખાતું જમા હોય તેની ખતવણી જમા બાજુ તારીખ અને રકમ દર્શાવી કરવામાં આવે છે. જ્યારે વિગતના ખાનામાં વિરુદ્ધની અસર પામેલ ખાતાનું નામ દર્શાવવામાં આવે છે. આ બાબતને એક ઉદાહરણ દ્વારા ફરી સમજીએ :

**ઉદાહરણ 1 :** નીચે આપેલ શ્રી હરનિશના વ્યવહારો પરથી તેની આમનોંધ તૈયાર કરો અને ખાતાવહીમાં જરૂરી ખાતાઓ બનાવીને ખતવણી કરો :

2015

| | | |
|---|---|---|
| જુલાઈ | 1 | ફોરમ પાસેથી ₹ 45,000નો માલ ખરીદ્યો. |
| | 3 | ધંધામાં ₹ 60,000 વધારાની મૂડી લાવ્યા. |
| | 5 | અવધને ₹ 5000 ચૂકવ્યા. |
| | 6 | ₹ 20,000નો માલ 20 % નફો ચઢાવી 10 ટકાના વેપારીવટાવે સનીને વેચ્યો. |
| | 8 | ₹ 11,000 બૅન્કમાં ભર્યા. |
| | 9 | મારુતિ ફર્નિચર માર્ટમાંથી ₹ 3200નું ફર્નિચર ખરીદ્યું. |
| | 11 | ઘરખર્ચ પેટે ધંધામાંથી ₹ 4500 ચૂકવ્યા. |

**શ્રી હરનિશના ચોપડામાં આમનોંધ**

| તારીખ | વિગત | | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|---|
| 2015 | | | | | |
| જુલાઈ 1 | ખરીદ ખાતે | ઉ | | 45,000 | |
| | તે ફોરમ ખાતે | | | | 45,000 |
| | [બા.જે. : ₹ 45,000નો માલ ખરીદ્યો તેના.] | | | | |
| 3 | રોકડ ખાતે | ઉ | | 60,000 | |
| | તે મૂડી ખાતે | | | | 60,000 |
| | [બા.જે. : ₹ 60,000 વધારાની મૂડી ધંધામાં લાવ્યા તેના.] | | | | |
| 5 | અવધ ખાતે | ઉ | | 5000 | |
| | તે રોકડ ખાતે | | | | 5000 |
| | [બા.જે. : ₹ 5000 અવધને રોકડ ચૂકવ્યા તેના.] | | | | |
| 6 | સની ખાતે | ઉ | | 21,600 | |
| | તે વેચાણ ખાતે | | | | 21,600 |
| | [બા.જે. : ₹ 20,000નો માલ 20 % નફો ચઢાવી 10 % વેપારીવટાવે વેચ્યો તેના.] | | | | |
| 8 | બૅન્ક ખાતે | ઉ | | 11,000 | |
| | તે રોકડ ખાતે | | | | 11,000 |
| | [બા.જે. : ₹ 11,000 બૅન્કમાં રોકડ ભર્યા તેના.] | | | | |
| 9 | ફર્નિચર ખાતે | ઉ | | 3200 | |
| | તે મારુતિ ફર્નિચર માર્ટ ખાતે | | | | 3200 |
| | [બા.જે. : ₹ 3200નું ફર્નિચર મારુતિ ફર્નિચર માર્ટમાંથી ખરીદ્યું તેના.] | | | | |
| 11 | ઉપાડ ખાતે | ઉ | | 4500 | |
| | તે રોકડ ખાતે | | | | 4500 |
| | [બા.જે. : ₹ 4500 ઘરખર્ચ ધંધામાંથી ચૂકવ્યો તેના.] | | | | |
| | **કુલ સરવાળો** | | | **1,50,300** | **1,50,300** |

**શ્રી હરનિશની ખાતાવહી**

**ખરીદ ખાતું**

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2015 | | | | | | | |
| જુલાઈ 1 | ફોરમ ખાતે | | 45,000 | | | | |

## ફોરમનું ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| | | | | 2015 | | | |
| | | | | જુલાઈ 1 | ખરીદ ખાતે | | 45,000 |

## રોકડ ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2015 | | | | 2015 | | | |
| જુલાઈ 3 | મૂડી ખાતે | | 60,000 | જુલાઈ 5 | અવધ ખાતે | | 5000 |
| | | | | 8 | બૅન્ક ખાતે | | 11,000 |
| | | | | 11 | ઉપાડ ખાતે | | 4500 |

## મૂડી ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| | | | | 2015 | | | |
| | | | | જુલાઈ 3 | રોકડ ખાતે | | 60,000 |

## અવધનું ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2015 | | | | | | | |
| જુલાઈ 5 | રોકડ ખાતે | | 5000 | | | | |

## સનીનું ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2015 | | | | | | | |
| જુલાઈ 6 | વેચાણ ખાતે | | 21,600 | | | | |

### વેચાણ ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| | | | | 2015 જુલાઈ 6 | સની ખાતે | | 21,600 |

### બૅન્કનું ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2015 જુલાઈ 8 | રોકડ ખાતે | | 11,000 | | | | |

### ફર્નિચરનું ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2015 જુલાઈ 9 | મારુતિ ફર્નિચર માર્ટ ખાતે | | 3200 | | | | |

### મારુતિ ફર્નિચર માર્ટનું ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| | | | | 2015 જુલાઈ 9 | ફર્નિચર ખાતે | | 3200 |

### ઉપાડનું ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2015 જુલાઈ 11 | રોકડ ખાતે | | 4500 | | | | |

**(ii) સંયુક્ત આમનોંધની ખતવણીની પ્રક્રિયા (Process for posting of combined (joint) entry) :** સંયુક્ત આમનોંધમાં કુલ ત્રણ કે ત્રણથી વધુ ખાતાઓ અસર પામતાં હોય છે. આવી આમનોંધમાં ઉધાર બાજુ કે જમા બાજુ એક કરતાં વધુ ખાતાઓ અસર પામેલા હોય છે. કેટલીકવાર ઉધાર અને જમા એમ બંને બાજુ એક કરતાં વધુ ખાતાઓ અસર પામેલાં હોય છે. આથી સંયુક્ત આમનોંધની ખતવણીની પ્રક્રિયા કાળજી માગી લે છે.

- જ્યારે આમનોંધમાં જમા બાજુ બે ખાતા હોય ત્યારે તે આમનોંધની ખતવણીની પ્રક્રિયા નીચેના ઉદાહરણ દ્વારા સમજીએ :

દા.ત., તા. 10-8-2015ના રોજ વિશાલ પાસેથી ₹ 18,000નો માલ ખરીદ્યો અને તે પેટે ₹ 6000 ચૂકવ્યા.

## આમનોંધ

| તારીખ | વિગત | | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|---|
| 2015 | | | | | |
| ઑગસ્ટ 10 | ખરીદ ખાતે | ઉ | | 18,000 | |
| | તે વિશાલ ખાતે | | | | 12,000 |
| | તે રોકડ ખાતે | | | | 6000 |
| | [બા.જે. : વિશાલ પાસેથી ₹ 18,000નો માલ ખરીદ્યો અને તે પેટે ₹ 6000 ચૂકવ્યા તેના.] | | | | |

## ખાતાવહીમાં ખતવણી

### ખરીદ ખાતું

ઉધાર | જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2015 | | | | | | | |
| ઑગસ્ટ 10 | વિશાલ ખાતે | | 12,000 | | | | |
| ઑગસ્ટ 10 | રોકડ ખાતે | | 6,000 | | | | |

### વિશાલનું ખાતું

ઉધાર | જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| | | | | 2015 | | | |
| | | | | ઑગસ્ટ 10 | ખરીદ ખાતે | | 12,000 |

### રોકડ ખાતું

ઉધાર | જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| | | | | 2015 | | | |
| | | | | ઑગસ્ટ 10 | ખરીદ ખાતે | | 6000 |

ઉપર દર્શાવેલ સંયુક્ત આમનોંધની ખતવણી આપણે નીચે મુજબ તબક્કાવાર સમજીએ :

**(1) ખાતા તૈયાર કરવાં :** અહીં આમનોંધ પ્રમાણે ત્રણ ખાતાઓ અસર પામે છે. ખરીદ ખાતું, વિશાલનું ખાતું અને રોકડ ખાતું.

**(2) ખાતાની બાજુ નક્કી કરવી :** આમનોંધમાં દર્શાવ્યા મુજબ ખરીદ ખાતે ઉધાર બાજુ ખતવણી થશે જ્યારે વિશાલનું ખાતું અને રોકડનું ખાતું જમા થયેલ હોવાથી તે બંનેના ખાતામાં જમા બાજુ ખતવણી થશે.

**(3) તારીખ :** અહીં દરેક ખાતામાં તારીખના ખાનામાં 2015 ઑગસ્ટ 10 લખાશે.

**(4) વિગતમાં ખાતાનું નામ :** કોઈ પણ ખાતામાં ખતવણી કરતી વખતે વિગતના ખાનામાં હંમેશાં આમનોંધમાં વિરુદ્ધની અસર પામેલ ખાતાનું નામ દર્શાવાય છે. અહીં ખરીદ ખાતે ઉધાર બાજુ ખતવણી કરતી વખતે જમા અસર પામેલ બે ખાતાં

છે, જે અનુક્રમે વિશાલનું ખાતું અને રોકડનું ખાતું છે. આમ, ખરીદ ખાતે કુલ ખરીદી ₹ 18,000ની અસર વિશાલ ખાતે ₹ 12,000 અને રોકડ ખાતે ₹ 6000 દ્વારા મળે છે. જ્યારે વિશાલ ખાતે અને રોકડ ખાતે જમા બાજુ ખતવણી કરતાં તેની વિરુદ્ધની અસર પામેલ ખાતું એટલે કે ખરીદ ખાતું દર્શાવવામાં આવે છે.

**(5) રકમ :** સંયુક્ત આમનોંધની ખતવણી કરતી વખતે રકમ બાબતમાં ખાસ કાળજી રાખવી પડશે. ખતવણીના નિયમ પ્રમાણે જે ખાતે જેટલી રકમ આમનોંધમાં દર્શાવેલી હોય તે જ રકમ જે-તે ખાતે ખતવવામાં આવે છે. જેમકે ખરીદ ખાતામાં ઉધાર બાજુ ₹ 18,000, રોકડ ખાતામાં જમા બાજુ ₹ 6000 અને વિશાલના ખાતામાં પણ જમા બાજુ ₹ 12,000 ખતવવામાં આવશે; પરંતુ ખરીદ ખાતામાં વિરુદ્ધની અસર પામેલાં કુલ બે ખાતા હોવાથી બંને ખાતાની રકમ અનુક્રમે વિશાલ ખાતે ₹ 12,000 અને રોકડ ખાતે ₹ 6000 દર્શાવવી પડશે. આ રીતે ખરીદ ખાતે કુલ ₹ 18,000 (₹ 12,000 + ₹ 6000)ની ખતવણી થઈ જશે.

● જ્યારે આમનોંધમાં ઉધાર બાજુ બે ખાતા હોય ત્યારે તે આમનોંધની ખતવણીની પ્રક્રિયા નીચેના ઉદાહરણ દ્વારા સમજીએ.

દા.ત., તા. 12-8-2015ના રોજ ધ્યાનીને ₹ 24,000નો માલ વેચ્યો, જે પેટે તેણે ₹ 8000 ચૂકવ્યા.

**આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 2015<br>ઑગસ્ટ 12 | ધ્યાની ખાતે ઉ<br>રોકડ ખાતે ઉ<br>તે વેચાણ ખાતે<br>[બા.જે. : ધ્યાનીને ₹ 24,000નો માલ વેચ્યો, જે પેટે તેણે ₹ 8000 ચૂકવ્યા તેના.] | | 16,000<br>8000 | <br><br>24,000 |

**ખાતાવહી**

**ધ્યાનીનું ખાતું**

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2015<br>ઑગસ્ટ 12 | વેચાણ ખાતે | | 16,000 | | | | |

**રોકડ ખાતું**

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2015<br>ઑગસ્ટ 12 | વેચાણ ખાતે | | 8000 | | | | |

**વેચાણ ખાતું**

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| | | | | 2015<br>ઑગસ્ટ 12<br>ઑગસ્ટ 12 | <br>ધ્યાની ખાતે<br>રોકડ ખાતે | | <br>16,000<br>8000 |

આમનોંધમાં ઉધાર બાજુ અને જમા બાજુ એમ બંને બાજુઓ પર એક કરતાં વધુ ખાતા હોય ત્યારે તેની ખતવણી કેવી રીતે થાય તે નીચેના ઉદાહરણ દ્વારા સમજીએ.

દા.ત., હેતાંશે તા. 1-4-2016ના રોજ ₹ 50,000 રોકડા, ₹ 55,000નો માલ, ₹ 12,000નું ફર્નિચર, ₹ 8000નું દેવું તથા ₹ 30,000ની જિજ્ઞેશ પાસેથી લીધેલ લોન સાથે ધંધો શરૂ કર્યો.

**આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 2016 | | | | |
| એપ્રિલ 1 | રોકડ ખાતે (₹ 50,000 + ₹ 30,000 લોન) ઉ | | 80,000 | |
| | માલના સ્ટૉક ખાતે ઉ | | 55,000 | |
| | ફર્નિચર ખાતે ઉ | | 12,000 | |
| | તે લેણદાર (દેવું) ખાતે | | | 8000 |
| | તે જિજ્ઞેશની લોન ખાતે | | | 30,000 |
| | તે મૂડી ખાતે | | | 1,09,000 |
| | [બા.જે. : હેતાંશે ₹ 80,000 રોકડા, ₹ 55,000નો માલસ્ટૉક, ₹ 12,000નું ફર્નિચર, ₹ 8000ના લેણદાર તથા ₹ 30,000ની જીજ્ઞેશની લોન લઈ ધંધો શરૂ કર્યો તેના.] | | | |

**ખાતાવહી**

**રોકડ ખાતું**

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2016 | | | | | | | |
| એપ્રિલ 1 | મૂડી ખાતે | | 50,000 | | | | |
| એપ્રિલ 1 | જિજ્ઞેશની લોન ખાતે | | 30,000 | | | | |

**માલના સ્ટૉકનું ખાતું**

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2016 | | | | | | | |
| એપ્રિલ 1 | મૂડી ખાતે | | 55,000 | | | | |

**ફર્નિચરનું ખાતું**

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2016 | | | | | | | |
| એપ્રિલ 1 | મૂડી ખાતે | | 12,000 | | | | |

**લેણદારોનું ખાતું**

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| | | | | 2016 | | | |
| | | | | એપ્રિલ 1 | મૂડી ખાતે | | 8000 |

### જિજ્ઞેશની લોનનું ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| | | | | 2016<br>એપ્રિલ 1 | રોકડ ખાતે | | 30,000 |

### મૂડી ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2016<br>એપ્રિલ 1 | લેણદારો ખાતે | | 8000 | 2016<br>એપ્રિલ 1 | રોકડ ખાતે | | 50,000 |
| | | | | 1 | માલના સ્ટૉક ખાતે | | 55,000 |
| | | | | 1 | ફર્નિચર ખાતે | | 12,000 |

**ઉદાહરણ 2 :** નીચે આપેલા કવિશના વ્યવહારો પરથી તેનાં ચોપડામાં આમનોંધ તૈયાર કરો તથા જરૂરી ખાતા ખોલી તેમાં ખતવણી કરો :

2016

માર્ચ 1 ₹ 39,000 રોકડા તથા ₹ 7500નું અંગત ફર્નિચર ધંધામાં લાવ્યા.

2 ₹ 8200 પાર્થને તથા ₹ 3000 મુંજને દેવા પેટે ચૂકવ્યા.

5 માનસી પાસેથી ₹ 7400નાં લેણા પેટે ₹ 7000 ચૂકતે હિસાબે ક્રોસ્ડ ચેકથી મળ્યા.

7 નીતિનને ₹ 6400નો તથા પરેશને ₹ 3200નો માલ વેચ્યો.

9 પીયૂષ ઇલેક્ટ્રોનિક્સમાંથી ₹ 25,000નું લેપટોપ ખરીદ્યું, જે પેટે ₹ 5000 રોકડા ચૂકવ્યા.

જવાબ :

### કવિશના ચોપડામાં આમનોંધ

| તારીખ | વિગત | | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|---|
| 2016 | | | | | |
| માર્ચ 1 | રોકડ ખાતે | ઉ | | 39,000 | |
| | ફર્નિચર ખાતે | ઉ | | 7500 | |
| | તે મૂડી ખાતે | | | | 46,500 |
| | [બા.જે. : ધંધામાં જરૂર હોવાથી રોકડ તથા અંગત ફર્નિચર ધંધામાં લાવ્યા તેના.] | | | | |
| 2 | પાર્થ ખાતે | ઉ | | 8200 | |
| | મુંજ ખાતે | ઉ | | 3000 | |
| | તે રોકડ ખાતે | | | | 11,200 |
| | [બા.જે. : દેવાં પેટે રકમ ચૂકવી તેના.] | | | | |

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 5 | બૅન્ક ખાતે ઉ | | 7000 | |
| | વટાવ ખાતે ઉ | | 400 | |
| | તે માનસી ખાતે | | | 7400 |
| | [બા.જે. : માનસી પાસેથી લેણાં પેટે ચેક મળ્યો તેના.] | | | |
| 7 | નીતિન ખાતે ઉ | | 6400 | |
| | પરેશ ખાતે ઉ | | 3200 | |
| | તે વેચાણ ખાતે | | | 9600 |
| | [બા.જે. : નીતીન અને પરેશને માલ વેચ્યો તેના.] | | | |
| 9 | કમ્પ્યૂટર (લેપટોપ) ખાતે ઉ | | 25,000 | |
| | તે રોકડ ખાતે | | | 5000 |
| | તે પીયૂષ ઇલેક્ટ્રોનિક્સ ખાતે | | | 20,000 |
| | [બા.જે. : ₹ 25,000ની લેપટોપની ખરીદી કરી જે પેટે ₹ 5000 રોકડા ચૂકવ્યા તેના.] | | | |
| | **કુલ સરવાળો** | | **99,700** | **99,700** |

## કવિશની ખાતાવહી

### રોકડ ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2016 | | | | 2016 | | | |
| માર્ચ 1 | મૂડી ખાતે | | 39,000 | માર્ચ 2 | પાર્થ ખાતે | | 8200 |
| | | | | 2 | મુંજ ખાતે | | 3000 |
| | | | | 9 | કમ્પ્યૂટર ખાતે | | 5000 |

### ફર્નિચરનું ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2016 | | | | | | | |
| માર્ચ 1 | મૂડી ખાતે | | 7500 | | | | |

### મૂડી ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| | | | | 2016 | | | |
| | | | | માર્ચ 1 | રોકડ ખાતે | | 39,000 |
| | | | | 1 | ફર્નિચર ખાતે | | 7500 |

### પાર્થનું ખાતું

ઉધાર | જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2016<br>માર્ચ 2 | રોકડ ખાતે | | 8200 | | | | |

### મુંજનું ખાતું

ઉધાર | જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2016<br>માર્ચ 2 | રોકડ ખાતે | | 3000 | | | | |

### બૅન્કનું ખાતું

ઉધાર | જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2016<br>માર્ચ 5 | માનસી ખાતે | | 7000 | | | | |

### વટાવનું ખાતું

ઉધાર | જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2016<br>માર્ચ 5 | માનસી ખાતે | | 400 | | | | |

### માનસીનું ખાતું

ઉધાર | જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| | | | | 2016<br>માર્ચ 5<br>5 | <br>બૅન્ક ખાતે<br>વટાવ ખાતે | | <br>7000<br>400 |

### નીતિનનું ખાતું

ઉધાર | જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2016<br>માર્ચ 7 | વેચાણ ખાતે | | 6400 | | | | |

### પરેશનું ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2016 | | | | | | | |
| માર્ચ 7 | વેચાણ ખાતે | | 3200 | | | | |

### કમ્પ્યૂટર (લેપટોપ)નું ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2016 | | | | | | | |
| માર્ચ 9 | રોકડ ખાતે | | 5000 | | | | |
| 9 | પીયૂષ ઈલે. ખાતે | | 20,000 | | | | |

### પીયૂષ ઈલેક્ટ્રોનિક્સનું ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| | | | | 2016 | | | |
| | | | | માર્ચ 9 | કમ્પ્યૂટર ખાતે | | 20,000 |

### વેચાણનું ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| | | | | 2016 | | | |
| | | | | માર્ચ 7 | નીતિન ખાતે | | 6400 |
| | | | | 7 | પરેશ ખાતે | | 3200 |

**(B) પેટાનોંધમાંથી ખતવણી (Posting from subsidiary books) :** અગાઉના પ્રકરણમાં આપણે જુદી જુદી પેટાનોંધો વિશે વિગતવાર સમજૂતી મેળવી. હવે અહીં પેટાનોંધોની ખતવણીની પ્રક્રિયા આપણે સમજીશું. ખરીદનોંધ, વેચાણનોંધ, ખરીદપરત નોંધ, વેચાણપરત નોંધ વગેરે પેટાનોંધોમાંથી આપણે અહીં વેચાણનોંધનાં ઉદાહરણ દ્વારા ખતવણીની પ્રક્રિયા સમજીએ.

**ઉદાહરણ 3 :** નીચે આપેલા વ્યવહારો પરથી શ્રી અનુપની વેચાણનોંધ તૈયાર કરી તેની ખતવણી કરો.

તા. 1-5-2016ના રોજ ₹ 25,000નો માલ 10 % વેપારી વટાવે અંકુરાને વેચ્યો.

તા. 4-5-2016ના રોજ ₹ 6600નો માલ 25 ટકા નફો ચઢાવીને જિગરને વેચ્યો.

તા. 6-5-2016ના રોજ ₹ 7500નો માલ મૂળકિંમતે હીયાને વેચ્યો.

## શ્રી અનુપની વેચાણનોંધ

| તારીખ | વિગત | જાવક ભ.નં. | ખા.પા. | રકમ (₹) |
|---|---|---|---|---|
| 2016 | | | | |
| મે 1 | અંકુરા ખાતે | | | 22,500 |
| 4 | જિગર ખાતે | | | 8250 |
| 6 | હીયા ખાતે | | | 7500 |
| | **કુલ** | | | **38,250** |

## શ્રી અનુપની ખાતાવહી

### વેચાણ ખાતું

ઉધાર | જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| | | | | 2016<br>મે 6 | પરચૂરણ દેવાદારો ખાતે (વેચાણનોંધ મુજબ કુલ રકમ) | | 38,250 |

### અંકુરાનું ખાતું

ઉધાર | જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2016<br>મે 1 | વેચાણ ખાતે (વેચાણનોંધ મુજબ) | | 22,500 | | | | |

### જિગરનું ખાતું

ઉધાર | જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2016<br>મે 4 | વેચાણ ખાતે (વેચાણનોંધ મુજબ) | | 8250 | | | | |

### હીયાનું ખાતું

ઉધાર | જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2016<br>મે 6 | વેચાણ ખાતે (વેચાણનોંધ મુજબ) | | 7500 | | | | |

**સમજૂતી :** (1) સૌપ્રથમ ખાતાવહીમાં વેચાણ ખાતું તથા વેચાણનોંધમાં દર્શાવેલ દરેક ગ્રાહકનાં ખાતા ખોલવામાં આવે છે. (2) વેચાણ ખાતામાં જમા બાજુ વિગતમાં પરચૂરણ દેવાદારો ખાતે લખાશે. વેચાણ ઊપજ છે તેથી જમા તરીકે દર્શાવાશે. જ્યારે દરેક ગ્રાહકનાં ખાતામાં ઉધાર બાજુ વેચાણ ખાતે લખવામાં આવે છે. (3) વેચાણનોંધમાં દર્શાવેલ તારીખ મુજબ દરેક ગ્રાહકના ખાતામાં તે જ તારીખ લખવામાં આવે છે. (4) વેચાણનોંધમાં દરેક ગ્રાહકનાં નામ સામે જે રકમ નોંધાયેલ છે તે રકમ ગ્રાહકના ખાતે રકમના ખાનામાં દર્શાવવામાં આવે છે. જ્યારે વેચાણ ખાતે રકમના ખાનાંમાં વેચાણનોંધની રકમનાં ખાનાંની રકમનો કુલ સરવાળો દર્શાવવામાં આવે છે.

**ઉદાહરણ 4 :** નીચે આપેલા વ્યવહારોને આધારે હિતેષી ટ્રેડિંગ કંપનીની પેટાનોંધો તૈયાર કરી તેની ખતવણી કરો :

2016

જાન્યુ. 1 ₹ 7000નો માલ 15 % વેપારીવટાવે નિસર્ગ પાસેથી ખરીદ્યો.

2 ₹ 3500નો માલ 10 % વેપારીવટાવે જય પાસેથી ખરીદ્યો.

4 કૃતિને ₹ 10,500નો માલ 10 % વેપારીવટાવે વેચ્યો.

5 દેવામીને ₹ 7000નો માલ 20 % નફો ચઢાવીને વેચ્યો.

7 નિસર્ગને ₹ 900નો માલ પરત કર્યો.

8 પ્રણવને ₹ 600નો માલ પરત કર્યો.

10 દેવામીએ ₹ 2000નો માલ પરત કર્યો.

11 પાવને ₹ 1200નો માલ પરત કર્યો.

**હિતેષી ટ્રેડિંગ કંપનીની પેટાનોંધો**

**ખરીદ નોંધ**

| તારીખ | વેપારીનું નામ | આવક ભ.નં. | ખા.પા. નં. | રકમ (₹) |
|---|---|---|---|---|
| 2016 | | | | |
| જાન્યુ. 1 | નિસર્ગ ખાતે | | | 5950 |
| 2 | જય ખાતે | | | 3150 |
| | **કુલ** | | | **9100** |

**વેચાણ નોંધ**

| તારીખ | ગ્રાહકનું નામ | જાવક ભ.નં. | ખા.પા. નં. | રકમ (₹) |
|---|---|---|---|---|
| 2016 | | | | |
| જાન્યુ. 4 | કૃતિ ખાતે | | | 9450 |
| 5 | દેવામી ખાતે | | | 8400 |
| | **કુલ** | | | **17,850** |

**ખરીદમાલપરત નોંધ**

| તારીખ | વેપારીનું નામ | ઉધારચિઠ્ઠી નં. | ખા.પા. નં. | રકમ (₹) |
|---|---|---|---|---|
| 2016 | | | | |
| જાન્યુ. 7 | નિસર્ગ ખાતે | | | 900 |
| 8 | પ્રણવ ખાતે | | | 600 |
| | **કુલ** | | | **1500** |

**વેચાણ માલપરત નોંધ**

| તારીખ | ગ્રાહકનું નામ | જમાચિઠ્ઠી નં. | ખા.પા. નં. | રકમ (₹) |
|---|---|---|---|---|
| 2016 | | | | |
| જાન્યુ. 10 | દેવામી ખાતે | | | 2000 |
| 11 | પાવન ખાતે | | | 1200 |
| | **કુલ** | | | **3200** |

**હિતેષીની ખાતાવહી**

**ખરીદ ખાતું**

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2016 | | | | | | | |
| જાન્યુ. 11 | પરચૂરણ લેણદારો ખાતે (ખરીદનોંધ મુજબ) | | 9100 | | | | |

**નિસર્ગનું ખાતું**

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2016 | | | | 2016 | | | |
| જાન્યુ. 7 | ખરીદમાલપરત ખાતે (ખરીદમાલ પરત નોંધ મુજબ) | | 900 | જાન્યુ. 1 | ખરીદ ખાતે (ખરીદનોંધ મુજબ) | | 5950 |

**જયનું ખાતું**

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| | | | | 2016 | | | |
| | | | | જાન્યુ. 2 | ખરીદ ખાતે (ખરીદનોંધ મુજબ) | | 3150 |

### વેચાણ ખાતું

ઉધાર | જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| | | | | 2016 જાન્યુ. 11 | પરચૂરણ દેવાદારો ખાતે (વેચાણનોંધ મુજબ) | | 17,850 |

### કૃતિનું ખાતું

ઉધાર | જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2016 જાન્યુ. 4 | વેચાણ ખાતે (વેચાણનોંધ મુજબ) | | 9450 | | | | |

### દેવામીનું ખાતું

ઉધાર | જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2016 જાન્યુ. 5 | વેચાણ ખાતે (વેચાણનોંધ મુજબ) | | 8400 | 2016 જાન્યુ. 10 | વેચાણમાલપરત ખાતે (વેચાણમાલપરત નોંધ મુજબ) | | 2000 |

### ખરીદમાલપરતનું ખાતું

ઉધાર | જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| | | | | 2016 જાન્યુ. 11 | પરચૂરણ લેણદારો ખાતે (ખરીદપરતનોંધ મુજબ) | | 1500 |

### પ્રણવનું ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2016 જાન્યુ. 8 | ખરીદમાલપરત ખાતે (ખરીદમાલપરત નોંધ મુજબ) | | 600 | | | | |

### વેચાણમાલપરતનું ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2016 જાન્યુ. 11 | પરચૂરણ દેવાદારો ખાતે (વેચાણમાલપરત નોંધ મુજબ) | | 3200 | | | | |

### પાવનનું ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| | | | | 2016 જાન્યુ. 11 | વેચાણમાલપરત ખાતે (વેચાણમાલપરત નોંધ મુજબ) | | 1200 |

**ખાનાંવાળી પેટાનોંધની ખતવણી :** મોટા વેપારીઓ ધંધાની જરૂરિયાત પ્રમાણે ખાનાંવાળી પેટાનોંધો પણ રાખી શકે છે. ખાનાંવાળી પેટાનોંધના બે પ્રકારો છે : (1) માલના પ્રકાર પ્રમાણેની ખાનાંવાળી ખરીદનોંધ અને વેચાણનોંધ (2) માલ અને ખર્ચનાં ખાનાંવાળી ખરીદનોંધ અને વેચાણનોંધ. આ અંગે પ્રકરણ 5 માં આપણે વિગતવાર અભ્યાસ કર્યો.

આ પ્રકારની પેટાનોંધની ખતવણી સમજવા આપણે ફરીથી ખાનાંવાળી વેચાણનોંધનું ઉદાહરણ લઈને સમજીશું :

**(1) માલના પ્રકાર પ્રમાણે :**

**ઉદાહરણ 5 :** આમિર ગારમેન્ટ્સમાં નીચે આપેલ વ્યવહારો પરથી તેની ખાનાંવાળી વેચાણનોંધ તૈયાર કરી ખાતાવહીમાં જરૂરી ખતવણી કરો :

(1) ફરહિન ગારમેન્ટ્સને કોટન પેન્ટ નંગ 50 દરેક ₹ 300 લેખે, જીન્સ પેન્ટ નંગ 30 દરેક ₹ 400 લેખે વેચ્યાં. જાવક ભરતિયા નંબર 121.

(2) જાહ્નવી ફૅશનને જીન્સ પેન્ટ નંગ 40 દરેક ₹ 400 લેખે, ટેરીકોટન પેન્ટ નંગ 30 દરેક ₹ 250 લેખે વેચ્યાં. જાવક ભરતિયા નંબર 122.

(3) પ્રણવ રેડિમેડને કોટન પેન્ટ નંગ 30 દરેક ₹ 300 લેખે, જીન્સ પેન્ટ નંગ 50 દરેક ₹ 400 લેખે અને ટેરીકોટન પેન્ટ નંગ 20 દરેક ₹ 250 લેખે વેચ્યાં. જાવક ભરતિયા નંબર 123.

જવાબ : **આમિર ગારમેન્ટ્સની ખાનાંવાળી વેચાણનોંધ**

| તારીખ | ગ્રાહકનું નામ | જાવક ભરતિયા નં. | ખા. પા. | રકમ (₹) કોટન પેન્ટ | જીન્સ પેન્ટ | ટેરીકોટન પેન્ટ | કુલ રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ફરહિન ગારમેન્ટ્સ ખાતે | 121 | | 15,000 | 12,000 | – | 27,000 |
| 2 | જાહ્નવી ફૅશન ખાતે | 122 | | – | 16,000 | 7500 | 23,500 |
| 3 | પ્રણવ રેડિમેડ ખાતે | 123 | | 9000 | 20,000 | 5000 | 34,000 |
| | કુલ | | | **24,000** | **48,000** | **12,500** | **84,500** |

**આમિર ગારમેન્ટ્સની ખાતાવહી**

ઉધાર **વેચાણ ખાતું** જમા

| તારીખ | વિગત | ખા. પા. | રકમ (₹) કોટન પૅન્ટ | જીન્સ પૅન્ટ | ટેરીકોટન પૅન્ટ | રકમ (₹) | તારીખ | વિગત | ખા. પા. | રકમ (₹) કોટન પેન્ટ | જીન્સ પેન્ટ | ટેરીકોટન પેન્ટ | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | 3 | પરચૂરણ દેવાદારો ખાતે (વેચાણ નોંધ મુજબ) | | 24,000 | 48,000 | 12,500 | 84,500 |

**ફરહિન ગારમેન્ટ્સનું ખાતું**

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 1 | વેચાણ ખાતે (વેચાણનોંધ મુજબ કોટન પેન્ટ) | | 15,000 | | | | |
| 1 | વેચાણ ખાતે (વેચાણનોંધ મુજબ જીન્સ પેન્ટ) | | 12,000 | | | | |

**જાહ્નવી ફૅશનનું ખાતું**

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2 | વેચાણ ખાતે (વેચાણનોંધ મુજબ – જીન્સ પેન્ટ) | | 16,000 | | | | |
| 2 | વેચાણ ખાતે (વેચાણનોંધ મુજબ – ટેરીકોટન પેન્ટ) | | 7500 | | | | |

### પ્રણવ રેડિમેડનું ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 3 | વેચાણ ખાતે (વેચાણનોંધ મુજબ – કોટન પેન્ટ) | | 9000 | | | | |
| 3 | વેચાણ ખાતે (વેચાણનોંધ મુજબ – જીન્સ પેન્ટ) | | 20,000 | | | | |
| 3 | વેચાણ ખાતે (વેચાણનોંધ મુજબ – ટેરીકોટન પેન્ટ) | | 5000 | | | | |

**નોંધ :** ખાનાંવાળી પેટાનોંધ પરથી ખાતા તૈયાર કરતી વખતે વેચાણ ખાતે વસ્તુઓના પ્રકાર પ્રમાણે ખાનાં પાડવામાં આવે છે, જ્યારે વ્યક્તિના ખાતામાં (ગ્રાહકના ખાતામાં) વસ્તુઓના પ્રકાર પ્રમાણે અલગ અલગ ખતવણી કરવામાં આવે છે.

**(2) ખર્ચ પ્રમાણે ખાનાંવાળી વેચાણનોંધ :**

**ઉદાહરણ 6 :** ચેતનની નીચેની વિગતો પરથી ખાનાંવાળી વેચાણનોંધ તૈયાર કરો અને તેની ખતવણી કરો :

(1) પ્રખરને ₹ 8000નો માલ 10 % નફો ચઢાવીને વેચ્યો. મજૂરીના ₹ 480 તથા પૅકિંગ-ખર્ચ ₹ 220 સહિતનું ભરતિયું મોકલ્યું. જાવક ભરતિયા નંબર 301, તા. 8-6-2015.

(2) બિરજુને ₹ 5400નો માલ વેચ્યો. મજૂરીના ₹ 140 તથા રેલવેનૂરના ₹ 100 સહિતનું ભરતિયું મોકલી આપ્યું. જાવક ભરતિયા નંબર 302, તા. 9-6-2015

(3) મિહિરને ₹ 12,000નો માલ 12 % નફા સાથે વેચ્યો. મજૂરીના ₹ 720, પૅકિંગ ખર્ચના ₹ 300 તથા રેલવેનૂરના ₹ 200 સહિતનું ભરતિયું મોકલી આપવામાં આવ્યું. જાવક ભરતિયા નંબર 303, તા. 10-6-2015.

જવાબ : **ચેતનની ખાનાંવાળી વેચાણનોંધ (ખર્ચ પ્રમાણે)**

| તારીખ | ગ્રાહકનું નામ | જાવક ભરતિયા નં. | ખા. પા. | રકમ (₹) | | | | કુલ રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | માલની કિંમત | મજૂરી | પૅકિંગ ખર્ચ | રેલવે નૂર | |
| 8-6-15 | પ્રખર ખાતે | 301 | | 8800 | 480 | 220 | – | 9500 |
| 9-6-15 | બિરજુ ખાતે | 302 | | 5400 | 140 | – | 100 | 5640 |
| 10-6-15 | મિહિર ખાતે | 303 | | 13,440 | 720 | 300 | 200 | 14,660 |
| | **કુલ** | | | **27,640** | **1340** | **520** | **300** | **29,800** |

## ચેતનની ખાતાવહી

### વેચાણ ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| | | | | 10-6-15 | પરચૂરણ દેવાદારો ખાતે (ખાનાંવાળી વેચાણનોંધ મુજબ) | | 27,640 |

### મજૂરી ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| | | | | 10-6-15 | પરચૂરણ દેવાદારો ખાતે (ખાનાંવાળી વેચાણનોંધ મુજબ) | | 1340 |

### પૅકિંગ-ખર્ચ ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| | | | | 10-6-15 | પરચૂરણ દેવાદારો ખાતે (ખાનાંવાળી વેચાણનોંધ મુજબ) | | 520 |

### રેલવેનૂર ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| | | | | 10-6-15 | પરચૂરણ દેવાદારો ખાતે (ખાનાંવાળી વેચાણનોંધ મુજબ) | | 300 |

### પ્રખરનું ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 8-6-15 | વેચાણ ખાતે (ખાનાંવાળી વેચાણનોંધ મુજબ) | | 8800 | | | | |
| | મજૂરી ખાતે | | 480 | | | | |
| | પૅકિંગ-ખર્ચ ખાતે | | 220 | | | | |

### બિરજુનું ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 9-6-15 | વેચાણ ખાતે (ખાનાંવાળી વેચાણનોંધ મુજબ) | | 5400 | | | | |
| | મજૂરી ખાતે | | 140 | | | | |
| | રેલવેનૂર ખાતે | | 100 | | | | |

### મિહિરનું ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 10-6-15 | વેચાણ ખાતે (ખાનાંવાળી વેચાણનોંધ મુજબ) | | 13,440 | | | | |
| | મજૂરી ખાતે | | 720 | | | | |
| | પૅકિંગ-ખર્ચ ખાતે | | 300 | | | | |
| | રેલવેનૂર ખાતે | | 200 | | | | |

ધંધાના જુદા જુદા વ્યવહારો પરથી વિવિધ પેટાનોંધો તૈયાર કરી તેની ખતવણી કેવી રીતે કરવી તે અંગે આપણે નીચેના ઉદાહરણ દ્વારા સમજીએ.

**ઉદાહરણ 7 :** નીચેના વ્યવહારો પરથી ભાવનગરના પ્રજ્ઞા ટ્રેડર્સના ચોપડે 18 % વસેકની અસરો સાથેની વિવિધ પેટાનોંધો તૈયાર કરી તેની આમનોંધો લખી તેની ખતવણી કરો. નીચેના વ્યવહારોની રકમમાં વસેકનો સમાવેશ થયેલ નથી. લાગુ પડતા વસેકની રકમ ઉમેરીને પેટાનોંધો તૈયાર કરી તેની આમનોંધો લખી તેની ખતવણી કરો :

2019

એપ્રિલ 2 ₹ 30,000નો માલ અમદાવાદના પારુલ ટ્રેડર્સ પાસેથી 10 % વેપારીવટાવે ખરીદ્યો. રેલવેનૂરના ₹ 1200 થયા. ભરતિયા નંબર 101.

3 ₹ 24,000નો માલ બૅંગલુરૂ (કર્ણાટક)ના યોગેશ ટ્રેડર્સ પાસેથી ખરીદ્યો. રેલવેનૂર ₹ 800 અને મજૂરીના ₹ 150 થયા. ભરતિયા નંબર 102.

4 ₹ 18,000નો માલ ગાંધીનગરના રાધા કૉર્પોરેશનને 10 % વેપારીવટાવે વેચ્યો. મજૂરીના ₹ 100 અને રેલવેનૂરના ₹ 500 થયા. ભરતિયા નંબર 501.

6 યોગેશ ટ્રેડર્સ પાસેથી ખરીદેલ બધો જ માલ મૂળ કિંમત પર 25 % નફો ચઢાવીને સુરતના શાલિમાર ટ્રેડર્સને 2 માસની શાખ પર વેચી દીધો. રેલવેનૂરના ₹ 600 અને મજૂરીના ₹ 200 થયા. ભરતિયા નંબર 502.

8 રાધા કૉર્પોરેશને ₹ 4000 નો માલ પરત કર્યો અને તેને રેલવેનૂરના ₹ 150 અને મજૂરીના ₹ 50 મજરે આપ્યા. જમાચિઠ્ઠી નં. 11.

10 ₹ 30,000નો માલ જયપુર (રાજસ્થાન)ના રક્ષા ટ્રેડર્સને 10 % વેપારી વટાવે વેચ્યો. મજૂરીના ₹ 150 અને રેલવેનૂરના ₹ 600 થયા. ભરતિયા નંબર 503.

16 શાલિમાર ટ્રેડર્સે 50 % માલ પરત કર્યો. તેમને રેલવેનૂરના ₹ 150 અને મજૂરી પેટે ₹ 50 મજરે આપ્યા. જમાચિઠ્ઠી નંબર 12.

30 શાલિમાર ટ્રેડર્સે પરત કરેલ માલ યોગેશ ટ્રેડર્સને મોકલી આપ્યો. યોગેશ ટ્રેડર્સ પાસેથી રેલવેનૂર પેટે ₹ 120 અને મજૂરી પેટે ₹ 30 મજરે મળશે. ઉધારચિઠ્ઠી નં. 32.

જવાબ :

**પ્રજ્ઞા ટ્રેડર્સના ચોપડે**

**ખરીદનોંધ**

| તારીખ | વેપારીનું નામ | આ. ભ. નં. | ખા. પા. નં. | રકમ (₹) માલની ચોખ્ખી રકમ | રેલવે નૂર | મજૂરી | અંતરરાજ્ય પૂર્તિ આવકપૂર્તિ કેન્દ્રીય વસેક | આવકપૂર્તિ રાજ્ય વસેક | આંતરરાજ્ય પૂર્તિ આવકપૂર્તિ સંકલિત વસેક | કુલ રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 2-4-19 | પારુલ ટ્રેડર્સ ખાતે | 101 | | 27,000 | 1200 | – | 2538 | 2538 | – | 33,276 |
| 3-4-19 | યોગેશ ટ્રેડર્સ ખાતે | 102 | | 24,000 | 800 | 150 | – | – | 4491 | 29,441 |
| | **કુલ** | | | **51,000** | **2000** | **150** | **2538** | **2538** | **4491** | **62,717** |

**વેચાણનોંધ**

| તારીખ | ગ્રાહકનું નામ | જા. ભ. નં. | ખા. પા. નં. | રકમ (₹) માલની ચોખ્ખી રકમ | રેલવે નૂર | મજૂરી | અંતરરાજ્ય પૂર્તિ જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક | જાવકપૂર્તિ રાજ્ય વસેક | આંતરરાજ્ય પૂર્તિ જાવકપૂર્તિ સંકલિત વસેક | કુલ રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 4-4-19 | રાધા કૉર્પોરેશન ખાતે | 501 | | 16,200 | 500 | 100 | 1512 | 1512 | – | 19,824 |
| 6-4-19 | શાલિમાર ટ્રેડર્સ ખાતે | 502 | | 30,000 | 600 | 200 | 2772 | 2772 | – | 36,344 |
| 10-4-19 | રક્ષા ટ્રેડર્સ ખાતે | 503 | | 27,000 | 600 | 150 | – | – | 4995 | 32,745 |
| | **કુલ** | | | **73,200** | **1700** | **450** | **4284** | **4284** | **4995** | **88,913** |

**ખરીદમાલપરત નોંધ**

| તારીખ | વેપારીનું નામ | ઉ. ચિ. નં. | ખા. પા. નં. | રકમ (₹) માલની ચોખ્ખી રકમ | રેલવે નૂર | મજૂરી | અંતરરાજ્ય પૂર્તિ આવકપૂર્તિ કેન્દ્રીય વસેક | આવકપૂર્તિ રાજ્ય વસેક | આંતરરાજ્ય પૂર્તિ આવકપૂર્તિ સંકલિત વસેક | કુલ રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 30-4-19 | યોગેશ ટ્રેડર્સ ખાતે | 32 | | 12,000 | 120 | 30 | – | – | 2187 | 14,337 |
| | **કુલ** | | | **12,000** | **120** | **30** | **–** | **–** | **2187** | **14,337** |

**વેચાણમાલપરત નોંધ**

| તારીખ | ગ્રાહકનું નામ | જ. ચિ. નં. | ખા. પા. નં. | રકમ (₹) માલની ચોખ્ખી રકમ | રેલવે નૂર | મજૂરી | અંતરરાજ્ય પૂર્તિ જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક | જાવકપૂર્તિ રાજ્ય વસેક | આંતરરાજ્ય પૂર્તિ જાવકપૂર્તિ સંકલિત વસેક | કુલ રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 8-4-19 | રાધા કૉર્પોરેશન ખાતે | 11 | | 4000 | 150 | 50 | 378 | 378 | – | 4956 |
| 16-4-19 | શાલિમાર ટ્રેડર્સ ખાતે | 12 | | 15,000 | 150 | 50 | 1368 | 1368 | – | 17,936 |
| | **કુલ** | | | **19,000** | **300** | **100** | **1746** | **1746** | **–** | **22,892** |

**પ્રજ્ઞા ટ્રેડર્સના ચોપડામાં આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 2019 | | | | |
| એપ્રિલ, 2 | ખરીદ ખાતે ઉ | | 27,000 | |
| | રેલવેનૂર ખાતે ઉ | | 1200 | |
| | આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે ઉ | | 2538 | |
| | આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે ઉ | | 2538 | |
| | તે પારુલ ટ્રેડર્સ ખાતે | | | 33,276 |
| | [બા.જે. : અમદાવાદના પારુલ ટ્રેડર્સ પાસેથી 10 % વેપારી વટાવે માલ ખરીદ્યો અને રેલવેનૂરના ₹ 1200 થયા. તેના પર વસેક 18 % લેખે નોંધ કરી તેના.] | | | |
| 3 | ખરીદ ખાતે ઉ | | 24,000 | |
| | રેલવેનૂર ખાતે ઉ | | 800 | |
| | મજૂરી ખાતે ઉ | | 150 | |
| | આવકપૂર્તિ સંકલિત વસેક ખાતે ઉ | | 4491 | |
| | તે યોગેશ ટ્રેડર્સ ખાતે | | | 29,441 |
| | [બા.જે. : બેંગાલુરુના યોગેશ ટ્રેડર્સ પાસેથી માલ ખરીદ્યો અને રેલવેનૂરના ₹ 800 થયા તથા મજૂરીના ₹ 150 થયા અને તેના પર વસેક 18 % લેખે નોંધ કરી તેના.] | | | |
| 4 | રાધા કોર્પોરેશન ખાતે ઉ | | 19,824 | |
| | તે વેચાણ ખાતે | | | 16,200 |
| | તે રેલવેનૂર ખાતે | | | 500 |
| | તે મજૂરી ખાતે | | | 100 |
| | તે જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે | | | 1512 |
| | તે જાવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે | | | 1512 |
| | [બા.જે. : ગાંધીનગરના રાધા કૉર્પોરેશનને ₹ 18,000 નો માલ 10 % વેપારીવટાવે વેચ્યો અને રેલવેનૂરના ₹ 500, મજૂરી ₹ 100 અને વસેકના 18 % લેખે નોંધ કરી તેના.] | | | |

| તારીખ | વિગત | | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|---|
| 6 | શાલિમાર ટ્રેડર્સ ખાતે | ઉ | | 36,344 | |
| | તે વેચાણ ખાતે | | | | 30,000 |
| | તે રેલવેનૂર ખાતે | | | | 600 |
| | તે મજૂરી ખાતે | | | | 200 |
| | તે જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે | | | | 2772 |
| | તે જાવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે | | | | 2772 |
| | [બા.જે. : શાલિમાર ટ્રેડર્સને ₹ 24,000 ના માલ પર 25 % નફો ચઢાવીને વેચ્યો અને રેલવેનૂર ₹ 600, મજૂરીના ₹ 200 થયા અને 18 % લેખે વસેકની નોંધ કરી તેના.] | | | | |
| 8 | વેચાણ માલપરત ખાતે | ઉ | | 4000 | |
| | રેલવેનૂર ખાતે | ઉ | | 150 | |
| | મજૂરી ખાતે | ઉ | | 50 | |
| | જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે | ઉ | | 378 | |
| | જાવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે | ઉ | | 378 | |
| | તે રાધા કૉર્પોરેશન ખાતે | | | | 4956 |
| | [બા.જે. : રાધા કૉર્પોરેશને ₹ 4000 નો માલ પરત કર્યો અને રેલવેનૂર ₹ 150, મજૂરીના ₹ 50 મજરે આપ્યા અને 18 % લેખે વસેકની નોંધ કરી તેના.] | | | | |
| 10 | રક્ષા ટ્રેડર્સ ખાતે | ઉ | | 32,745 | |
| | તે રેલવેનૂર ખાતે | | | | 600 |
| | તે મજૂરી ખાતે | | | | 150 |
| | તે વેચાણ ખાતે | | | | 27,000 |
| | તે જાવકપૂર્તિ સંકલિત વસેક ખાતે | | | | 4995 |
| | [બા.જે. : જયપુરના રક્ષા ટ્રેડર્સને 10 % વેપારીવટાવે માલ વેચ્યો અને મજૂરીના ₹ 150, રેલવેનૂરના ₹ 600 તથા 18 % લેખે વસેકની નોંધ કરી તેના.] | | | | |
| 16 | વેચાણ માલપરત ખાતે | ઉ | | 15,000 | |
| | રેલવેનૂર ખાતે | ઉ | | 150 | |
| | મજૂરી ખાતે | ઉ | | 50 | |
| | જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે | ઉ | | 1368 | |
| | જાવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે | ઉ | | 1368 | |
| | તે શાલિમાર ટ્રેડર્સ ખાતે | | | | 17,936 |
| | [બા.જે. : શાલિમાર ટ્રેડર્સને વેચેલ માલ પૈકી 50 % માલ પરત કર્યો તથા રેલવેનૂરના ₹ 150, મજૂરીના ₹ 50 મજરે આપ્યા તથા 18 % લેખે વસેકની નોંધ કરી તેના.] | | | | |

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 30 | યોગેશ ટ્રેડર્સ ખાતે ઉ | | 14,337 | |
| | તે રેલવેનૂર ખાતે | | | 120 |
| | તે મજૂરી ખાતે | | | 30 |
| | તે ખરીદ માલપરત ખાતે | | | 12,000 |
| | તે આવકપૂર્તિ સંકલિત વસેક ખાતે | | | 2187 |
| | [બા.જે. : શાલિમાર ટ્રેડર્સે પરત કરેલ માલ નફો બાદ કરીને ₹ 12,000 ની ખરીદેલ કિંમતે યોગેશ ટ્રેડર્સને માલ પરત કર્યો અને રેલવેનૂરના ₹ 120, મજૂરીના ₹ 30 મજરે લીધા તથા 18 % લેખે વસેકની નોંધ કરી તેના.] | | | |

## પ્રજ્ઞા ટ્રેડર્સની ખાતાવહી

### ખરીદ ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 30-4-19 | પરચૂરણ લેણદારો ખાતે (ખાનાંવાળી ખરીદનોંધ મુજબ) | | 51,000 | | | | |

### વેચાણ ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| | | | | 30-4-19 | પરચૂરણ દેવાદારો ખાતે (ખાનાંવાળી વેચાણનોંધ મુજબ) | | 73,200 |

### ખરીદમાલપરત ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| | | | | 30-4-19 | પરચૂરણ લેણદારો ખાતે (ખાનાંવાળી ખરીદપરત નોંધ મુજબ) | | 12,000 |

## વેચાણમાલપરત ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 30-4-19 | પરચૂરણ દેવાદારો ખાતે (ખાનાંવાળી વેચાણમાલપરત નોંધ મુજબ) | | 19,000 | | | | |

## પારુલ ટ્રેડર્સ ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| | | | | 2-4-19 | ખરીદ ખાતે (ખરીદનોંધ મુજબ) | | 27,000 |
| | | | | 2-4-19 | રેલવેનૂર ખાતે | | 1200 |
| | | | | 2-4-19 | આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે | | 2538 |
| | | | | 2-4-19 | આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે | | 2538 |

## યોગેશ ટ્રેડર્સ ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 30-4-19 | ખરીદમાલપરત ખાતે (ખરીદમાલપરત નોંધ મુજબ) | | 12,000 | 3-4-19 | ખરીદ ખાતે (ખરીદનોંધ મુજબ) | | 24,000 |
| 30-4-19 | રેલવેનૂર ખાતે | | 120 | 3-4-19 | રેલવેનૂર ખાતે | | 800 |
| 30-4-19 | મજૂરી ખાતે | | 30 | 3-4-19 | મજૂરી ખાતે | | 150 |
| 30-4-19 | આવકપૂર્તિ સંકલિત વસેક ખાતે | | 2187 | 3-4-19 | આવકપૂર્તિ સંકલિત વસેક ખાતે | | 4491 |

## રાધા કૉર્પોરેશનનું ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 4-4-19 | વેચાણ ખાતે (વેચાણનોંધ મુજબ) | | 16,200 | 8-4-19 | વેચાણમાલપરત ખાતે (વેચાણમાલપરત નોંધ મુજબ) | | 4000 |
| 4-4-19 | રેલવેનૂર ખાતે | | 500 | 8-4-19 | રેલવેનૂર ખાતે | | 150 |
| 4-4-19 | મજૂરી ખાતે | | 100 | 8-4-19 | મજૂરી ખાતે | | 50 |
| 4-4-19 | જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે | | 1512 | 8-4-19 | જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે | | 378 |
| 4-4-19 | જાવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે | | 1512 | 8-4-19 | જાવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે | | 378 |

### શાલિમાર ટ્રેડર્સનું ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 6-4-19 | વેચાણ ખાતે (વેચાણનોંધ મુજબ) | | 30,000 | 16-4-19 | વેચાણમાલપરત ખાતે (વેચાણમાલપરત નોંધ મુજબ) | | 15,000 |
| 6-4-19 | રેલવેનૂર ખાતે | | 600 | 16-4-19 | રેલવેનૂર ખાતે | | 150 |
| 6-4-19 | મજૂરી ખાતે | | 200 | 16-4-19 | મજૂરી ખાતે | | 50 |
| 6-4-19 | જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે | | 2772 | 16-4-19 | જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે | | 1368 |
| 6-4-19 | જાવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે | | 2772 | 16-4-19 | જાવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે | | 1368 |

### રક્ષા ટ્રેડર્સનું ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 10-4-19 | વેચાણ ખાતે (વેચાણનોંધ મુજબ) | | 27,000 | | | | |
| 10-4-19 | રેલવેનૂર ખાતે | | 600 | | | | |
| 10-4-19 | મજૂરી ખાતે | | 150 | | | | |
| 10-4-19 | જાવકપૂર્તિ સંકલિત વસેક ખાતે | | 4995 | | | | |

### આવકપૂર્તિ કેન્દ્રીય વસેકનું ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 30-4-19 | પરચૂરણ લેણદારો ખાતે (ખરીદનોંધ મુજબ) | | 2538 | | | | |

### આવકપૂર્તિ રાજ્ય વસેકનું ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 30-4-19 | પરચૂરણ લેણદારો ખાતે (ખરીદનોંધ મુજબ) | | 2538 | | | | |

### આવકપૂર્તિ સંકલિત વસેકનું ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 30-4-19 | પરચૂરણ લેણદારો ખાતે (ખરીદનોંધ મુજબ) | | 4491 | 30-4-19 | પરચૂરણ લેણદારો ખાતે (ખરીદમાલ પરતનોંધ મુજબ) | | 2187 |